MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
ભરૂચ ઓફિસ
૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । શનિવાર । તા. ૨૫-૦૪-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 અમેરિકા ફરી WHOમાં સામેલ નહીં થાય જરૂર પડે નવું સંગઠન બનાવશેઃ પોમ્પિયો

3 અમેરિકામાં ૨૪ કલાકમાં રેકોર્ડબ્રેક ૩૧૭૬ કોરોના સંક્રમિતોના મોત

7 મે મહિનામાં લોકડાઉન થોડી ઢીલ સાથે યથાવત રહેવાની શક્યતા

12 લોકડાઉન દરમિયાન નર્મદા પોલીસ દ્વારા ડ્રોન તેમજ સર્વેલન્સ વડે દેશી દારૂની ભઠ્ઠીઓ પર પણ તવાઈ

પંચાયતી રાજ દિવસ પર પીએમ મોદીએ સરપંચો સાથે યોજી વિડિયો કોન્ફરન્સ

કોરોનાનો બોધપાઠ એ છે કે આપણે આત્મનિર્ભર બનવું જ પડશેઃ મોદી

ન્યુ દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ૨૪ એપ્રિલના રોજ કોરોના લોકડાઉનની વચ્ચે રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસના પ્રસંગે દેશના વિવિધ સરપંચોની સાથે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા લગભગ દોઢ કલાક ચર્ચા કરી હતી. કોરોનાએ કામ કરવાની પધ્ધતિ બદલી નાંખી હોવાનું તારણ કાઢીને મોદીએ કહ્યું કે કોરોનાવાઈરસે આપણી સમક્ષ ઘણી મુશ્કેલીઓ સર્જી છે. મહામારીએ એ ભારતને બોધપાઠ આપ્યો છે કે આપણાં દેશને હવે આત્મનિર્ભર બનવું જ પડશે. બે ફુટનું અંતર રાખીને તમે ગ્રામ્ય વિસ્તારના લોકોએ વિશ્વને આ મહામારી બીમારી સામે લડવાનો મંત્ર આપ્યો છે. તેની સાથે જ વડાપ્રધાને ઈ-સ્વરાજ અને ઈ-ગ્રામ સ્વરાજ એપ પણ આજે લોન્ચ કરી હતી. આ એપમાં પંચાયત સાથે જોડાયેલી તમામ માહિતીઓ ઉપલબ્ધ હશે.



● ૧.૨૫ લાખથી વધુ પંચાયતો સુધી બોડબેન્ડ કનેક્શન પહોંચ્યું,વડાપ્રધાને ઈ-સ્વરાજ અને ઈ-ગ્રામ સ્વરાજ એપ પણ લોન્ચ કરી
● બે ફુટનું અંતર જાળવીને તમે વિશ્વને મહામારી સામે લડવાનો સરળ મંત્ર આપ્યોઃ મોદી

વડાપ્રધાન મોદીએ આજે યોજેલી વિડિયો કોન્ફરન્સના સંબોધન પર નજર નાંખીએ તેમાંથી ૪ મુખ્ય વાતો હોવાનું માલુમ પડે છે. જેમાં, કોરોનાએ કામ કરવાની રીત બદલી નાંખી છે. આજે જેમને સન્માન મળ્યું છે. વેબસાઈટ પર જઈને તેમની માહિતી પ્રાપ્ત કરો. કોરોનાએ આપણી કામ કરવાની રીતને બદલી છે. આ કારણે આ કાર્યક્રમ વીડિયો કોન્ફોરન્સિંગ દ્વારા કરવામાં આવી રહ્યો છે. આ મહામારીએ આપણને નવો સં[illegible] પણ આપ્યો છે. હવે આપણે આત્મનિર્ભર બનવું જ પડશે. તેના વગર આ સંકટનો સામનો કરવો મુશ્કેલ છે. પંચાયત, જિલ્લા અને રાજ્ય આત્મનિર્ભર બને, જેથી પોતાની જરૂરિયાત માટે

અનુસંધાન પાના નં. ૬

જ્યારે પીએમ મોદીએ પંચાયતી રાજ મંત્રી તોમરને પત્ર લખ્યો..

કેન્દ્રીય મંત્રી નરેન્દ્ર સિંહ તોમરને પંચાયતી રાજ દિવસના અભિનંદન પાઠવતા મોદીએ લખ્યું કે જ્યારે કોરોનાની મહામારી સમગ્ર માનવતા સમક્ષ પડકાર બનીને ઉભી છે, એવામાં આપણે તમામ ભારતીયોએ તેનો એક થઈને સામનો કરી રહ્યાં છે. એવામાં પંચાયતી રાજ વ્યવસ્થાના સભ્યો વીર યોદ્ધાની જેમ ફરજ બજાવી રહ્યાં છે. મહાત્મા ગાંધીનું માનવું હતું કે ભારતની આત્મા ગામડા છે. આપણી સરકાર આ વિચાર સાથે આગળ વધી રહી છે. તેમાં તેમણે પંચાયતી રાજ ક્ષેત્રોની ઘણી યોજનાઓનો પણ ઉલ્લેખ કર્યો હતો.

વિવિધ ગામના ૫ સરપંચોએ પોતાની વાત રજૂ કરી...

જમ્મુ-કાશ્મિરના બારામૂલામાં નારબાઓ બ્લોકના ચેરમેને મોહમ્મદ ઈકબાલે મોદી સાથેની વાતચીતમાં કહ્યું હતું કે અમારા ત્યાં ૧૦૦ ટકા લોકડાઉનનું પાલન થઈ રહ્યું છે. આ સિવાય બિહારના જહાનાબાદ જિલ્લાના ઘરનાઈના સરપંચ અજય સિંહ યાદવ, ઉતર પ્રદેશના બસ્તી જિલ્લામાં નક્સીદેહ પંચાયતના સરપંચ, પંજાબના પઠાનકોટની હાડા પંચાયતના સરપંચ પલ્લવી ઠાકુર અને અસમના કચર જિલ્લાના છોટા દૂધપાટિલ ગામના સરપંચ રંજીત કુમારે મોદી સમક્ષ પોતાની વાત રજૂ કરી હતી.

અમદાવાદ મ્યુનિ.કમિશ્નર નેહરાની અતિ ગંભીર ચેતવણી

...તો અમદાવાદમાં કોરોનાના આઠ લાખ કેસ હશે..!

અમદાવાદ

જો વર્તમાન વૈશ્વિક મહામારી કોરોનાને રોકવામાં અમદાવાદના નાગરિકો સત્તાવાળાઓને હજુપણ સંપૂર્ણ સાથ સહકાર નહીં આપે અને કેસો વર્તમાન દરે વધતા રહેશે તો ૧૫ મે સુધીમાં એકલા અમવાદમાં જ ૫૦ હજાર પોઝીટીવ કેસો નોંધાઈ શકે તેમ છે....!! અને આટલા કેસો માટે અમદાવાદમાં હોસ્પિટલોમાં સહેજ પણ જગ્યા નહીં મળે. ટલુ જ નહીં જો ૪ દિવસમાં કેસ ડબલ થતા રહેશે તો ૩૧ મે સુધીમાં અમદાવાદમાં ૮ લાખ કેસ થઈ શકે તેમ છે.....! અમદાવાદના નાગરિકોને આ પ્રકારની અતિગંભીર ચેતવણી ખુદ મ્યુનિ. કમિશ્નર વિજય નેહરાએ આપી છે. તેમણે નાગરિકોને લોકડાઉનમાં ઘરે રહેવા અને નિયમોનું પાલન કરવાની ફરીએકવાર અપીલ પણ કરી હતી. સવાલ એ પણ ચર્ચાઈ રહ્યો છે કે જો પરિસ્થિતિ આટલી ગંભીર બની શકે તેમ છે એમ સત્તાવાળાઓ જાણે છે તો પછી કર્ફ્યુ ઉઠાવી લેવાની કેમ ફરજ પડી છે. જેમ લોકડાઉન લંબાવવામાં આવ્યું તેમ કર્ફ્યુ પણ લંબાવી શકાયુ હોત.

● લોકો સાવધાનઃ જો ૪ દિવસમાં કેસ ડબલ થતા રહેશે તો ૩૧ મે સુધીમાં ૮ લાખ કેસ થઈ શકે,લોકડાઉન પુરૂ થાય ત્યાં સુધીમાં કેસ ડબલિંગ રેટ ૭થી ૮ દિવસ સુધી લઈ જવાનો ટાર્ગેટ
● હજુ પણ અમદાવાદના નાગરિકો લૉકડાઉનનું પાલન નહિ કરે તો ગંભીર પરિસ્થિતિ સર્જાશેઃ નેહરા

કોરોના વાઈરસનું હોટસ્પોટ બનેલા ગુજરાતના સૌથી મોટા અમદાવાદ શહેર અને જિલ્લામાં અત્યાર

અનુસંધાન પાના નં. ૬

અમદાવાદમાં ૩૧મે સુધી અધધ આઠ લાખ કેસો નોંધાવાની ભીતિ

નેહરાની ચેતવણીઃ સરકાર-જનતા નહિ સમજે તો અમદાવાદ વુહાન બની જશે..!?

અમદાવાદ

અમદાવાદના મ્યુનિ. કમિશ્નર વિજય નેહરાએ આજે એક મોટુ નિવેદન કરીને એવી ચેતવણી ઉચ્ચારી હતી કે જો કોરોના મહામારીના કેસોને રોકવામાં નહીં આવે તો ૧૫ મે સુધીમાં એકલા અમદાવાદમાં ૫૦ હજાર અને ૩૧ મે સુધીમાં અધધ..૮ લાખ કેસો નોંધાઈ શકે છે. અમદાવાદની વસ્તી ૭૦ લાખની ગણીએ તો અંદાજે ૧૦ ટકા લોકો કોરોનાના શિકાર થઈ ગયા હશે. આ એક ગંભીર ચેતવણી નેહરાએ



યોગાનુયોગ રમઝાનના સમયે જ કર્ફ્યુ દૂર કરવામાં આવ્યો,શું તેમણે કર્ફ્યુ ઉઠાવી લેતાં સરકારને આપી ચેતવણી...?

એવા સમયે ઉચ્ચારી છે કે જ્યારે સરકારે અમવાદમાંથી કર્ફ્યુ દૂર કર્યો છે. અમદાવાદના હોટસ્પોટ વિસ્તારમાં સરકારે જ કોરોનાના ચેપને રોકવા કર્ફ્યુ નાંખ્યો હતો અને યોગાનુયોગ રમઝાન શરૂ થતાં જ શક્ય છે કે લઘુમતિઓની લાગણીને ધ્યાનમાં રાખીને કર્ફ્યુ દૂર કરવાનો નિર્ણય ભાજપ સરકારે કર્યો હોય. તેવા સંજોગોમાં નેહરાના મોટા નિવેદનનો રાજકિય અર્થ એવો કરાઈ રહ્યો છે કે કર્ફ્યુ ઉઠાવી લેવાના નિર્ણયનો નેહરાએ વિરોધ કર્યો હોય. અને તેથી તેમણે લોકોના બહાને ભાજપ સરકારને આ પ્રકારની ચેતવણી આપી હોવાનું મનાઈ રહ્યું છે.

રાજકિય સૂત્રોએ વિજય નેહરાના નિવેદનનું ડીએનએ કરીને કહ્યુ કે નેહરા અમદાવાદમાં કોરોના સામે લડી રહેલા સેનાના સેનાપતિ છે. તેમને રોજેરોજના

અનુસંધાન પાના નં. ૬

૨૪ કલાકમાં નવા ૧૬૮૪ કેસ અને ૩૭ લોકોના મોત

કોરોનાથી દેશભરમાં ૭૧૮ લોકોનાં મોતઃ સંક્રમણના કેસ ૨૩,૦૦૦ને પાર

ICMRએ ગર્ભવતી મહિલાઓ માટે જાહેર કરી ગાઈડલાઈન

ICMRએ ગર્ભવતી મહિલાઓ અને તેમના બાળકોને બચાવવા માટે એક ગાઈડલાઈન જાહેર કરી છે.આ સલાહ મુજબ જો તમે પ્રેગન્ટ છો, તો શરદી, ખાંસી, તાવ કે શ્વાસ લેવામાં તકલીફ હોય તો સામાન્ય ન લો. જો કોરોના વાયરસ કે તેનાથી સંક્રમિત કોઈ વ્યક્તિના સંપર્કમાં આવવાનો ડર હોય તો યોગ્ય ડોક્ટરની સલાહ લો.

ન્યુ દિલ્હી

ભારતમાં કોરોના વાઈરસનો કહેર સતત વધી રહ્યો છે, ત્યારે દેશમાં કોરોના સંક્રમણના નવા કેસોમાં એક દિવસમાં અત્યાર સુધીનો સૌથી મોટો વધારો જોવા મળ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાઈરસના ૧૬૮૪ નવા કેસો સામે આવ્યા છે, જ્યાકે ૩૭ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે.

આ અંગે સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આકંડા પ્રમાણે, નવા ૧૬૮૪ નવા કેસો સાથે જ દેશમાં કોરોના વાઈરસથી સંક્રમિત લોકોની સંખ્યા વધીને ૨૩,૦૭૭ થઈ ગઈ છે. જ્યારે આ જીવલેણ વાઈરસથી મોતને ભેટેલા લોકોનો આંકડો વધીને ૭૧૮ પર પહોંચ્યો છે.

દેશના ૨૩૦૭૭ કેસોમાંથી ૧૭,૬૧૦એક્ટિવ કેસો છે, જ્યારે ૪૮૪૮ લોકો સંપૂર્ણ સ્વસ્થ થયા બાદ તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

આ ઉપરાંત સૌથી વધારે મોત મહારાષ્ટ્રમાં ૨૮૩ થયાં છે. ત્યારબાદ ગુજરાતમાં ૧૧૨, મધ્યપ્રદેશમાં ૮૩

અનુસંધાન પાના નં. ૬

આજની પરિસ્થિમાં આપની આવક વધારવા અને આપની તંદુરસ્તી માટે નીચેની લિંક ખોલી જુઓ

સામાન્ય માણસ જ્યારે કોરોનાની મહામારી અને મંદીનો સામનો કરી રહ્યું છે ત્યારે ૧૬ વર્ષ જુના જંગ એ ગુજરાત અખબાર ગ્રુપનું નવું નજરાણું

MARKET4U(OPC) PRIVATE LIMITED

જેમાં જુદા જુદા બે પ્લેટફોર્મ ની લિંક અત્રે પ્રસ્તુત છે જે લિંક ખોલી આપ વિગત સમજી શકશો ન સમજાય તો અમારા 9904733000 અને 9978406257 પર કોલ કરી શકો છો.

www.market4u.in

જ્યાં આપ પોતાની જાહેરાત અને જરૂરિયાં માત્ર રૂપિયા ૫૫૦/- માં ૬ મહિના સુધી કરી ખૂબ પ્રસિદ્ધિ કરી કમાઈ શકશો

www.connectindians.in

જ્યાં આપ જોડાયબદ અન્યને market4u ની વિગત સમજાવી અન્ય ને જોડશો તો મહેનત મુજબ ખુબ કમાઈ શકશો તદુપરાંત અમે લાવ્યા છીયે આપના સ્વસ્થ્ય માટે જરૂરી નેગેટિવ આયન્સ રિસ્ટબેન્ડ જે આપને માટે હાલના સમયમાં ખુબજ જરૂરી છે નેગેટિવ આયન એટલે શું? શામાટે આપણા સ્વસ્થ જીવન માટે જરૂરી છે? ક્યાંથી મેળવી શકશો આપ?

9978406257

http://www.jungegujarat.in/negative-ion/

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

ગુજરાતના તમામ સ્થળે ટીમ લીડર નીમવાના છે

લોકડાઉનમાં પણ કોઈ પણ પ્રકારની પ્રોડકટ વેચ્યા વગર રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ (રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)માં સભ્ય બની શુ આપ સહેલાઈથી ઓછો મહેનતે ઘર ચલાવવા કે બચત કરવા માંગો છો? શુ આપ અભ્યાસ સાથે સ્વનિર્ભર બનવા માંગો છો તો આજે જ સંપર્ક કરો

7574888861

(ટ્રસ્ટની સભ્ય ફી માત્ર ૧૦૦ રૂપિયા રહેશે. જોડાવા માટે આધાર કાર્ડ પાન કાર્ડ જરૂરી રહેશે. વાર્ષિક સામાન્ય સભ્યનું ઈ ઓળખ પત્ર મળશે)

-:: ફી મોકલવાની ડિટેલ ::-

Phone pay 7574888859 • Act No. 33586780623
State Bank of India • Ifsc code SBIN0009164
Pritam nagar Branch, Bharuch 392002

અમેરિકા ફરી WHOમાં સામેલ નહીં થાય જરૂર પડે નવું સંગઠન બનાવશેઃ પોમ્પિયો

હવે WHOના નેતૃત્વને જ નહીં પણ સમગ્ર સંગઠનને બદલી દેવાનો સમય આવી ગયો



વોશિંગ્ટન

કોરોના મહામારીએ અમેરિકામાં સૌથી વિકરાળ સ્વરૂપ ધારણ કરેલું છે. આઠ લાખથી પણ વધારે અમેરિકનો કોરોનાની લપેટમાં આવી ચુક્યા છે અને ૫૦,૦૦૦ જેટલા અમેરિકનોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. આ બધા વચ્ચે અમેરિકી વિદેશ મંત્રી માઈક પોમ્પિયોએ અમેરિકા કદાચ હવે કદી વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનને ફન્ડ આપવાનું ચાલું નહીં કરે તે અર્થનું નિવેદન આપ્યું છે. સાથે જ તેમણે જરૂર પડશે તો અમેરિકા સ્વાસ્થ્ય મામલે પોતાની જાતે વૈશ્વિક સંગઠન બનાવી લેશે તેમ પણ કહ્યું હતું. ઉલ્લેખનીય છે કે, અમેરિકાએ કોરોના વાયરસ મહામારી મામલે ચીન સાથે મિલીભગતનો આરોપ લગાવીને વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનને આપવામાં આવતું ફન્ડિંગ રોકી દીધું હતું. ત્યારે હવે માઈક પોમ્પિયોએ તે જ દિશામાં વધુ આક્રમક વલણના સંકેત જાહેર કર્યા છે. એક ઈન્ટરવ્યુમાં પોમ્પિયોએ જણાવ્યું કે, 'હવે WHOના નેતૃત્વને જ નહીં પણ સમગ્ર સંગઠનને બદલી દેવાનો સમય આવી ગયો છે. અમેરિકા હવે કદી આ સંગઠનમાં પુનઃપ્રવેશ નહીં કરે.' પોમ્પિયોના કહેવા પ્રમાણે જો સંગઠન સાચી રીતે કામ કરતું હોત તો તેઓ તેના સાથે જોડાવાનું વિચારેત પરંતુ હવે તેઓ પોતાના વૈશ્વિક સાથીદારો સાથે મળીને સાચું નેતૃત્વ પ્રદાન કરી શકે તેવા સ્ટ્રક્ચર પર કામ કરશે. ઉલ્લેખનીય છે કે, વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનમાં અમેરિકાનું ફન્ડિંગ સૌથી વધારે ૧૫ ટકા જેટલું હતું. ટ્રમ્પે ફન્ડિંગ રોકવાની જાહેરાત કરી ત્યાર બાદ સંગઠને અનેક વખત ફન્ડિંગ ન રોકવા વિનંતી કરી હતી જેને અમાન્ય રાખવામાં આવી હતી. નોંધનીય છે કે, આ મહામારીના કારણે ૨.૫ કરોડ અમેરિકનોએ નોકરી ગુમાવી છે.

ઈન્ડિગો કર્મચારીઓના પગાર નહિ કાપેઃ સીઈઓ

ન્યુ દિલ્હી

ઈન્ડિગોના સીઈઓ રોનોજોય દત્તાએ જણાવ્યું હતું કે અમે અમારા વરિષ્ઠ કર્મચારીઓના એપ્રિલના પગારમાં કાપ મૂકવાની અગાઉ કરેલી જાહેરાત 'સરકારની ઈચ્છા'ને માન આપીને પાછી ખેંચી હતી અને હવે તેઓને પૂરું વેતન ચૂકવીશું.

આમ છતાં, તેમણે ઈન્ડિગોના અધિકારીઓ અને અન્ય કર્મચારીઓને મોકલેલા ઈ-મેલમાં જણાવ્યું હતું કે ઈન્ડિગોની એક્ઝિક્યુટિવ કમિટીના સભ્યો અને સિનિયર વાઈસ પ્રેસિડન્ટ્સ ચાલુ મહિને સ્વેચ્છાએ પોતાનો પગાર કપાવી શકે છે, જ્યારે બીજા બધા કર્મચારીને એપ્રિલનું વેતન કોઈ કપાત વિના પૂરું મળશે. દેશમાં પચીસમી માર્ચથી લૉકડાઉન હોવાથી મોટા ભાગની એરલાઈન્સની સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ બંધ છે અને તેને લીધે તેઓની આવક લગભગ બંધ થઈ ગઈ છે.

દત્તાએ ઈ-મેલમાં વધુમાં જણાવ્યું હતું કે અમે સરકારની ઈચ્છાને માન આપીને અમારા કોઈપણ કર્મચારીનો પગાર નહિ કાપવાનો નિર્ણય લીધો છે.

અગાઉ, ઈન્ડિગોના સીઈઓ રોનોજોય દત્તાએ વરિષ્ઠ કર્મચારીઓના પગારમાં પચીસ ટકા સુધીનો કાપ મૂકવાની જાહેરાત કરી હતી.

ત્રિપુરા,મણિપુર,ગોવા સહિત ત્રણ રાજ્ય કોરોનાથી સંપૂર્ણપણે મુક્ત બન્યા

ન્યુ દિલ્હી

કોરોના વાયરસનો કહેર સતત ચાલુ છે પરંતુ આ બધાની વચ્ચે રાહતના સમાચાર પણ સામે આવ્યા છે. દેશના ત્રણ રાજ્ય અત્યાર સુધીમાં કોરોના સંક્રમણથી સંપૂર્ણપણે મુકત થઈ ગયા છે.

ત્રિપુરાના તમામ દર્દી સ્વસ્થ થઈ ગયા છે. તેમજ ગોવા અને મણિપુર પણ આ રાજ્યોમાં સામેલ છે. જ્યાં કોરોના પ્રકોપ શાંત થઈ ગયો છે. આ રાજ્ય પણ કોરોનાથી મુક્ત થઈ ગયા છે.

ત્રિપુરાના સીએમ બિપ્લવ કુમાર દેવે પણ ટ્વીટ દ્વારા ખુશી વ્યકત કરી છે. તેમણે કહ્યું કે કોરોનાના બીજા દર્દી પણ ટેસ્ટ બાદ નેગેટિવ નીકળ્યા. આમ અમારું રાજ્ય કોરોનાથી મુક્ત થઈ ગયું છે.

બિપ્લવે કહ્યું કે હું તમામ લોકોને સોશિયલ ડિસ્ટેંસિંગ અને સરકારી ગાઈડલાઈનનું પાલન કરવાનો અનુરોધ કરું છું. ઘર પર રહો અને સુરક્ષિત રહો. બિપ્લવે કહ્યું કે હું તમામ ડોકટર્સ, હેલ્થકેર સ્ટાફ અને તમામ કોરોના ફાઈટર્સને ત્રિપુરાને કોરોના ફ્રી બનાવા માટે આભાર માનું છું. સોશિયલ ડિસ્ટેન્સ બનાવીને અને સરકારી ગાઈડલાઈનને ફોલો કરીને આપણે શ્રેષ્ઠ રિઝલ્ટ આપી શકીએ છીએ. માતા ત્રિપુરાસુન્દરીના આશીર્વાદ આપણી સાથે છે.

આપને જણાવી દઈએ કે ગુરૂવારના રોજ સ્વાસ્થ્ય મંત્રાલયે પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે દેશમાં કોરોના સંક્રમણના અત્યાર સુધી કુલ ૨૧,૩૯૩ કેસ છે.

કિમ જોગ ગંભીર બીમાર હોવાના અહેવાલો બોગસઃ ડોનાલ્ડ ટ્રમ્પ

વોશિંગ્ટન

ઉત્તર કોરીયાના તાનાશાહ શાસક કિમ જોંગ ગંભર રીતે બીમાર હોવાના અહેવાલોને અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફગાવી દીધા છે.

ટ્રમ્પે પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યુ હતુ કે, આ ખબર પ્રસારિત કરનાર ચેનલે જુના દસ્તાવેજોનો ઉપયોગ કર્યો છે.મને લાગે છે કે, આ એક બોગસ ન્યૂઝ છે.

જોકે ટ્રમ્પે કિમ જોંગના સ્વાસ્થ્ય અંગે તેમને પોતાને સીધી કોઈ જાણકારી મળી છે કે કેમ તેના પર કશું કહેવાનો ઈનકાર કરી દીધો હતો.

ઉલ્લેખનીય છે કે, સોમવારે એવા અહેવાલ આવ્યા હતા કે, સર્જરી બાદ કિમની હાલત ગંભીર છે અને એવી પણ અટકળો થઈ રહી હતી કે, તે બ્રેન ડેઈડ છે.કિમ તાજેતરમાં તેમના દાદાના જન્મ દિવસની ઉજવણીમાં પણ સામેલ થયા નહોતા.



હૈદરાબાદમાં કોરોનાવાયરસના પ્રસારને રોકવા માટે લોકડાઉન દરમિયાન લોકોને ઘરે રહેવાની પોલીસ કર્મી વિનંતી કરે છે.

ટ્રમ્પ ૨.૭ કરોડ લાઈક્સ સાથે બીજા નંબરે

વડાપ્રધાન મોદી ફેસબુક પર દુનિયાના સૌથી લોકપ્રિય નેતા બન્યા

ન્યૂયોર્ક

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે એક સારા સમાચાર મળ્યા છે. દેશના વડાપ્રધાન નરેન્દ્રી મોદી ફેસબુક પર દુનિયાના સૌથી લોકપ્રિય નેતા બન્યા છે, અને અમેરિકાના રાષ્ટ્રપતિ ઈન્ટરેક્શન (સંવાદ)ના મામલે ટૉપ પર પહોંચ્યા છે.

કૉવિડ-૧૯ મહામારીની વચ્ચે અત્યારે સોશ્યલ મીડિયામાં વર્લ્ડ લીડરના ફોલોઅર્સ સતત વધી રહ્યાં છે. વડાપ્રધાન મોદીના ખાનગી પેજ પર ૪.૫ કરોડ લાઈક્સ છે, આની માહિતી વૈશ્વિક સંચાર એજન્સી બીસીડબલ્યૂ (બર્સન કોહન એન્ડ વૉલ્ફ)એ નવા રિપોર્ટ વર્લ્ડ લીડર ઓન ફેસબુકમાં આપી છે.

રિપોર્ટ પ્રમાણે, ટ્રમ્પ ફેસબુક પર બીજા નંબરના સૌથી પૉપ્યુલર નેતા છે, જેને લગભગ ૨.૭ કરોડ લાઈક્સ મળ્યા છે, અને જોર્ડનના ક્વિન રાનીયા ત્રીજા નંબરના સ્થાને છે, જેને ૧.૬૮ કરોડ લાઈક્સ મળી છે. આ વર્ષે ફેબુઆરીમાં ભારત યાત્રા કરતા પહેલા ટ્રમ્પે ફેસબુક પર પોતાને નંબર વન ગણાવ્યા હતા. તેમને ટ્વીટ કરીને કહ્યું હતુ કે આ સન્માનની વાત છે કે માર્ક ઝૂકરબર્ગે તાજેતરમાં કહ્યું હતુ કે ડોનાલ્ડ ટ્રમ્પ ફેસબુક પર નંબર વન છે. નંબર બે ભારતના વડાપ્રધાન મોદી છે. વાસ્તવામાં બે અઠવાડિયામાં ભારતના પ્રવાસે જવાનો છું, આ માટે ઉત્સાહિત છું. આ રિપોર્ટ તૈયાર કરવા માટે એજન્સીએ માર્ચના મહિનામાં વર્લ્ડના નેતાઓના ૭૨૧ ફેસબુક પેજનુ અધ્યયન કર્યુ છે. રિસર્ચમાં ખબર પડી કે માત્ર માર્ચ મહિનામાં પેજ લાઈક્સમાં ૩.૭ ટકાનો વધારો થયો છે. જે છેલ્લા ૧૨ મહિનાની સરખામણીથી અડધો છે.

ઈન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિએશનનું નિવેદન

કોરોના વાયરસઃ એવિએશન સેક્ટરમાં ૨૯ લાખ નોકરીઓમાં કાપની સંભાવના

ન્યુ દિલ્હી

કોરોના વાઈરસ મહામારીને કારણે ભારતના મુલ્કી ઉડ્યન તથા એને આધારિત અન્ય ક્ષેત્રોમાં આશરે ૨૯ લાખ જેટલી નોકરીઓમાં કાપ મૂકાય એવી સંભાવના છે, એવું એરલાઈન્સના જાગતિક સમૂહ ઈન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિએશનનું કહેવું છે. ઈન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિએશનના તાજા અનુમાન મુજબ, કોરોના વાઈરસના ફેલાવાને કારણે એશિયા-પેસિફિક વિસ્તારના દેશોમાં પરિસ્થિતિ વકરશે.

ભારત વિશે ઈન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિએશનનું કહેવું છે કે રોગોચાળાને કારણે ભારતના મુલ્કી ઉડ્યન અને તેને આધારિત ઉદ્યોગોમાં ૨૯,૩૨,૯૦૦ નોકરીઓને માઠી અસર પડી શકે છે. ભારતમાં એર પેસેન્જર ટ્રાફિક ૪૭ ટકા ઘટી ગયો છે.ૅછ્છ સંસ્થાએ બીજી એ વાતની નોંધ લીધી છે કે ભારતીય એવિએશન માર્કેટમાં સક્રિય રહેતી એરલાઈન્સની આવક પણ ઘણી ઘટી શકે છે. આ આંકડો ૧૧.૨૨૧ અબજ ડોલર (રૂ. ૮૫,૦૦૦ કરોડથી વધુ) હોઈ શકે છે.

ઈન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિએશનના છત્ર હેઠળ ૨૯૦ જેટલી એરલાઈન્સ આવે છે, જેમાં ભારતની એર ઈન્ડિયા, વિસ્તારા, ઈન્ડીગો અને સ્પાઈસજેટનો પણ સમાવેશ થાય છે.

૨૦૧૯ના વર્ષની સરખામણીમાં ૨૦૨૦માં એશિયા-પેસિફીક વિસ્તારમાં સક્રિય એરલાઈન્સ ૧૧૩ અબજ યુએસ ડોલરની ખોટ કરે એવી ધારણા છે, જે એક વિક્રમ બનશે.

ઈન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિએશનના રીજનલ વાઈસ-પ્રેસિડન્ટ (એશિયા-પેસિફીક) કોનરાડ ક્લિફોર્ડનું કહેવું છે કે પરિસ્થિતિ વધારે બગડી રહી છે. એરલાઈન્સ માટે અસ્તિત્વનો સવાલ ઊભો થયો છે. ચાલુ નાણાકીય વર્ષના બીજા ક્વાર્ટરમાં લિક્વિડીટીની કટોકટી ૬૧ અબજ ડોલર સુધી વધી શકે છે.

દ.કોરિયામાં ૧૦,૭૦૮ કેસમાંથી ૮,૫૦૧ને સારવાર પછી રજા અપાઈ

દ.કોરિયામાં ૪૦ દિવસથી એક પણ મોત નહીંઃ દુનિયાભરમાં ૧.૯૧ લાખના મોત

ન્યૂયોર્ક

વિશ્વભરમાં કોરોનાના ૨૭.૨૬ લાખ કેસ નોંધાઈ ચૂક્યા છે. અત્યાર સુધીમાં ૧.૯૧ લાખ લોકોએ જીવ ગુમાવ્યા છે. ૭.૪૬ લાખ લોકોને સારવાર પછી રજા આપવામાં આવી છે.

દક્ષિણ કોરિયામાં ૪૦ દિવસમાં એકપણ મોત થયું નથી. દક્ષિણ કોરિયામાં પોઝિટિવ કેસની સંખ્યા ૧૦ ૭૦૮ થઈ છે. અહીં ૮ હજાર ૫૦૧ લોકોને સારવાર પછી રજા અપાઈ છે. દ. કોરિયામાં અત્યાર સુધીમાં પાંચ લાખ ૬૯ હજાર ટેસ્ટ કરાયા છે. ૯૬૦૦ લોકોના રિપોર્ટ બાકી છે.

અમેરિકાની સંસદે ચોથા રાહત પેકેજને મંજૂરી આપી

અમેરિકાના સંસદે શુક્રવારે ૪૮૪ બિલિયન ડોલર (૩૭ લાખ કરોડ રૂપિયા)ના રાહત પેકેજને મંજૂરી આપી છે. આ ચોથું પેકેજ છે.

બ્રાઝીલમાં કોરોનાના કેસ ૫૦ હજાર

બ્રાઝીલમાં કોરોના સંક્રમણના કેસ ૫૦ હજાર ૩૬ નોંધાયા છે. છેલ્લા ૨૪ કલાકમાં અહીં ૩૭૩૫ નવા કેસ નોંધાયા છે. એક દિવસમાં અહીં ૪૦૭ લોકોએ જીવ ગુમાવ્યા છે. અહીં અત્યાર સુધીમા ૩,૩૩૧ લોકોએ જીવ ગુમાવ્યા છે.

મહામારી સમયે માનવ અધિકારોનું રક્ષણ થવું જોઈએઃ ગુટેરસ

સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરસે કહ્યું કે કોરોના મહામારી દરમિયાન માનવ અધિકારોનું રક્ષણ થવું જોઈએ. કોરોના મહામારી સ્વાસ્થ્ય સંકટ સાથે આર્થિક, સામાજિક અને માનવતા માટે પણ સંકટ છે. જે ઝડપથી માનવ અધિકારો માટે મુશ્કેલીનું કારણ બની રહી છે.

ફિલિપાઈન્સના રાષ્ટ્રપતિએ માર્શલ લાગુ કરવાની ધમકી આપી

ફિલિપાઈન્સ દુનિયાના અન્ય દેશોની જેમ કોરોના વાયરસને અટકાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. ફિલિપાઈન્સના રાષ્ટ્રપતિ રોદ્રિગોએ સામ્યવાદી વિદ્રોહીયો પર ગ્રામજનોને રોકડ તથા ભોજન પહોંચાડવા જઈ રહેલા સૈનિકોની હત્યાનો આરોપ લગાવ્યો છે. તેમજ દેશમાં માર્શલ લૉ અમલમાં મુકવાની ધમકી પણ આપી છે.

કોરોનાઃ ઈંગ્લેન્ડમાં ભારતીયોને સૌથી ખરાબ રીતે અસર થઈ છે

લંડન

યુકેમાં કોરોના વાઈરસથી સૌથી વધારે ખરાબ રીતે પ્રભાવિત વંશીય જૂથોમાં ભારતીય મૂળના લોકોનો સમાવેશ થતો હોવાનું ઈંગ્લેન્ડની હોસ્પિટલો દ્વારા જાહેર કરવામાં આવેલા સત્તાવાર આંકડાઓમાં જણાવવામાં આવ્યું છે.

ઈંગ્લેન્ડની નેશનલ હેલ્થ સર્વિસ દ્વારા બહાર પાડવામાં આવેલા આંકડાઓ મુજબ કોરોના પોઝિટિવ ધરાવતા અને ૧૭ એપ્રિલ સુધીમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલા ૧૩,૯૧૮ દર્દીઓમાં થી ૧૬.૨ ટકા લોકો બ્લેક, એશિયન એન્ડ માઈનોરિટી એથનિક (બીએ એમ ઈ) વંશના તો ત્રણ ટકા લોકો ભારતીય મૂળના હતા.

૨.૯ ટકા સાથે કેરેબિયન અને ૨.૧ ટકા સાથે પાકિસ્તાની લોકો આ યાદીમાં ત્યાર પછીના સ્થાને હોવાનું યુકેના આરોગ્ય સચિવ મેટ હેંકોકે કહ્યું હતું.

બીએએમઈ જૂથના લોકોની વસતી કુલ વસ્તીના ૧૩ ટકા હોવા છતાં અન્ય જૂથોની સરખામણીએ કોરોનાને કારણે તેમનામાં મૃત્યુનું પ્રમાણ ઘણું વધુ હોવાનું જોવા મળ્યું છે, એમ તેમણે કહ્યું હતું.

બીએએમઈ જૂથના કોરોનાથી પ્રભાવિત ૧૬.૨ ટકા લોકોમાં બાંગલાદેશી વંશના ૦.૬ ટકા, એશિયન બેકગ્રાઉન્ડ ધરાવતા અન્ય જૂથના વંશના ૧.૬ ટકા, આફ્રિકન વંશના ૧.૯ ટકા, બ્લેક બેકગ્રાઉન્ડ ધરાવતા અન્ય જૂથના ૦.૯ ટકા, ચીની વંશના ૦.૪ ટકા અને અન્ય વંશીય જૂથના ૨.૮ ટકા લોકોનો સમાવેશ થાય છે, એમ બહાર પાડવામાં આવેલા આંકડાઓ દર્શાવે છે.

મહારાષ્ટ્ર સરકારના મંત્રીનો રિપોર્ટ કોરોના પોઝિટિવ, છેલ્લા ૨૪ કલાકમાં ૭૭૮ નવા કેસ

મુંબઈ

મહારાષ્ટ્ર સરકારના મંત્રી જીતેન્દ્ર અવ્હાડનો કોરોના ટેસ્ટ પોઝીટીવ આવ્યો છે. થોડા સમય પહેલા જ જીતેન્દ્ર અવ્હાડના ૧૪ ખાનગી સ્ટાફનો કોરોના ટેસ્ટ પોઝીટીવ આવ્યો હતો. આ ૧૪ સ્ટાફમાં પોલીસ કોન્સ્ટેબલ પણ હતા જે તેમની સુરક્ષામાં તૈનાત હતા જયારે નવ લોકોમાં તેમનો ખાનગી સ્ટાફ, ઘરના નોકર અને પાર્ટીના કાર્યકર્તાઓ સામેલ છે. ત્યારબાદ જીતેન્દ્ર અવ્હાડ પોતે ક્વોરેન્ટાઈન થઈ ગયા હતા.

એનસીપી નેતા જીતેન્દ્ર અવ્હાડે પોતે જાણકારી આપતા જણાવ્યું હતું કે, તેઓ એવા વ્યક્તિના સંપર્કમાં આવ્યા હતા કે જે પછીથી કોરોના પોઝીટીવ નીકળ્યો હતો. ત્યારબાદ તેઓએ ક્વોરેન્ટાઈનમાં જવાની જાહેરાત કરી હતી.

રાજ્યમાં સૌથી ઝડપથી ઠીક થવાનો રેકોર્ડ બનાવ્યો

ઉત્તરાખંડમાં ૯ મહીનાના બાળકે કોરોના વાયરસને હરાવ્યો

ન્યુ દિલ્હી

કોરોના વાયરસના વધતા પ્રકોપની ચિંતાઓની વચ્ચે ઉત્તરાખંડમાં એક નવ મહિનાના બાળકે કોરોના વાયરસને માત આપી છે. તેની સાથે જ આ બાળકે રાજ્યમાં કોરોના વાયરસથી સૌથી ઝડપથી ઠીક થવાનો રેકોર્ડ બનાવ્યો છે. રાજયની રાજધાની દેહરાદૂનમાં છેલ્લા સમ્રાહે એક નવ મહિનાના બાળકને આ ખતરનાક વાયરસનો ચેપ લાગ્યો હતો. ત્યાર બાદ તેને દૂન મેડિકલ કોલેજમાં ભરતી કરાવવામાં આવ્યો. કોરોના વિરૂદ્ધ આ જંગમાં બાળકે હાર ન માની અને ડોક્ટરે પણ હાર ન માની. માત્ર છ દિવસમાં બાળકને કોવિડ ૧૯મે માત આપી દીધી. બાળકના સતત બે રિપોર્ટ નેગેટિવ આવ્યા, ત્યાર બાદ તેને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યો. શહેરની ભગત સિંહ કોલોનીની એક મસ્જિદમાં કામ કરનાર વ્યક્તિ કોરોનાથી સંક્રમિત થઈ ગઈ હતી. જેના સંપર્કમાં આવવાથી આ વાયરસે નવ મહિનાના બાળકને પણ પોતાની ઝપેટમાં લઈ લીધો. બાળકને છ દિવસમાં ઠીક કરીને ડોક્ટર્સે પણ રેકોર્ડ બનાવ્યો છે.

ચીન સહિત બાકી દેશોની મળેલી ખરાબ ટેસ્ટિંગ કિટ પરત કરશે ભારત

ન્યુ દિલ્હી

કોરોનાસંકટ વચ્ચે સંક્રમિત દર્દીઓની ટેસ્ટિંગ માટે ભારતે ચીન સહિત બાકી દેશો પાસેથી રેપિડ એન્ટીબોડી ટેસ્ટિંગ કિટ મંગાવી હતી. માત્ર ચીનમાંથી જ ૫ લાખ કિટ આવી હતી. રાજ્ય સરકારો તરફથી તેના ખરાબ પરિણામની ફરિયાદ બાદ ભારત સરકારે કિટ પરત મોકલવાનો નિર્ણય કર્યો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડોક્ટર હર્ષવર્ધને શુક્રવારે રાજ્યોના સ્વાસ્થ્ય મંત્રીઓ સાથે વીડિયો કોન્ફરન્સમાં આ વાત કહી હતી. તેમણે કહ્યું કે અમે એ દેશોની કિટ માટે કોઈ રકમ નહીં આપીએ.

પશ્ચિમ બંગાળ અને રાજસ્થાન સહિત ઘણા રાજ્યોએ કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યોને આપવામાં આવેલી ટેસ્ટિંગ કિટના પરિણામો પર સવાલ ઉભા કર્યા હતા. રાજસ્થાને આ કિટને કોરોના તપાસમાં ફેલ ગણાવીને ઉપયોગ બંધ કરી દીધો હતો. આ કિટથી ૧૨૩૨ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. માત્ર બે લોકો પોઝિટિવ હોવાના સંકેત મળ્યા હતા. રાજસ્થાનના સ્વાસ્થ્ય મંત્રી ડો. રઘુ શર્માએ જણાવ્યું કે રેપિડ ટેસ્ટિંગ કિટની અસર જાણવા માટે અમે એક કમિટી બનાવી હતી. આ કિટની એક્ચ્યૂરેસી ૯૦ ટકા હોવી જોઈતી હતી પરંતુ તે માત્ર ૫.૪ ટકા જ આવે છે. ટેસ્ટિંગ વખતે તાપમાનને લઈને જે ગાઈડલાઈન્સ હતી તેનું પણ પાલન કરવામાં આવ્યું હતું. તેમ છતા પરિણામો સ્પષ્ટ નથી. જાણકારોની ટીમે સલાહ આપી છે કે આ ટેસ્ટિંગ કિટના ઉપયોગનો કોઈ ફાયદો નથી. તેથી રેપિડ ટેસ્ટિંગ કિટથી તપાસ અટકાવવામાં આવી છે.



ચેન્નઈમાં કોરોનાવાયરસ રોગચાળાને પગલે લાદવામાં આવેલા દેશવ્યાપી લોકડાઉન દરમિયાન એક મહિલા રખડતા કૂતરાઓને ખવડાવે છે.

અમેરિકામાં મૃત્યુઆંક ૫૦ હજારને વટાવી ગયો

અમેરિકામાં ૨૪ કલાકમાં રેકોર્ડબ્રેક ૩૧૭૬ કોરોના સંક્રમિતોના મોત

સંક્રમિતોનો આંકડો ૮.૮૦ લાખને પાર

વોશિંગ્ટન

યુ.એસ. માં કોરોના વાયરસનો કહેર ચાલુ છે, કોવિડ-૧૯ ને કારણે યુ.એસ. માં છેલ્લા ૨૪ કલાકમાં ૩,૧૭૬ લોકોનાં મોત નીપજ્યાં છે, આ સાથે અહીં કોરોના વાયરસથી મૃત્યુઆંક ૫૦,૦૦૦ ની નજીક પહોંચી ગયો છે. લોકો મરી રહ્યા છે, આથી અહીંની પરિસ્થિતિ ખૂબ ગંભીર બની છે. વળી, એક જ દિવસમાં કોરોનાથી ૩,૧૭૬ મૃત્યુ સાથે, ગુરુવાર જે અમેરિકા માટે ઘાતક બની ગયો છે. અમેરિકામાં કોરોના દર્દીઓની સંખ્યા ૮૮૬,૭૦૯ સુધી પહોંચી ગઈ છે.

આપને જણાવી દઈએ કે, સમગ્ર વિશ્વ હાલમાં કોરોના વાયરસ રોગચાળાથી ગ્રસ્ત છે. વિશ્વભરમાં તેના કિસ્સાઓ સતત વધી રહ્યા છે. અત્યાર સુધીમાં વિશ્વભરમાં ૨૬ લાખથી વધુ લોકોને કોરોના દ્વારા ચેપ લાગ્યો છે અને ૧ લાખ ૮૪ હજારથી વધુ લોકોએ જીવ ગુમાવ્યો છે. ભારતમાં પણ કોરોના વાયરસનો પ્રકોપ વધી રહ્યો છે.

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગયા અઠવાડિયે ડબ્લ્યુએચઓ નાં ભંડોળ બંધ કરવાની જાહેરાત કરી છે. ટ્રમ્પે કહ્યું કે સંગઠને રોગચાળાને છુપાવવા માટે ચીનનું સમર્થન કર્યું છે, અને તે નાણાકીય સહાય આપવાનું ચાલુ રાખી શકશે નહીં. આ સંગઠનને યુનાઈટેડ સ્ટેટ્સ તરફથી સૌથી વધુ આર્થિક સહાય મળે છે. ટ્રોઝે કહ્યું કે, તેમને આશા છે કે યુનાઈટેડ સ્ટેટ્સ માને છે કે એજન્સીમાં રોકાણ કરવું એ રોગચાળા વચ્ચે "બીજાઓને મદદ કરવા માટે જ નહીં પરંતુ અમેરિકાને સુરક્ષિત રાખવા પણ મહત્વપૂર્ણ છે". ડબ્લ્યુએચઓ ને યુએસ તરફથી ૪૦૦ મિલિયન ડોલરની સહાય મળે છે. હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં રિપબ્લિકન હાઉસનાં સાંસદોએ સૂચન આપ્યું હતું કે ટેડ્રોઝ રાજીનામું આપશે ત્યાં સુધી એજન્સીને આર્થિક નાણાંની મદદ આપવામાં આવશે નહીં.

જેને લઈને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબ્લ્યુએચઓ) નાં વડા, ટેડ્રોઝ એડહનોમ ગ્રેબેસિઅસે કહ્યું છે કે, તેઓ રાજીનામું નહીં આપે. વળી, તેમણે અમેરિકાને અપીલ કરી છે કે તેઓ આર્થિક સહાય બંધ ન કરે પરંતુ રોગચાળા સાથેનાં વ્યવહારમાં અને લોકોનાં જીવ બચાવવામાં મદદ કરે. આપને જણાવી દઈએ કે, કોરોના વાયરસનાં રોગચાળા વચ્ચે, ડબ્લ્યુએચઓ સતત ટીકાઓ હેઠળ છે. ઘણા માને છે કે સંગઠને રોગચાળા પ્રત્યે બેદરકાર વલણ દાખવ્યું છે.

રાષ્ટ્રવ્યાપી લૉકડાઉનથી ભારતના ૪ કરોડ પ્રવાસી મજૂરો પર માઠી અસર: વર્લ્ડ બેંક

જિનિવા

ભારત સહિત સમગ્ર વિશ્વમાં કોરોનાનો હાહાકાર છે, ત્યારે આ જીવલેણ વાઈરસને ફેલાતો અટકાવવા માટે લૉકડાઉનનો ચુસ્ત અમલ કરાવામાં આવી રહ્યો છે. ભારતમાં ગત એક મહિનાથી લાગૂ રાષ્ટ્રવ્યાપી લૉકડાઉનથી દેશના ૪ કરોડ પ્રવાસી મજૂરોને વ્યાપક અસર થઈ છે. વિશ્વબેંકે રજૂ કરેલા રિપોર્ટમાં જણાવ્યું કે, ભારતમાં લૉકડાઉનથી દેશના લગભગ ૪ કરોડ આંતિરક પ્રવાસી મજૂરોની આજીવિકા પર અસર પડશે. છેલ્લા થોડા દિવસો દરમિયાન ૫૦ થી ૬૦ હજાર લોકો શહેરી વિસ્તારો છોડીને ગ્રામીણ ક્ષેત્રો તરફ ચાલ્યા ગયા છે.

'પ્રવાસી'ની દ્રષ્ટિથી કોરોના વાઈરસ સંકટ નામના રિપોર્ટમાં જણાવ્યા મુજબ, આંતરિક પ્રવાસની સંખ્યા આંતરરાષ્ટ્રીય પ્રવાસની સરખામણીએ અઢી ગણી વધી છે. લૉકડાઉનના પગલે નોકરી છૂટી જવા અને સોશિયલ ડિસ્ટન્સિંગના કારણે ભારત અને લેટિન અમેરિકાના અનેક દેશોમાં મોટા પાયે આંતરિક પ્રવાસીઓને પરત ફરવું પડ્યું છે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, સરકારે રોકડ આર્થિક મદદ અને અન્ય સામાજિક કાર્યક્રમો મારફતે આવા પ્રવાસીઓની મદદ કરવી જોઈએ. વિશ્વબેંકે જણાવ્યું કે, કોરોના વાઈરસના સંકટે દક્ષિણ એશિયામાં આંતરરાષ્ટ્રીય અને આંતરિક બન્ને પ્રવાસોને અસર કરી છે.

આ સાથે જ વિશ્વબેંકે કહ્યું છે કે, કોરોના વાઈરસ મહામારીના પગલે આ વર્ષે ભારતમાં વિદેશોથી મોકલવામાં આવતા રૂપિયાનું પ્રમાણ ૨૩ ટકા ઘટીને ૬૪ અબજ ડોલર રહેવાની આશંકા છે. જે ગત વર્ષ ૮૩ અબજ ડોલર હતું. આ રિપોર્ટ પ્રવાસ અને રૂપિયા મોકલવા પર કોરોનાની અસર સંદર્ભે છે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, કોરોના મહામારી અને તેને પગલે લાગૂ લૉકડાઉનના કારણે આ વર્ષે સમગ્ર વિશ્વમાં પૈસા મોકલવામાં ૨૦ ટકાનો ઘટાડો થવાનું અનુમાન છે. રિપોર્ટ પ્રમાણે, આ ઘટાડો હાલના ઈતિહાસમાં સૌથી અધિક છે અને ખાસ કરીને પ્રવાસી મજૂરોના પગાર અને રોજગારમાં કમીના કારણે આમ થશે.

દિલ્હીમાં ચાર દર્દીઓ પર પ્લાઝમા થેરાપી સફળ થયાનો દિલ્હી સરકારનો દાવો

ન્યુ દિલ્હી

કોરોનાની મહામારી વચ્ચે દિલ્હીમાં પ્લાઝમા થેરાપીના સારા પરિણામ મળ્યા હોવાનો દાવો દિલ્હી સરકારે કર્યો છે.

દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલે કહ્યુ હતુ કે, ચાર દર્દીઓ પર તેનો પ્રયોગ કરવામાં આવ્યો છે. જેના સારા પરિણામ હાલમાં મળી રહ્યા છે.જોકે તેને હાલમાં કોરોનાની સારવાર તરીકે જોવાની જરુર નથી.

દિલ્હીની લોકનાયક હોસ્પિટલમાં આ ચાર દર્દીઓની સારવાર ચાલી રહી છે. કેજરીવાલની સાથે આવેલા ડો.સરીને કહ્યુ હતુ કે, ચારમાંથી બે દર્દી આગામી દિવસોમાં ઘરે જઈ શકશે. આ પહેલા તેમને વેન્ટિલેટર પર મુકવા પડે તેવી સ્થિતિ હતી.હવે તેમને સાધારણ વોર્ડમાં સિફ્ટ કરવામાં આવશે.

કેજરીવાલે કહ્યુ હતુ કે, કોરોનાથી સાજા થયેલા દર્દીઓ જે હાલમાં હોમ ક્વોરેન્ટાઈન છે તેમણે પ્લાઝમા આપવા માટે આગળ આવવુ જોઈએ. જો તેઓ તૈયાર થતા હશે તો સરકાર તેમના માટે આવવા જવાની વ્યવસ્થા કરશે. પ્લાઝમા ડોનેટ કરવામાં કોઈ સાઈડ ઈફેક્ટ નથી.

પ્લાઝમા થેરાપીને એન્ટી બોડી થેરાપી પણ કહેવાય છે. કોરોનાની બીમારીમાંથી સાજા થયેલા દર્દીના શરીરમાં વાયરસ સામે એન્ટીબોડી ઉત્પન્ન થાય છે. આ એન્ટીબોડી સાજા થયેલા દર્દીના શરીરમાથી નીકાળીને બીમાર દર્દીના શરીરમાં દાખલ કરવામાં આવે છે.

ચીને જાણીજોઈને દુનિયાને દુ:ખ આપ્યુ, તેની કિંમત ચૂકવવી પડશે: અમેરિકા

વોશિંગ્ટન

કોરોના વાયરસને લઈને અમેરિકાનાં વિદેશ સચિવ માઈક પૉમ્પિયોનો ચીન પર પ્રહાર ચાલુ છે. પૉમ્પિયોએ આરોપ લગાવ્યો છે કે ચીને જાણકારી દુનિયા સાથે શેર ના કરીને દુનિયાને ઘણું દુ:ખ આપ્યું છે. તેમણે ચીનની કૉમ્યૂનિસ્ટ પાર્ટી પર પારદર્શિતા ના રાખવાનો આરોપ પણ લગાવ્યો છે. પૉમ્પિયોએ એ પણ કહ્યું કે ચીનની સરકારે અત્યારે પણ કોવિડ-૧૯ને લઈને ઘણી બધી વાતો નથી જણાવી. તેમણે એ પણ જણાવ્યું કે ચીને આની કિંમત ચુકવવી પડશે. પૉમ્પિયોએ કહ્યું છે કે ચીને પીડા આપી છે, લોકોની જિંદગી અને જાણકારી ના શેર કરીને અમેરિકા સાથે સાથે ગ્લોબલ ઈકોનોમીને નુકસાન પહોંચાડ્યું છે. પૉમ્પિયોએ કહ્યું કે, "મને હજુ પણ ચિંતા છે કે અમને ચીજો ખબર નથી. આપણને ઈતિહાસ નથી ખબર અને આપણે જમીન પર કામ કરવા પોતાની ટીમો પણ નથી મોકલી શકતા." પૉમ્પિયોએ કહ્યું કે, "આ પડકાર છે કે મહામારીની પહોંચી વળવા માટે ચીનની કૉમ્યૂનિસ્ટ પાર્ટી અને વિશ્વ આરોગ્ય સંસ્થા પોતાની જવાબદારી નીભાવવામાં નિષ્ફળ રહ્યા છે." તેમણે કહ્યું છે કે, "ચીને જે કર્યું છે તેની કિંમત ચુકવવી પડશે. અમેરિકાને ખબર છે કે વાયરસ ફેલાવાનું વુહાનથી શરુ થયું અને ચીનની સરકારે જે કરવું જોઈતુ હતુ, તે ના કર્યું." તેમણે કહ્યું કે, "આની કિંમત પણ ચુકવવી પડશે અને એ ખાતરી કરવી પડશે કે ચીન પર મેડિકલ પ્રોડક્ટ્સ માટે નિર્ભર ના રહેવું જોઈએ.

નીતીશ કુમારને ઘરે પરત ફરવા માટે બસો મોકલવાની અપીલ કરી

કોટાથી ઘરે પરત ફરવા માટે બિહારના વિદ્યાર્થીઓ ભૂખ હડતાલ પર બેઠા

કોટા

કોરોના વાયરસ લોકડાઉનને કારણે રાજસ્થાનના કોટમાં ફસાયેલા બિહારના વિદ્યાર્થીઓએ પોતાના ઘરે પરત ફરવા માટે ભૂખ હડતાલ પર બેસી ગયા છે. તેમણે બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારને તેમને ઘરે મોકલવા માટે બસ મોકલવાની અપીલ કરી છે. તેમણે જણાવ્યું છે કે, બીજા રાજ્યોના વિદ્યાર્થીઓ તેમના ઘરે જતા રહ્યા છે આવામાં મે અહિંયાથી લઈ જવા માટે વ્યવસ્થા કરવામાં આવે. જો કે, બિહાર સરકારે પહેલા જ સ્પષ્ટ કરી દીધું છે કે, કોટાથી વિદ્યાર્થીઓને પરત બોલાવવા હાલ સંભવ નથી.

લોકડાઉનને કારણે કોટામાં ફસાયેલા લગભગ ૧૮,૦૦૦ કોચિંગ વિદ્યાર્થીઓ પોત-પોતાના ઘરે પરત ફરી ગયા છે. લોકડાઉનની જાહેરાત બાદ મેડિકલ (નીટ) અને એન્જિન્યરિંગ પ્રવેશ (જેઈઈ) પરિક્ષાની કોચિંગ લઈ રહેલા લગભગ ૪૦,૦૦૦ વદ્યાર્થીઓ કોટામાં જ ફસાઈ ગયા હતા. અત્યાર સુધી ત્યાં પાંચ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના લગભગ ૧૮ હજાર વિદ્યાર્થીઓ પોત-પોતાના ઘરે પરત ફરી ગયા છે. જેમાં ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડના લગભગ ૧૨,૫૦૦, મધ્ય પ્રદેશના ૨૮૦૦, ગુજરાતના ૩૫૦ અને દાદરા-નગર હવેલીના ૫૦ વિદ્યાર્થીઓ સામેલ છે.

ત્યાંજ કોટોમાં અભ્યાસ કરી રહેલા બિહારના વિદ્યાર્થીઓને પરત બોલાવવા માટે નીતીશ કુમાર તરફથી અત્યાર સુધી કોઈ પગલા લેવામાં આવ્યા નથી.

રામાયણ બાદ ઐતિહાસિક સિરિયલ શ્રી કૃષ્ણનું ટૂંક સમયમાં દૂરદર્શન પર થશે પ્રસારણ



મુંબઈ

લોકોની ભારે માંગ બાદ દૂરદર્શન પર ૮૦ અને ૯૦ ના દાયકાની સિરીયલો ફરીથી પ્રસારિત કરવામાં આવી હતી. રામાનંદ સાગરના રામાયણ અને બીઆર ચોપરાના મહાભારતને તે જમાનામાં જે પ્રેમ મળતો હતો તે પ્રેક્ષકો તરફથી હજી પ્રેમ મળી રહ્યો છે. અહેવાલ છે કે રામાયણ પછી ટૂંક સમયમાં જ એક બીજી ઐતિહાસિક સિરિયલ ટૂંક સમયમાં દૂરદર્શન પર શરૂ થવા જઈ રહી છે, જેનું નામ 'શ્રી કૃષ્ણ' છે. રામાનંદ સાગરે 'શ્રી કૃષ્ણ'નું નિર્દેશન પણ કર્યું હતું. ડીડી નેશનલ દ્વારા ખુદ ટ્વીટ કરીને તેના વિશે માહિતી આપવામાં આવી છે.

દૂરદર્શને તેમના પ્રેક્ષકોને જાણકારી આપતા એક ટ્વીટ કરી કહ્યું છે ખુશખબરીપ આપણા પ્રેક્ષકો માટે !! 'શ્રી કૃષ્ણ' જલ્દી આવે છે. રામાયણ અને મહાભારતનાં વારંવાર ટેલિકાસ્ટ પછી, રામાનંદ સાગર દ્વારા બનાવવામાં આવેલી ટીવી સીરિયલ 'શ્રી કૃષ્ણ' ફરી શરૂ કરવામાં આવે તેવી સતત માંગ કરવામાં આવી હતી. લોકડાઉન દરમિયાન શરૂ થયેલા બંને કાર્યક્રમોએ દૂરદર્શનની ટીઆરપી રેકિંગને ટોચ પર રાખ્યું છે. લોકોની ભારે માંગ બાદ હવે ચેનલ ટૂંક સમયમાં 'શ્રી કૃષ્ણ' શરૂ કરવા જઈ રહી છે.

બાર્કની ૧૫માં અઠવાડિયાની ટીઆરપી રેટિંગ અનુસાર, રામાયણ અને મહાભારત દ્વારા દૂરદર્શનનું શાસન ચાલુ છે. તેથી, ચેનલ વિચારણા કરી રહી છે કે રામાનંદ આર્ટસના નિર્માણમાં બનેલો શો 'શ્રી કૃષ્ણ' ટૂંક સમયમાં પ્રસારિત કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે આ શો ૧૯૯૩ માં દૂરદર્શનની મેટ્રો ચેનલ પર પ્રસારિત થયો હતો અને તે પછી તે ૧૯૯૬ માં દૂરદર્શન પર પ્રસારિત થયો હતો. આ શોમાં શ્રી કૃષ્ણનું પાત્ર સર્વદમન ડી. બેનરજીએ ભજવ્યું હતું. સર્વદમન બેનર્જીને આ શોથી ઘણી લોકપ્રિયતા મળી. લોકો તેને ખરેખર ભગવાન શ્રીકૃષ્ણ માને છે. તે રામાયણ, 'અર્જુન', 'જય ગંગા મૈયા' અને 'ઓમ નમ: શિવાય' જેવા શોમાં પણ નજરે પડ્યા હતા.

અત્યારની પરિસ્થિતિને જોતા ભારતમાં હમણા કોઈ મેચ નહીં રમાય: ગાંગુલી



મુંબઈ

ભારતીય ક્રિકેટ ફેન્સને બીસીસીઆઈ અધ્યક્ષ સૌરવ ગાંગુલીની વાતથી ઝાટકો લાગી શકે છે, જે લોકો હજી સુધી ક્રિકેટ રમાવાની આશા રાખીને બેઠા છે. ગાંગુલીએ કહ્યું કે, કોરોના વાયરસને કારણે આગામી થોડા સમયમાં ભારતમાં કોઈ પણ પ્રકારની ક્રિકેટ મેચ નહી યોજાય. કોરોના વાયરસને કારણે ક્રિકેટ કેલેન્ડર રોકાયેલું છે અને હાલમાં દરેક પ્રકારની સીરીઝ, ટૂર્નામેન્ટ રદ કે સ્થગિત કરવામાં આવી છે. હાલના સમયમાં કેટલાક દેશોમાં કોરોનાના મુદ્દે સંખ્યા ઘટી છે જેમાથી જર્મની એક છે. એ માટે જર્મની તેની ફૂટબોલ ટીમને શરુ કરી શકે છે. ગાંગુલીએ કહ્યું કે, ભારતની પરિસ્થિતિ જર્મનીથી અલગ છે એટલે નજીકના સમયમાં કોઈ ક્રિકેટ નહી યોજાય. હા, હજુ તેમ ઘણું જો અને તો છે.

જયા જીવનું જોખમ હોય ત્યા હુ ખેલના પક્ષમાં નથી. કોરોના વાયરસના કારણે ભારત અને દક્ષિણ આફ્રીકાની વચ્ચે માર્ચમાં રમાનારી ત્રણ મેચોને રદ કરી દેવામાં આવી છે. આ સાથે જ ૨૯ માર્ચે શરૂ થનારી આઈપીએલ પણ અનિશ્ચિત સમય સુધી સ્થગિત કરી દેવામાં આવી છે. બીસીસીઆઈને આઈપીએલ મેચ શરૂ કરવા માટે કોઈ નવી તારીખ નથી મળી રહી. આ અગાઉ બીસીસીઆઈ આઈપીએલને ૧૫ એપ્રિલ સુધી સ્થગિત કરી હોવાની જાહેરાત કરી હતી. એ આશામાં કે હાલત સુધરશે અને યોગ્ય સમય જોઈને ટૂર્નામેન્ટનું ફરીથી આયોજન કરી શકાશે. પરંતુ ૩ મે સુધી લોકડાઉન લંબાવવાને કારણે આ આશા પર પણ પાણી ફરી ગયું છે.

આ અગાઉ સૌરવ ગાંગુલીએ કહ્યું હતું કે, અત્યારે સમગ્ર વિશ્વની જે હાલત છે તેમાં આઈપીએલનું આયોજન કરવું મુશ્કેલ છે. અત્યારે એરપોર્ટ બંધ છે, લોકો ઘરોમાં ફસાયેલા છે, ઓફિસો બંધ છે. કોઈ ક્યાંય જઈ શકતું નથી અને એવુ લાગી રહ્યું છે કે મે સુધી આવું જ ચાલશે. અને જો આવું જ ચાલશે તો વિદેશી ખેલાડીઓ ભારત કેવી રીતે આવી શકશે તે મોટો સવાલ છે. જો તેઓ ભારત નહીં આવી શકે તો ટૂર્નામેન્ટનું આયોજન કરવું અશક્ય છે. આખી દુનિયામાં આ વખતે રમતના પક્ષમાં કશું જ નથી. બીસીસીઆઈએ પણ તાજેતરમાં કહ્યું હતું કે, દેશના સ્વાસ્થ્ય અને તેની સુરક્ષા અમારા માટે પહેલી પ્રાથમિકતા છે. બીસીસીઆઈએ ફ્રેન્ચાઈઝી માલિકો, બ્રોડકાસ્ટર, આયોજકો અને તમામ લોકોના હિતને ધ્યાનમાં રાખીને આ રમત ત્યારે જ ચાલુ થશે જ્યારે પરિસ્થિતિ સારી હશે.

માત્ર ૧૧ વર્ષની વયે જાતીય શોષણનો સામનો કરવો પડ્યો હતો: અભિનેત્રી મોનાલિસા

મુંબઈ

ભોજપુરી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની સૌથી ધાકડ અભિનેત્રી મોનાલિસાએ એક સનસનાટીભર્યો ખુલાસો કર્યો છે. તેણે કહ્યું છે કે જ્યારે તે માત્ર ૧૧ વર્ષની હતી ત્યારે તેણે જાતીય શોષણનો સામનો કરવો પડ્યો હતો. તાજેતરમાં જ તેણે એક ઈન્ટરવ્યુ દરમિયાન કહ્યું, 'શરૂઆતમાં જ્યારે હું મુંબઈ પહોંચી ત્યારે મને એક ફિલ્મમાં એક નાનકડું પાત્ર અને ભોજપુરી ફિલ્મમાં ભૂમિકા મળી. પરંતુ મારું મન લાગ્યું નહીં તો હું થોડાક સમયમાં જ પરત ફરી ગઈ હતી.

તેણે કહ્યું, વર્ષ ૨૦૦૪ માં, મારા મગજમાં મુંબઈ રહેવાનું આખરે મારા મગજમાં આવ્યું. ત્યારબાદ મેં પંજાબી વીડિયો, બી-ગ્રેડની ફિલ્મોથી તમામ પ્રકારના કામ કરવાનું શરૂ કર્યું, પછી મને ભોજપુરી ફિલ્મોમાં બ્રેક મળ્યો." તેણે કહ્યું, "આ સંઘર્ષમાં ઘણાં પડાવ આવ્યા હતા. પરંતુ મને સૌથી વિચિત્ર વાત એ હતી જ્યારે કોલકાતામાં ફરતા સમયે એક



શખ્સ કોઈ બહાનાથી મારા પર યૌન શોષણ કરતો હતો. ત્યારે હું માત્ર ૧૧ વર્ષની હતી. હું સમજી શકી નહીં. "હું એકદમ ચોંકી ગઈ હતી. તાજેતરમાં જ, ભોજપુરી સ્ટાર મોનાલિસા પણ આ દિવસોમાં ઘરે છે અને ટિક ટોક વીડિયો બનાવીને સેલ્ફ આઈસોલેશનમાં પોતાનો કંટાળો દૂર કરી રહી છે. ભોજપુરી સ્ટાર મોનાલિસાએ હાલમાં જ સોશિયલ મીડિયા પર એક ફની વીડિયો શેર કર્યો છે, જેને તેના ચાહકો ખૂબ પસંદ કરે છે. આ વિડિઓ એકદમ રમૂજી લાગે છે.

વિડિયોઓમાં, ક્વોરન્ટાઈન શબ્દને મોનાલિસા યોગ્ય રીતે બોલી શકતા નથી અને તેને અલગ-અલગ રીતે બોલી રહ્યા છે, તેની જીભ અચકાઈ રહી છે. પછી વિડિયોમાં એક વ્યક્તિ ક્વોરન્ટાઈન યોગ્ય રીતે બોલે છે, જેના પર તે કહે છે, હા હા, મતલબ ઘરમાં બંધ છે. આ પહેલા, મોનાલિસાએ તેના પતિ વિક્રાંત સિંહ રાજપૂત સાથે એક ટિક ટોક વીડિયો બનાવ્યો હતો અને તેને તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર શેર કર્યો હતો, જેને લોકોએ ખૂબ પસંદ કર્યું હતું.

તંત્રી લેખ

હવે ગ્રીન કાર્ડ પર બ્રેક

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પ્રવાસી પ્રોફેશનલ્સોને ટાર્ગેટ બનાવીને હવે અમેરિકા ફર્સ્ટની વાત ફરી એકવાર કરી છે. સાથે સાથે નવા ગ્રીન કાર્ડ જારી કરવા અથવા તો કાયદાકીય સ્થાનિક નિવાસની મંજુરી આપવાની પ્રક્રિયાને આગામી ૬૦ દિવસ માટે બંધ કરી દીધી છે. ટુંકમાં ગ્રીન કાર્ડ પર ૬૦ દિવસ માટે બ્રેક મુકવાની જાહેરાત કરી દીધી છે. ટ્રમ્પે કોરોના વાયરસના કારણે અર્થતંત્ર પર જે અસર થઈ છે તેને ધ્યાનમાં લઈને આ પગલુ લઈ રહ્યા છે. આ પગલુ અમેરિકી શ્રમિકોની નોકરીની સુરક્ષાની ખાતરી કરવા માટે લેવામાં આવી રહ્યુ છે. નવા ઈમિગ્રન્ટ પર આ પ્રતિબંધના કારણે ઉપયોગી તબીબી સંશાધનોને અમેરિકાના નાગરિકો માટે બચાવીને રાખવામાં મદદ મળી શકશે. ટ્રમ્પે કહ્યુ છે કે આ વ્યવસ્થામાં કેટલીક રાહતો તો ચોક્કસપણે રહેનાર છે પરંતુપ આ પ્રતિબંધના ગાળાને પણ બે મહિનાથી આગળ વધારી શકાય છે. સ્વાભાવિક છે કે આ પગલાના કારણે એવા લોકો પર કોઈ અસર થશે નહીં જે અસ્થાયી રીતે અમેરિકામાં કામ કરવા માટે પહોંચેલા છે. જે લોકો એચ-૧ બી જેવા નોન ઈમિગ્રેશન વીઝા પર રહે છે તેમના પર પણ તેની કોઈ અસર થશે નહીં. નોકરી જવાના બે મહિના બાદ આ લોકોને દેશ છોડવાની ફરજ પડી શકે છે. જો કે આ મામલામાં હજુ સુધી અંતિમ વાત સપાટી પર આવી નથી. તબીબી કર્મચારીઓ અને રોકાણ શ્રેણી હેઠળ નાગરિકતા માટે અપીલ કરનારને બે મહિના સુધી આ રોકના ગાળા દરમિયાન પણ ગ્રીન કાર્ડ આપવામાં આવી શકે છે. ટ્રમ્પના આ નિર્ણય બાદ અમેરિકામાં વિરોધ જોઈ શકાય છે. વિપક્ષી ડેમોક્રેસીનુ કહેવુ છે કે કોરોના વાયરસને હાથ ધરવામાં નિષ્ફળતા ટ્રમ્પની દેખાઈ આવી છે. નવેમ્બરમાં યોજાનાર ચૂંટણી પહેલા ટ્રમ્પ લોકોના ધ્યાનને અન્યત્ર વાળવા માટે આ પગલા લઈ રહ્યા છે. કોંગ્રેસની અનુસંધાન સેવાની એક રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે આશરે ૧૦ લાખ કાયદાકીય વિદેશી કામદારો અને તેમના પરિવારના સભ્યો અમેરિકામાં ગ્રીન કાર્ડ મેળવી લેવાની રાહ જોઈ રહ્યા છે. સૌથી વધારે આ નિર્ણયની અસર ભારતીય પ્રોફેશનલો પર થનાર છે. ગ્રીન કાર્ડ આપવાના વર્તમાન નિયમોમાં ભારે ફેરફારો માટે અમેરિકી સેનેટર ડિક ડર્બિન દ્વારા લાવવામાં આવેલા એસ૩૮૬ સુધારાને લઈને ભારતીય સમુદાયના લોકો પહેલાથી જ હેરાન થયેલા છે. તેમનામાં ભય પણ જોઈ શકાય છે. અમેરિકામાં કોરોના વાયરસનો આતંક જારી રહ્યો છે. દુનિયામાં સૌથી વધારે પ્રભાવિત દેશોમાં અમેરિકામાં પ્રથમ સ્થાન પર છે. કોરોના કટોકટી ચાલી રહી છે અને અમેરિકામાં સ્થિતી કાબુ બહાર થયેલી છે ત્યારે આ પ્રકારનો નિર્ણય કરીને ટ્રમ્પે તમામને ચોંકાવી દીધા છે. ગ્રીન કાર્ડ પર રોક મુકવા પાછળ કેટલાક ચોક્કસ કારણો આપવામાં આવી રહ્યા છે. જે ગળે ઉતરી રહ્યા નથી. કોરોનાની સામે લડવામાં ટ્રમ્પ બિલકુલ નિષ્ફળ સાબિત થઈ રહ્યા છે. તેમની યોજનાઓને લઈને પણ પ્રશ્ન ઉઠી રહ્યા છે. આ ઉપરાંત ટ્રમ્પે પહેલા કોરોના વાયરસને લઈને લાપરવાહી દર્શાવી હતી. લાપરવાહીના કારણે જ અમેરિકામાં કોરોનાના કેસોમાં વધારો થઈ રહ્યો છે. મોતનો આંકડો પણ ખુબ ઉપર પહોંચી ગયો છે.

કોરોના વાયરસની સ્થિતીમાં ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકા ફર્સ્ટનુ ગાણુ ગાઈ ચર્ચા જગાવી

ડાઈટ મુદ્દે મહિલા સાવધાન

તાજેતરમાં જ કરવામાં આવેલા એક ખૂબ જ રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે મહિલાઓ તેમના ડાઈટ અંગે એક વર્ષમાં ૫૦૦ વખત ખોટી વાત કરે છે. આ અભ્યાસમાં જાણવા મળ્યું કે મહિલાઓ તેમની ખાવાપીવાની ટેવના મામલે હંમેશા અન્ય લોકો સમક્ષ ખોટા નિવેદન કરે છે અને ડાઈટ અંગે વાસ્તવિક વાત કરતી નથી. એક વર્ષમાં સરેરાશ ૫૦૦ વખત મહિલાઓ ખોટું બોલે છે તેવા અભ્યાસ સાથે કેટલાક લોકો સહેમત પણ નથી પરંતુ આ અભ્યાસના ભાગરૂપે ઘણી મહિલાઓને આવરી લેવામાં આવી હતી. બ્રિટનના અખબારે અભ્યાસના તારણો આપતા જણાવ્યું છે કે મહિલાઓ ખોટા નિવેદન કરવામાં હોશિયાર રહે છે. નવ પૈકીની એક મહિલા સરેરાશ ખોટું નિવેદન કરે છે. લંચ, ડિનરમાં ડાઈટના સંબંધમાં મહિલાઓ ખૂબ ઓછા કેસમાં સાચું નિવેદન કરે છે. કેટલીક મહિલાઓ ડાઈટ અંગે ખોટી માહિતી આપતાં એમ કહ્યાં કરે છે કે તે ડાઈટને લઈને ખૂબ સાવધાન છે અને સ્થૂળતા વધી જાય તેવી ચીજવસ્તુઓ ખાવામાં ઉપયોગ કરતી નથી પરંતુ આ બાબત યોગ્ય દેખાઈ રહી નથી. કેટલીક મહિલાઓ દિવસમાં ફૂટ અને વેજીટેબલ મોટા પ્રમાણમાં ખાવામાં ઉપયોગ કરતી હોવાની વાત કરે છે પરંતુ હકીકતમાં આવું પણ હોટું નથી. મહિલાઓ જે બાબતમાં સામાન્ય રીતે ખોટું બોલે છે તેમાં એક ગ્લાસ વાઈન પીવાની બાબત, ક્યારે બિસ્કિટ નહીં ખાવાની બાબતનો સમાવેશ થાય છે. ઘડિયાળ બનાવનાર એક કંપની ટાઈમેક્સ દ્વારા કરવામાં આવેલા સર્વેના આધાર ઉપર અભ્યાસના તારણો જારી કરવામાં આવ્યા છે. મોટાભાગની મહિલાઓ પોસ્ટિક ડાઈટની હંમેશા વાત કરે છે પરંતુ આ જ મહિલાઓ મોટા ભાગે જંકફૂડની શોખીન રહે છે. અભ્યાસના તારણ દર્શાવે છે કે ડેરીની ચીજવસ્તુઓ વજનને ઘટાડવામાં ભૂમિકા ભજવી શકે છે. મહિલાઓ તેમના ડાઈટ અંગે એક વર્ષમાં સરેરાશ ૫૦૦ વખત ખોટા નિવેદન કરે છે તેવા તારણથી બ્રિટનમાં કેટલાક નિષ્ણાંત સહેમત નથી. તેમનું કહેવું છે કે અભ્યાસના તારણમાં કોઈ આંકડા આપવામાં આવ્યા નથી.

ભારતની ચીનને લપડાકઃ વૈશ્વિક અર્થતંત્ર કબજે કરવાની ચાલ ખુલ્લી પાડી દીધી કે શું.....?

છેલ્લા ઘણા દિવસોથી કોરોના વાયરસ નાથવા માટે વિશ્વના વિજ્ઞાનીઓ-તજજ્ઞો રાતદિવસ મથામણ કરી રહ્યા છે. ત્યારે ગુજરાતના વૈજ્ઞાનિકોએ કોરોના વાયરસના અંશ સુત્રની શોધ કરી અને હવે તેની દવા-રસી શોધવામાં ઓતપ્રોત થઈ ગયા છે. ત્યારે વિશ્વભરમાં રોજેરોજ કોરોના સંક્રમિતોનો આક અંને મૃતાક બંને વધી રહ્યા છે. ભારતમાં એક સમયે ખુદ કેન્દ્રના આરોગ્ય મંત્રાલયે કહ્યું હતું કે કોરોના વાઈરસથી ડરવાની જરૂર નથી.... કોરોનાવાયરસ અંગે ૧૭ જાન્યુઆરીથી જ તમામ પ્રકારની મેડિકલ તપાસ માટેની તૈયારી શરૂ કરી દીધી છે. સુપ્રીમ કોર્ટમાં પણ કેન્દ્ર સરકારે એવું કહ્યું હતું કે ૫ જાન્યુઆરીએ કોરોનાનો પ્રથમ મામલો સામે આવ્યો હતો. જ્યારે ૨૬મી જાન્યુઆરીએ ઈન્દિરા ગાંધી એરપોર્ટ ઉપર સૂચના લગાવવામાં આવી છે કે જે કોઈ કોરોના પ્રભાવિત દેશોમાંથી આવે છે તેઓ પોતાની મેડિકલ તપાસ કરાવે અને જો આવા કેસ મળશે તો ક્વોરોન્ટાઈન કરવામાં આવશે.જ્યારે સૉપ્રિમ કોર્ટમા કહેલું કે ૧૭ મી જાન્યુઆરીથી મેડિકલ તપાસ માટેની તમામ તૈયારી કરી દીધી છે... જ્યારે કનીકા કપુર બહારથી આવે છે એટલે કે વિદેશથી આવે છે કોરોના પોઝૂટીવ છે તે યુપી ગઈ અને બબ્બે પાર્ટી માં હાજર રહી હતી સેકડો લોકોના સંપર્કમા પણ આવી હતી. યુપીમા એફઆઈઆર થઈ તેને ક્વોરોન્ટાઈનની સૂચના આપી હતી તેમજ હોસ્પીટલ જાય તેવું પણ કહ્યું હતું. ત્યારે સવાલ એટલોજ કે શું તેણી ભારતમાં આવી ત્યારે મેડિકલ ચેકઅપ કરવામાં આવ્યું હતું.....? અને આ બધું છતાં તેના પર કોઈ બંધી ન હતી અને પાર્ટીમાં અનેકોને મળે છે. ૨૫ અને ૨૬ જાન્યુઆરીએ ડોનાલ્ડ ટ્રમ્પ ગુજરાત આવ્યા તેમની પહેલા એનઆરઆઈ સેંકડોની સંખ્યામાં આવી પહોંચ્યા હતા....! મોટેરા સ્ટેડિયમ સહિત અમદાવાદ તેમના સ્વાગત માટે હજારો હજારોની સંખ્યામાં ભીડ જમા કરી હતી. ત્યારે શું કોઈ એનઆરઆઈ- વિદેશથી આવનારાઓની કોઈ મેડિકલ તપાસ થઈ હતી....? તે દિવસોમાં મધ્યપ્રદેશની કમલનાથ સરકારે કોરોના વાયરસના ખતરાને કારણે સત્ર ન બોલાવી શકાય તેવી રજૂઆત સુપ્રીમ કોર્ટમાં કરી હતી. અને તે સમયે સ્પિકર પ્રજાપતિએ ૨૬ માર્ચ સુધી મધ્યપ્રદેશ ગૃહ સ્થગીત કરી દીધું હતું.. તેની સામે ભાજપા નેતા સુપ્રીમ કોર્ટમાં ગઈ અને કહ્યું કે નહીં અત્યારે જ વિશ્વાસનો મત લેવા માટે સત્ર બોલાવવા આદેશ આપો..... અને વિશ્વાસ મત લેતા પહેલા કમલનાથે સરકારનું રાજીનામું આપી દીધું. ત્યાર પછી શિવરાજ ચૌહાણે પદ અને ગોપનીયતાની શપથ લીધા ત્યારે મોટી ભીડ જમા થઈ હતી. તો શું કેન્દ્ર સરકારે કહેલ કે ૧૭મીથી તમામ પગલાં લીધા છે.... તો મધ્યપ્રદેશમાં આ બાબતે ધ્યાન આપ્યું હતું....? તો શુ કેન્દ્ર સરકારે કોર્ટમા ૧૭ જાન્યુઆરીએ કહ્યા અનુસાર મધ્ય પ્રદેશમા ધ્યાન આપ્યુ હતુ કે કેમ.....,? જો કે કેન્દ્રના હેલ્થ મંત્રાવયે કહ્યુ હતુ કે કોરોના કોઈ ગંભીર સંકટ નથી....ખરેખર તો સુપ્રીમ કોર્ટમાં કહ્યું તેનાથી જમીની હકીકત તદન જુદી જ હતી. ડોક્ટરો પાસે પૂરતા માસ્ક,પીપીઈ કિટ તેમજ કોરોના વાયરસ સામે લડવા જરૂરી સુવિધા ન હતી.....! છતાં બધા પ્રકારના રાજકીય દાવ ચાલ્યા.....જેનુ પરિણામ આપણી સામે જ છે....!! હવે કોરોના ટેસ્ટીગ કીટ આવી આવી જતા કોરોના સંક્રમણનો આંક વધતો જઈ રહ્યો છે મૃતાક પણ વધી રહ્યો છે ત્યારે આને શું કહીશું....? કોની ભૂલ કહીશું.....?

સવાલો અનેક છે તો દેશના વિવિધ રાજ્યોમાની વાતો પણ અનેક છે. છતાં કેટલાક રાજનેતાઓ કોમવાદ ફેલાય તેવા નિવેદનો અને ટ્વિટો કરી તેના પડઘા ખાડીના દેશોમા પડ્યા.... ખાડીના દેશોએ અજુગતી અને કોમવાદની વાતને ગંભીરતાથી લેતા વડાપ્રધાન મોદીજીને ભાઈચારાની ભાવના ની ટ્વિટ કરવાની ફરજ પડી. સત્ય હકીકત એ છે કે કોરોના વુહાનની લેબોરેટરીમા તેના એક કર્મચારીની ભૂલને કારણે ફેલાયો હોવાની વિગતો જાહેર થઈ છે.. અને આ કોરોનાએ જ્ઞાતિ જાતિ કે કોમના ભેદભાવ રાખ્યા વગર વિશ્વભરમાં દરેક જ્ઞાતિ- જાતિ- કોમના લોકોને પોતાની ચપેટમાં લઈ લીધા છે.... અને હજુ કેટલાને પોતાની ચપેટમાં લેશે,કેટલાને મોતના ખપ્પરમા ધકેલી દેશે તે કોઈ કહી શકે તેમ નથી.....! તે હકીકત છે.પરંતુ એક વાત ચોક્કસ છે કે ચીને વિશ્વને તમામ ચીજ-વસ્તુ માત્ર ટચ કરવાથી ચાલુ થાય, કાર્ય કરતી થાય તેવી આપી છે... ટચ વાળા ફોન, દરવાજા, કાર, ટીવી, ફ્રીઝ જેવી અનેક ઈલેક્ટ્રોનિક વસ્તુઓ ટચવાળી આપી.... એ રીતે કોરોના વાયરસ ચેપ પણ.....! મૂળ વાત એ કરવાની છે કે દેશમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોએ આમ પ્રજાને અનાજ, ખાવા માટેની ચીજો તેમજ આર્થિક સહાય સહિત મદદ કરવાની જાહેરાત કરવા સાથે તેનો અમલ પણ કરી દીધો... છતાં પણ પરપ્રાતિઓ પોતાના વતન તરફ જવા નીકળી પડ્યા.... તેનું કારણ કોરોનાનો ડર હતો જ.... ઉપરાંત રોજમદાર તરીકે કામ કરનારા, મજૂરી કરનારા, અસંગઠિત કામદારો માટે મુશ્કેલી એ હતી કે ર્ફ્ઠાર્ફ્ઠહ ને કારણે ધંધા-રોજગાર, ઉદ્યોગો ઠપ્પ થઈ જતા ખાવા માટે શું.....?અનેકો પાસે રેશનકાર્ડ જ નથી તેઓનું શુ....?કેન્દ્ર અને રાજ્ય સરકારોએ પોતાનાથી બનતી તમામ સહાય શરૂ કરી દીધી... પરંતુ અનેક જરૂરતમંદો રખડી પડ્યા હતા તે સાથે ગામડાઓની હાલત સવિશેષ ખરાબ હતી. કારણ વાડી-ખેતરમાં ન જઈ શકે.... તો પછી ગરીબો, ખેત મજુરોને રોજગારી ક્યાંથી મળે.....? આ બધામાં અનેક સેવાભાવી નાના-મોટા ભામાશાઓએ અનાજ વિતરણ કરવાનુ અને જમાડવાનું શરૂ કરી દીધું.... છતાં દરેક જરૂરિયાતમંદ સુધી પહોંચી શકાયું નથી.....! ત્યારે લોઅર મધ્યમ વર્ગ અને મધ્યમ વર્ગના લોકો હાથ લંબાવે નહીં કે કોઈ પાસે માગે નહીં..... પરિણામે તેમની હાલત વધુ કફોડી બની રહી છે કદાચ મધ્યમવર્ગની વસ્તીમાં ઘટાડો થઈ શકે....! પરંતુ ગરીબોની વસ્તી વધી જવાની સંભાવના વધુ છે.....!!

કેન્દ્ર સરકારે અનેક પ્રકારની સહાય આપવાની જાહેરાતો કરી તો રાજ્ય સરકારોએ સહાય આપવાનું શરૂ કરી દીધું.... આર્થિક સહાય પણ જાહેર કરી દીધી. પરંતુ ખરેખર જે જરૂરી હતું તેમાં પાછી પાની કરી..... ખરેખર તો લોકોને સહાય કરવા લાઈટબિલ માફ કરવાની, શિક્ષણ ફી માફ કરવા, મ્યુ.ટેક્સ માફ કરવાની જરૂર હતી પરંતુ તે ન કર્યુ કારણ અનેક શાળાઓ-કોલેજો ધારાસભ્યો, સાંસદોની કે તેમની ભાગીદારીની છે તે સૌ કોઈ જાણે છે....! તો ભારે ડિપોઝીટ-ફી લેતી ખાનગી હોસ્પિટલો સામે આકરા પગલાં લેવાની કે પછી હોસ્પિટલો સરકારે લઈ લેવાની જરૂર હતી.... આ માટે સરકાર પાસે સત્તા પણ છે.... પરંતુ કહેવાય છે ને કે "ભૂવો નાળીયેર પોતાના ઘર તરફ જ ફેકે'સરકારે આવા બિઝનેસોનખ સાચવી લીધા.....! ત્યારે કેરળ સરકારે લીધેલ પગલા યાદ આવે છે... ત્યાં પ્રથમ કેસ નોંધાયો હતો.... ત્યાં સામ્યવાદી સરકાર છે તેના મુખ્યમંત્રીએ વિવિધ જરૂરી ટીમો બનાવી કામ સોંપી દીધા ..જેમા અગત્યનુ કામ દરેક ઘરમાં અનાજ સહિતનો જીવન જરકરી માલ સામાન વિતરણ કરાવી દીધી અને ર્ફ્ઠાર્ફ્ઠહ અમલ પણ ચુસ્ત પણખ શરૂ કર્યું.... લોકોનો સાથ પણ ગજબનો ૧૦૦ ટકા મળ્યો એટલે ત્યાં કોરોના કેસો વધુ થયા નહીં... પરપ્રાતિઓએ વતન જવા ઉચાળા ન ભર્યા... એ હકીકત સ્વીકારવી રહી. ત્યારે મોદીજીએ લુચ્ચા ચીનનુ અન્ય દેશોનું હડપ કરવાની ચાલ સમજી ગયા અને એટલા માટે ચીને ભારતના જે તે ઉદ્યોગો ખરીદવાની વેતરણ શરૂ કરી અને તે માટે ચીને એચડીએફસી બેંકના રૂપિયા ૧.૭૫ કરોડના શેર ખરીદી લીધાની જાણ થતા જ ભારત સરકાર સફાળી જાગી ગઈ અને એફડીઆઈના નિયમોમાં મહત્વના ફેરફાર કરતા ચીનની ચાલ ઊધી પડી ગઈ....! ભારતમાં કંપનીઓની કિંમત ઘટી ગઈ છે અને તેનો લાભ ચીન આવી કંપનીઓમાં રોકાણ કરી હડપ કરવાની હતી.. જેનાથી શંકા થાય છે કે કોરોના વાયરસની અસર વિશ્વના દેશોના અર્થતંત્ર પર પડી છે ત્યારે ચીનનુ તેના પર કબજો કરવાનુ તરકટ તો નથીને.....?

જયંતી રવી કહે છે હજુ વધશે પણ ચિંતા ના કરશો..

રાજ્ય મહામારીના સંકટમાં અને અગ્ર સચિવની "અતઃશ્રી કોરોના કથા" કે સરકારી પટકથા?

- **લો બોલો, કેસો વધે તો લોકો ચિંતા ના કરે.?! આ તે કેવી સંવેદના છે સંવેદનશીલ સરકાર?!**
- **ટેસ્ટીંગ ક્ષમતા મામલે તંત્રનું ગણિત સાવ વિચિત્ર.!**
- **કોરોના માહિતીમાં કેટલાક વાર તેમણે છબરડા પણ વાળ્યાં છે.**
- **શું અગ્ર સચિવ માત્ર સરકારી આંકડાની કથા કહેવા માટે મિડિયા સામે આવે છે...?**

સામાન્ય રીતે સરકારની કામગીરી પ્રવક્તા મંત્રી દ્વારા આપવાની પ્રથા ચાલી રહી છે. રોજેરોજનું બુલેટીન આપવાનું હોય ત્યારે પણ પ્રવક્તા મંત્રી માહિતી આપતા આવ્યાં છે. ગુજરાતના માથે કોરોનાનું મોટુ સંકટ આવેલું છે. ૬ કરોડની પ્રજા દેશના અન્ય રાજ્યોની જેમ લોકડાઉનમાં કેદ છે. કોરોના વાઈરસના કેસો વગેરે.ની જાણકારી ગુજરાતમાં કોઈ મંત્રી દ્વારા નહીં પણ આરોગ્ય વિભાગના સચિવ ડો. જયંતિ રવિ દ્વારા આપવામાં આવી રહી છે. છેલ્લાં કેટલાય દિવસોથી તેઓ માહિતી આપી રહ્યાં છે. મિડિયામાં અને ખાસ કરીને ટીવીમાં તેમને રોજે રોજે સ્થાન મળતાં કેટલાક તો તેમને આરોગ્યમંત્રી માની રહ્યાં છે.! જે ખરેખર આરોગ્ય મંત્રી નીતિન પટેલ માટે યોગ્ય તો નથી જ. શરૂઆતમાં એક-બે દિવસ મિડિયા બ્રિફિંગ બાદ એવું લાગ્યું કે હવે રવિ જ માહિતી આપવાના છે ત્યારે મિડિયાએ શોધી કાઢ્યું કે તેઓ શાસ્ત્રીય સંગીતના પણ સારા જાણકાર છેપ!! ઉપરાતં, ટીવીમાં રોજેરોજ ચમક્યા બાદ મહિલા સચિવ પોતાના વસ્ત્ર પરિધાન પ્રત્યે વધારે ધ્યાન આપવા લાગ્યા અને જાણે કે કોઈ એંકરિંગ બુલેટીનમાં જવાનું હોય તેમ તેઓ આકર્ષક વસ્ત્ર પરિધાન કરીને બ્રિફિંગ માટે મિડિયા સમક્ષ આવે છે.! અલબત્ત, એ તેમનો અંગગત મામલો છે. પણ કેટલાક ટીવી દર્શકોએ તેમના વસ્ત્ર પરિધાનની નોંધ લીધી તે ચોક્કસ છે. અને તે દેખાઈ આવે છે.

મહિલા સહજ સ્વભાવને કારણે અને ટીવીમાં કમ સે કમ અડધો કલાક તો ટીવી પડદે રહેવાનું મળી રહ્યું હોય ત્યારે દેખીતી રીતે જ કોઈ પણ વસ્ત્ર પરિધાન પ્રત્યે ધ્યાન આપે જ. અગ્ર સચિવ પણ ડ્રેસિંગ કોન્સિયસ છે જે એક સારી બાબત અને તેમનો અંગત મામલો છે. પરંતુ તેમના દ્વારા અપાતી માહિતી કે જાણકારીને લઈને વિવાદ શરૂ થયો છે ત્યારે તેઓ હવે ધીમે ધીમે લોકોના એવા ફોકસમાં આવી રહ્યાં છે કે તેમના દ્વારા કોરોના સંકટ અને કેસોની માહિતી અંગે શંકા-કૂશંકાના બીજ ફૂટી રહ્યાં છે.

દિવસમાં બે વખત કોરોના કેસોની માહિતી આપનાર અગ્ર સચિવે ટેસ્ટીંગના મામલે એક અખબારે કાન પકડ્યા એટલે સવારનું બ્રિફિંગ બંધ કરીને હવે રોજ સાંજે જ કોરોનાની માહિતી આપવાનું શરૂ થયું છે. લોકો એ પણ જાણે છે કે ૨૭ ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ ગોધરા રેલવે સ્ટેશન ખાતે ટ્રેન સળગાવવામાં આવી ત્યારે જયંતિ રવિ ગોધરાના કલેકટર હતા. જો કે ત્યારબાદ તેમની બદલી કરવામાં આવી હતી અને છેલ્લા કેટલાક સમયથી આરોગ્ય વિભાગમાં અગ્ર સચિવપદે છે. કોરોના રોગનો સામનો કરવા સરકારે હાથ ધરેલી કામગીરી, કેસોની સંખ્યા, ટેસ્ટીંગ વગેરે.ની માહિતી ડો. રવિ દ્વારા જ આપવામાં આવે છે. શરૂઆતમાં તેઓ લાઈવ બ્રિફિંગ શરદી થઈ હોય તેમ જણાતુ હતું. રૂમાલથી નાક સાફ કરતા હતા. તે જોઈને કેટલાક દર્શકો એમ કહેતા કે અધિકારી પોતે જ શરદી-ખાંસીથી બિમાર હોય તેમ લાગે છે તેથી પહેલા તો તેમણે પોતાનો કોરોના ટેસ્ટ કરાવવો જોઈએ. જો કે તેમના સહ અધિકારીઓએ લાઈવ જોઈને તેમનું ધ્યાન દોર્યું હશે તેથી તે પછી તેઓ સ્વસ્થ જણાય છે.,,

તેમના માથે કોરોનાની વિગતો આપવાની એક મોટી જવાબદારી સરકારે તેમને સોંપી છે. પરંતુ કેટલાક વાર તેમણે છબરડા પણ વાળ્યાં છે. આંકડામાં તફાવત હોય. ખાસ કરીને ટેસ્ટીંગ ક્ષમતાને લઈને તેમણે સરકારને આરોપીના પાંજરામાં ઉભા રાખવાનું કામ કર્યું હોય તેવી વિગતો આપતા મિડિયાએ ઉધડો લીધા બાદ રોજના ૩ હજાર ટેસ્ટીંગની વાતો કરે છે. ક્યારેક ૨ હજાર ટેસ્ટીંગ તો ક્યારેક ૩ હજાર ટેસ્ટીંગ એમ અલગ અલગ આંકડાને લઈને વિવાદ સર્જાતા છેવટે સીએમઓ અશ્વિનીકુમારને દરમ્યાનગીરી કરવાવાની ફરજ પડી હતી. અને તેમણે ટેસ્ટીંગ વધારીશું એમ કહ્યું હતું. કોરોને લઈને કેસોની સંખ્યા, સ્થાનિક વસ્તી વગેરેને લઈને જે તે વિસ્તારોને અલગ અલગ રંગઝોનમાં વહેંચવામાં આવ્યાં છે.

એક અભ્યાસ દર્શાવે છે કે, ગુજરાતમાં સૌથી વધુ ખતરો છે તેવા રેડ ઝોન અને ઓરેન્જ ઝોન છે જે રાજ્યની કુલ જનસંખ્યાના ૧૫.૧૫ ટકા એટલે કે આશરે ૯૮.૫ લાખ થાય છે, એનો અર્થ સ્પષ્ટ છે કે રાજ્યના લગભગ એક કરોડ લોકો કોરોનાની ચપટમાં ફસાયા છે. જેમાં સક્રિય કેટલા હશે તે એક તપાસનો વિષય છે. આ પરિસ્થિતિમાં રાજ્ય સરકારની ટેસ્ટીંગ કરવાની ઉદાસીનતા દુખદ છે. અગ્ર સચિવ જયંતી રવીના કહેવા પ્રમાણે રાજ્યમાં રોજના ૩૦૦૦ ટેસ્ટીંગ કરવાની જ ક્ષમતા છે, આનો મતલબ એ છે કે રાજ્યના હોટસ્પોટ વિસ્તારોમાં વસતા દર એક લાખ લોકોએ માત્ર ૩૦.૫ લોકોના જ સ્ટેસ્ટ કરવામાં આવે છે શું ખરેખર સરકારને આ મુદ્દાની ગંભીરતાં છે ખરી.? .આ પ્રકારે ટેસ્ટીંગ કરતાં કેટલો સમય લાગશે અને ત્યાં સુધીમાં કેટલા નવા હોટસ્પોટ વધી જશે અને કેટલા લોકો કોરોનાની ઝપટમાં આવી જશે તેનો કોઈ અંદાજ અગ્ર સચિવ રવિએ કાઢ્યો છે ખરોપ.? શું લોકડાઉન ખોલવાની ઉતાવળમાં હવે પીસીઆર ટેસ્ટ ઘટાડવામાં આવી રહ્યાં છે? કેસો વધી રહ્યાં હોય ત્યારે કર્ફ્યુનો અમલ કડક કરવાને બદલે કર્ફ્યુ ઉઠાવી દેવામાં આવે તે કેટલું વાજબીપ.એ પ્રશ્નનો જવાબ અગ્રસચિવે આપવો જોઈએ.

કોરોનાથી શું થયું તેની માહિતી અગ્રસચિવ આપે છે પણ લોકોમાં કોરોનાનો ભય દૂર થાય તેવી કોઈ માહિતી કે કોરોના વધે તો પણ સરકાર તેનો સામનો કરવા સુસજ્જ છે, અમારી પાસે તમામ કેસોને પહોંચી વળવાની ક્ષમતા છેપસરકારનું આગામી ૬ મહિનાનું કોરોના માટેનું શું આયોજન છે, કેન્દ્ર સરકારે શું મદદ કરી, કેટલા ખાનગી ડોક્ટરોને આ મહામારીનો સામનો કરવા માટે તેઓ પ્રેરિત કરી શક્યાપ.કેમ કોરોના વોરિયર્સ ડોક્ટરો, પેરા મેડિકલ સ્ટાફને અમારો ટેસ્ટ કરાવો..ની માંગણીને લઈને વિડિયો વાઈરલ કરવો પડ્યો.? કેમ એક મહિલા મેડિકલ ઓફિસરને રડતા રડતાં પોતાની વિતક કથા કહેવાની ફરજ પડી..? શું અગ્રર સચિવ માત્ર સરકારી આંકડાની કથા કહેવા માટે મિડિયા સામે આવે છે.? આખુ ગુજરાત તેમનું મિડિયા બ્રિફિંગ સાંભળવા માટે આતુર હોય ત્યારે તેમણે કેટલું મોટિવેશન કર્યું કોરોના માટે.? વધતાં કેસો માટે ક્યારેક જમાતિયાનો મુદ્દો રજૂ કર્યો પછી એમ કારણ આપ્યું કે સરકીરે ટેસ્ટીંગ વધાર્યું એટલે કેસો વધે છે પછી એમ કહ્યું કે હોટસ્પોટમાંથી કેસો વધી રહ્યાં છે અને હવે એમ કહે છે કે કોરોનાથી ઓછા અને અંગત બિમારીથી લોકો વધુ મરી રહ્યાં છે..!! આ છે મિડિયા બ્રિફિંગની સામગ્રી સંપુટ.? ક્યારેક વળી એમ કહ્યું કે કેસો હજુ વધશે પણ ચિંતા ના કરશો.. લો બોલો, કેસો વધે તો લોકો ચિંતા ના કરે.?! આ તે કેવી સંવેદના છે સંવેદનશીલ સરકાર દ્વારા મિડિયા બ્રિફિંગ માટે નિયુક્ત મહિલા અધિકારીની?

ફળોનો કટોરો રામગઢ

રામગઢ ક્યાં ? તે ઉત્તરાખંડના લોકપ્રિય હિલ સ્ટેશન નૈનિતાલથી ૩૪, ભીમતાલથી૩૫, અલમોડાથી ૪૫ અને રાનીખેતથી ૫૪ કિલોમીટરે છે. રાજયની રાજધાની દહેરાદૂનથી તે ૩૧૯ કિલોમીટરે છે. સમુદ્રસપાટીથી ૧,૭૮૯ મીટર ઉંચાઈએ સ્થિત આ હિલ સ્ટેશન એક સમયે બ્રિટિશ લશ્કરની છાવણી હતું. મૂળે તે બે ભાગમાં વહેંચાયેલું છે. તલ્લા રામગઢ અને મલ્લા રામગઢ, તલ્લા એટલે તળેટીનો ભાગ. મલ્લા એટલે ઉપલો ભાગ.





શું જોશો ?

ફળની વાડીઓ : રામગઢનું મુખ્ય આકર્ષણ તેના ફળઝાડના બગીચા છે. ત્યાંનો મોટો ભાગ આ બગીચાઓથી છવાયેલો છે. ત્યાંની ખુશનુમા આબોહવા તનમનને ખુશ કરનારી છે. પીચ, પ્લમ, વિવિધ પ્રકારના સફરજન, નાસપતી, જરદાળુ અને સ્ટ્રોબરી જેવા ફળોનો ત્યાં સ્વાદ માણનારને ત્યાંની જમીનની ફળદ્રુપતાનો ખ્યાલ આવે છે. આ બગીચા જોઈને એ પણ ખ્યાલ આવે કે શા માટે આ જગ્યાને ફળોના ટોકરાનું ઉપનામ યથાર્થ છે. નથુવાખાન : રામગઢની નજીકનું આ સ્થળ નૈસર્ગિક સૌંદર્ય માટે જાણીતું છે. તે કુમાઉ ક્ષેત્રની મધ્યમાં સમુદ્રસપાટીથી ૬,૩૬૫ ફૂટ ઉંચાઈએ છે. તે નૈનિતાલ અને મુકતેશ્વરથી ઘણું નજીક છે. ત્યાંની તાજગીથી ભરપૂર હર્બલ ચા દિવસભરનો થાક અને ઉંઘ ભગાડે તેવી છે. પ્રકૃતિની ગોદમાં એકાદ દિવસ પસાર કરવો હોય તો ત્યાં હોટેલ્સ પણ મળી રહે છે. મુક્તેશ્વર : તે રામગઢથી પચીસ કિલોમીટરે છે ભારતીય વેટરનરી રિસર્ચ ઈન્સ્ટિટયુટના સ્વરૂપમાં રિસર્ચ અને શૈક્ષણિક સંસ્થા તરીકે ઈ.સ. ૧૮૯૩માં બ્રિટશરોએ તેની સથાપના કરી હતી. ત્યાં સ્થિત ૩૫૦ વર્ષ પ્રાચીન શિવ મંદિરને કારણે તેને આ નામ મળ્યું છે. કુમાઉ પર્વતોમાં તે ૨,૨૮૬ મીટરે તેની છે. ટોચ પરથી નંદા દેવી, ત્રિશુળ જેવા હિમાલયના પર્વતો નિહાળી શકાય છે. મંદિર સુધી પહોંચવા સોએક જેટલાં પગથિયા ચઢવા પડે છે. શિવજી સાથે ત્યાં બ્રહ્મા, વિષ્ણુ, પાર્વતી, હનુમાન અને નંદીની પ્રતિમાઓ છે. મંદિરની બહાર વાનરો પણ મોટી સંખ્યામાં જોવા મળે છે. આ એક નાનકડું હિલ સ્ટેશન હોવાથી રહેવા- જમવાના ઢગલાબંધ વિકલ્પો નથી, પણ ખાવાપીવાની મુશ્કેલી પડતી નથી. ત્યાંથી બિનસર, નૈનિતાલ અને અલમોડા નજીક છે. ત્યાં જવાનું થાય તો બટેટાની સૂકી ભાજી અને કાંદાના ભજિયાંનો સ્વાદ અવશ્ય માણવો. જંગલની લટાર : ત્યાંના જંગલમાં ટ્રેકિંગ કરવાની મજા આગવી બની રહે છે. ગીચ જંગલમાં ભુલા પડાય નહીં તે માટે એક સ્થાનિક સાથે રાખવો. કુદરતની સમીપ લઈ જનારી આ સફર આહ્લાદક સાબિત થશે. ટ્રેકિંગ : ગઢાંચલના એક પહાડના શિખર પર પાંચેક કિલોમીટરની ટ્રેક સીધા ચડાણવાળી ભલે હશે, પણ એ એક સારો વ્યાયામ બની રહે છે. તેના શિખરેથી ભીમતાલ, સૈનિક સ્કુલ અને અલમોડાનું વિહંગાવલોકન થઈ શકે છે. વળી ત્યાં મંદિરો હોવાથી દર્શનનો લાભ મળે છે એ છોગામાં, ત્યાંના મંદિરના મેનેજરનું આતિથ્ય વખણાય છે. ત્યાંની હોટેલ્સ ટ્રેકિંગ અને હાઈકિંગને લગતી ચીજવસ્તુઓનો પ્રબંધ કરી આપે છે. પક્ષી દર્શન : રામગઢની મુલાકાત લેનારે પક્ષીદર્શન કરવાનો મોકો ઝડપી લેવો. વિશાળ જંગલ અને ટ્રેકિંગની ઘણી પગદંડીઓને કારણે આ વિસ્તારમાં પક્ષીઓની વિવિધ પ્રજાતિઓને માણવાની સારી તક મળી રહે છે. નૌકાચિયાતાલ સરોવર : નૌકાચિયાતાલ એટલે નવ ખૂણાઓનું સરોવર. તે ૧૭૫ ફૂટ ઉંડુ અને સમુદ્રસપાટીથી ૧,૨૨૦ મીટર ઉંચાઈએ છે એટલે એ એક હિલ સ્ટેશનની ગરજ પણ સારે છે. ભૂતકાળમાં તેની નીચે ચીન સુધી લઈ જતો એક ગુપ્ત માર્ગ હોવાનું કહેવાતું હતું. દર મે મહિનામાં ઉજવાતા એસ્કેપ ફેસ્ટિવલ દરમિયાન ત્યાં સ્થાનિકો ઉપરાંત પર્યટકોની ભીડ જામે છે. દંતકથા અનુસાર આ સરોવરનું સર્જન બ્રહ્માજીએ કર્યું હતું. અટલે એની નજીકમાં બ્રહ્માજીનું મંદિર છે. સ્થાનિકો કહે છે કે આ સરોવરની પગપાળા પરિક્રમા કરવાથી બ્રહ્માજી પ્રસન્ન થાય છે.

જાણવા જેવું

- નૈનિતાલ અને ભીમતાલ પછી રાયગઢની મુલાકાત લઈ શકાય.
- રવીન્દ્રનાથ ટાગોર અને સામાજિક કાર્યકર નારાયણ સ્વામીએ ત્યાંના એક બંગલામાં આશ્રમની સ્થાપના કરી હતી. ત્યાંથી હિમાલયના દર્શન કરીને ટાગોરને મુગ્ધ થયા હતા અને દિવસો સુધી ત્યાં બેસી તેઓ દૃશ્ય જોયા કરતા હતા હવે એ બંગલો ટાગોર ટોપ તરીકે ઓળખાય છે.
- ત્યાં પહોંચવા નજીકનું એરપોર્ટ દહેરાદુન અને રેલવે સ્ટેશન કાઠગોદામ છે ત્યાંથી બાય રોડ રામગઢ પહોંચી શકાય છે.
- ત્યાંના પ્રવાસ માટે ઓકટોબરથી મેનો સમયગાળો આદર્શ છે.
- ત્યાં ફેન્સી રેસ્ટોરાંમાં જમવાની ઈચ્છા રાખશો, તો નિરાશ થવાનો વારો આવશે. હા, ઉત્તર ભારતીય વાનગીઓ પિરસતી ઘણી હોટેલ્સ છે. સામાન્ય રીતે સ્થાનકો દાળ, ભાત, રોટલી શાક અને અથાણું ખાય છે. ફાસ્ટ ફૂડમાં ચોખા અને અડદની દાળમાંથી બનતા ડુસ્કા અને વડાં ફેમસ છે. બામ્બૂ શુટ, કોળાંના ફૂલો અને મશરૂમ જેવી વનસ્પતિના પાંદડા શાક અથવા ભજિયાં બનાવવા ઉપયોગમાં લેવાય છે.

હેર એક્સેસરીઝથી વાળને આપો હટકે લુક

શરીરના કોઈપણ અંગના સાજશણગાર માટે હવે તો અવનવી એકસેસરીઝ બજારમાં મળી રહે છે. તે પછી હાથનું બ્રેસલેટ હોય, ગળાનો સ્કાર્ફ હોય કે પગમાં પહેરવાની એકંલ હોય, હવે તો વાળ માટે પણ જાતજાતની એકસેસરીઝ બજારમાં મળે છે. રૂટિન લાઈફથી માંડીને સામાન્ય ફંકશન હોય કે કોઈ ખાસ દિવસ હોય હેર એકસેસરીઝથી વાળને સજાવીને સુંદરતામાં વધારો કરી શકો છો. તમારા લુકને સુંદર બનાવતી કેટલીક હેર એકસેસરીઝની આજે આપણે વાત કરીશું.

તાજાં ફૂલ : વાળમાં ગજરો લગાવવાની આપણા દેશમાં ઘણી જૂની પરંપરા છે. સુગંધિત ગજરો તમારી હેર સ્ટાઈલને સુંદર તો બનાવે જ છે પણ સાથેસાથે તમને મહેકતા પણ રાખે છે. ગજરામાં મોગરાના ફૂલ, ગુલાબના ફૂલો તેમજ અન્ય નાનાં સુગંધિત ફૂલોનો ઉપયોગ કરીને વેણી બનાવી શકો છો અને તમારી હેર સ્ટાઈલને શોભાવી શકો છો. પ્રિન્ટેડ હેર બેન્ડ જો તમે વેસ્ટર્ન આઉટફિટ પહેર્યો હોય તો તમે અલગ અલગ પ્રિન્ટેડ ડિઝાઈનના અને અલગ અલગ કલરના હેન્ડ બેન્ડ માથા પર લગાવી શકો છો. હાલમાં કાપડમાંથી બનેલા હેર બેન્ડ ખૂબ ટ્રેન્ડમાં છે. તેનાથી તમારા વાળ સારી રીતે સેટ રહેશે અને તમારો લુક સ્ટાઈલિશ પણ લાગશે. હેર બેન્ડમાં તમે પ્રિન્ટેડ ફૂલવાળા, સ્ટ્રીપવાળા, પ્લેન વગેરે જેવા હેર બેન્ડ પહેરી શકો છો. હેર બન્ડ અલગ અલગ પ્રિન્ટેડ ડિઝાઈનની સાથે સાથે અલગ અલગ સ્ટાઈલમાં પણ મળી રહે છે. તેમાં તમે બો હેર બેન્ડ, એમબ્રોઈ ડરી હેર બેન્ડ, રેટરો લુક હેર બેન્ડ, ટરબન કટ હેરબેન્ડ જેવા અનેક જાતના હેરબેન્ડથી તમારી હેર સ્ટાઈલને સજાવી શકો છો. સ્કાર્ડ આપે છે કલાસી લુક હેર બેન્ડથી લઈને હેર ટાઈ સુધી અનેક પ્રકારે તમે સ્કાર્ફનો ઉપયોગ કરી શકો છો. એક નાનકડા સ્કાર્ફનો તમે અલગઅલગ રીતે ઉપયોગ કરી શકો છો અને તમારા લુકને સ્ટાઈલિશ બનાવી શકો છો. આ ઉપરાંત તમે તમારા કપડાના મેચિંગ સ્કાર્ફ પણ લઈ શકો છો અને હેરસ્ટાઈલ બનાવી શકો છો. સ્કાર્ફને તમે બેન્ડની જેમ માથા પર ગાંઠ બાંધી શકો છો અથવા ચોટી બનાવી તેના પર રબર બેન્ડની જેમ લગાવી શકો છો.



બંઝારા લુક : જો તમે ટ્રેકિંગ કે કોઈ ટ્રિપ પર ગયા હોવ તો વાળને એકસેસરાઈઝ કરવાની સૌથી ઉત્તમ સ્ટાઈલ છે બંઝારા લુક. તેમાં આખા વાળને કવર કરી બંઝારા સ્ટાઈલમાં સ્કાર્ફને બાંધવામાં આવે છે તેનાથી તમારા વાળ પ્રદૂષણથી વધારે ખરાબ પણ નહી થાય ને ગૂંચવાશે પણ નહીં તેમજ તમને એક ન્યૂ લૂક મળશે.

વિકટોરિયા હેટ : મહારાણી વિકટોરિયાથી મોટી હેટનો ટ્રેન્ડ ચાલુ થયો છે અને આ કારણે જ આ હેટ વિકટોરિયા હેટ તરીકે ઓળખા યછે. તમે બીચ પર હોવ અથવા રજાઓ પર હોવ ત્યારે વિકટોરિયા હેટ પહેરી શકો છો આ હેટ પહેરવાથી તમારા વાળની પણ કાળજી લેવાય છે અને તડકાથી પણ રક્ષણ મળે છે. આ સાથે વિકટોરિયા હેટ તમને કલાસી લુક આપે છે. બન રેપ બન એટલે કે અંબોડામાં કાળી નેટ લગાવવી એ હવે ઘણું ઓલ્ડ ફેશન લાગે છે. હવે અંબોડામાં મેચિંગ રેપ લગાવવાનો ટ્રેન્ડ ઘણો જોરમાં છે. તમારા આઉટફીટ સાથે મેચ થતા કલર અથવા ફેબ્રિકને પસંદ કરી તેને અંબોડામાં લગાવી શકો છો.એવરગ્રીન પિનઅપ: નાના અથવાકટકા વાળને વ્યવસ્થિત રીતે સેટ કરવા માટે ઘણી સ્ત્રીઓ કાળા રંગની પિનનો ઉપયોગ કરે છે. હવે કટકા વાળને સેટ કરવા માટે કાળી પિનની સાથેસાથે મેટેલિક શેડની પિનનો ઉપયોગ ચલણમાં છે. આ મેટેલિક શેડની પિન વાળને વ્યવસ્થિત સેટ કરવાની સાથે સુંદર લુક આપે છે. મેટેલિક પિનનો ઉપયોગ કરીને તમે જાતજાતની હેરસ્ટાઈલ પણ બનાવી શકો છો.

ગરમ-મિઠાના પાણીમાં ધોઈ ફરી એકવાર ઠંડા પાણીથી ધોઈ કાઢો...

ફળ-શાકભાજીનો પ્રયોગ આ રીતે કરો

થાળીના દુશ્મનો હવે વધી રહ્યા છે. આ સંબંધમાં હવે સાવધાની પણ જરૂરી બની રહી છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે વિવિધ પ્રકારની બિમારીને ટાળવા અને શાકભાજી તેમજ ફળફળાદીને યોગ્ય રીતે ઉપયોગમાં લેવા માટે કેટલીક બાબતોને ધ્યાનમાં લેવાની જરૂર છે. આના માટે સૌથી પહેલા તો ફળ અને શાકભાજીને બે મિનિટ સુધી ગરમ અને મિઠાથી મિક્સ કરેલા પાણીમાં નાંખી દેવાની જરૂર હોય છે. ત્યારબાદ ફળ અને શાકભાજીને ફરીથી એકવાર ઠંડા પાણીથી ધોઈ કાંઢીને સાફ કરીને તેનો ઉપયોગ કરવાની જરૂર હોય છે. આના કારણે તેના નુકસાનકારક તત્વો નિકળી જાય છે. આવી જ રીતે બેથી ત્રણ ચમચી હળદર પાઉડરને પાણીમાં ઉકાળી લેવાની જરૂર હોય છે. તેને ત્યારબાદ ઠંડુ કરીને ૧૦ મિનિટ માટે શાકભાજી અને ફળોને નાંખી દેવામાં આવે છે. ત્યારબાદ ધોઈને તેનો ઉપયોગ કરવામાં આવે તો ફાયદો થાય છે. ત્રીજા પ્રયોગની વાત કરવામાં આવે તો ત્રણથી ચાર ચમચી બેકિંગ સોડા અથવા તો સિરકા પાણીમાં મિકસ કરવામાં આવે છે. જેમાં ૧૦ મિનિટ સુધી ફળ અને શાકભાજીને રહેવા દેવામાં આવે છે. ત્યારબાદ ધોઈને તેનો ઉપયોગ કરવામાં આવે છે. કેમિકલથી બચવા માટેના કેટલાક તરીકા રહેલા છે. જો તેને અજમાવવામાં આવે તો રાહત થાય છે. નિષ્ણાંતો કહે છે કે સૌથી પહેલા તો ધ્યાન આપવા માટેની બાબત એ છે કે કૃત્રિમ રીતે પકવી દેવામાં આવેલા ફળ ઓછા ચમકીલા હોય છે. તે રથી ત્રણ દિવસમાં પીળાથી કાળા પડી જાય છે. જયારે કાર્બાઈડથી પકવી કાઢેલા ફળના સ્વાદ વચ્ચેથી મિઠા અને કિનારા પર ખાટા હોય છે. બીજી બાજુ સાવધાનીની અન્ય એક બાબત એ છેકે કુદરતી રીતે પાકી ગયેલા ફળના નીચેના હિસ્સા કાળા થઈ જાય છે. ફળ અને શાકભાજીને ખાતા પહેલા અને તેનો ઉપયોગ કરતા પહેલા પહેલા ગરમ પાણીમાં અને ત્યારબાદ ફરી એકવાર ઠંડા પાણીથી સાફ કરવાથી ફાયદો થાય છે. આના કારણે કેમિકલથી બચી શકાય છે. જતંનાશકનો ઉપયોગ ઘટાડી દેવા માટે શાકભાજી અને ફળને તેના ઉપરના હિસ્સાને દુર કરીને ઉપયોગ કરવાથી ફાયદો થાય છે. હમેંશા વિશ્વસનીય દુકાનો પરથી શાકભાજી, ફળની ખરીદી કરવી જોઈએ. જેના કારણે મિલાવટ અને ભેળસેળનુ પ્રમાણ ઓછુ રહે છે. ફુલાવર અને કેબિજને ઉપયોગમાં લેતા પહેલા તેના ઉપરના હિસ્સાને દુર કરવામાં આવે તેવી સલાહ તમામ નિષ્ણાંતો આપે છે. લાલ મરચાના પાઉડરમાં ઈંટ પાઉડર એ કલર મિક્સ કરવામાં આવે છે. તેને પાણીમાં નાંખવામાં આવે તે જરૂરી છે. મરચા છે તો ઉપર આવી જશે. હળદરમાં કેટલીક બુંદ હાઈડ્રોક્લોરિક એસિડ અને એટલી જ બુંદો પાણી નાંખીને પ્રયોગ કરી શકાય છે. જો આવુ કરવામાં આવ્યા બાદ હળદરના રંગમાં ફેરફાર થાય છે તો હળદરમાં મિલાવટ છે તે બાબત સાબિત થઈ જાય છે. દાળ ખાંડમાં પણ મિલાવટ કરવામાં આવે છે. તેને હાથમાં રગડી નાંખવામાં આવે છે. જો તેના રંગ દેખાય તો તે અસલી છે., આવી જ રીતે દુધની કેટલીક બુન્દોને કોઈ વાસણ પર નાંખો, જો બુન્દો કોઈ નિશાન છોડ્યા વગર વહી જાય છે તો તેમાં મિલાવટ છે. તેમાં પાણી છે તે બાબત સાબિત થાય છે. શુદ્ધ ધુધ ધીમે ધીમે વહી જાય છે. સાથે સાથે સફેદ દાગ છોડી જાય છે. લીલા મટરમાં કલરમાટે મેલાકાઈટ મિક્સ કરવામાં આવે છે. તેને પાણીમાં થોડાક સમય માટે મિક્સ કરવામાં વે છે. રંગ જો મિક્સ છે તો તેના કલર ધીમે ધીમે ઉતરી જશે. આવી રીતે જુદી જુદી સાવધાની રાખીને કેમિકલના ખતરનાક અસરથી બચી શકાય છે. સાથે સાથે શરીરને નુકસાન પહોંચાડી રહેલા હાનિકારક તત્વોની અસરને ટાળી શકાય છે. સાવધાની રાખવાથી ફાયદા રહેલા છે.



બેથી ત્રણ ચમચી હળદર પાઉડરને પાણીમાં ઉકાળીને તેને ઠંડુ કરીને ૧૦ મિનિટ માટે શાકભાજી અને ફળોને અંદર મુકો , ત્યારબાદ ધોઈ કાઢો

બહેન રંગોલી ચંદેલનો સપોર્ટ કરવા બદલ કંગના રનૌત વિરુદ્ધ નોંધાઈ પોલીસ ફરિયાદ



મુંબઈ

કંગના રનૌતની સામે પોલીસ ફરિયાદ કરવામાં આવી છે. કંગનાએ પોતાની બહેન રંગોલી ચંદેલને સપોર્ટ કર્યો હતો. થોડાં દિવસ પહેલાં જ રંગોલીની વિવાદાસ્પદ ટ્વીટ બાદ તેનું ટ્વિટર અકાઉન્ટ સસ્પેન્ડ કરી નાખવામાં આવ્યું હતું. મુંબઈના એડવોકેટ અલી કાશીફ ખાન દેશમુખે કંગના વિરુદ્ધ પોલીસ ફરિયાદ કરી હતી. તેમણે કહ્યું હતું કે એક બહેન હિંસા તથા મારી નાખવાની વાત કરે છે. આ વાતનો દેશભરમાં વિરોધ કરવામાં આવ્યો હતો અને તેને કારણે તેનું ટ્વિટર અકાઉન્ટ પણ સસ્પેન્ડ થયું. આટલું થયું છતાંય બીજી બહેન તેના સપોર્ટમાં આવે છે. પોલીસ ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે એક્ટ્રેસ તથા તેની બહેન-કમ-મેનેજર રંગોલીએ તેમના સ્ટારડમ, ફૅનબેઝ, ફૅમ, પૈસા, પાવરનો ખોટો ઉપયોગ કર્યો છે.

આટલું જ નહીં તેમણે પોતાના અંગત સ્વાર્થ ખાતર દેશમાં નફરત ફેલાવવાનો પ્રયાસ કર્યો છે. કંગનાએ કહ્યું હતું, મારી બહેને પરમ દિવસે એક ટ્વીટ કરી હતી અને તેમાં તેણે કહ્યું હતું કે જે લોકો ડોક્ટર્સ તથા પોલીસ પર હુમલા કરે છે, તેને ગોળી મારવી જોઈએ. જોકે, સુઝાનની બહેન ફરાહ ખાન અલી તથા ફિલ્મમેકર રીમા કાગતીએ ખોટો દાવો કર્યો અને તેમણે કહ્યું કે રંગોલીએ મુસ્લિમ જેનસાઈડ અંગે વાત કરી છે. જો ક્યાંય પણ આ વાતનો પુરાવો મળે તો હું અને રંગોલી સામે આવીને માફી માગીશું. શું તેઓ એમ કહેવા માગે છે કે દરેક મુસ્લિમ આતંકવાદી છે? અમે આવું બિલકુલ માનતા નથી.

દરેક મુસ્લિમ ડોક્ટર્સ કે પોલીસ પર હુમલા કરતા નથી. હું કેન્દ્ર સરકારને અપીલ કરવા માગીશ કે ટ્વિટર જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અહીંયા જ ખાય છે અને કરોડો-અબજો રૂપિયા કમાય છે અને આપણી જ હોડીમાં કાણું પાડે છે. આપણા વડાપ્રધાન, ગૃહમંત્રી, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘને આતંકવાદી કહી શકાય છે પરંતુ તમે આતંકવાદીઓને આતંકવાદી કહી શકતા નથી. આ પ્રકારના પ્લેટફોર્મ બંધ કરી દેવા જોઈએ. મને ખ્યાલ છે કે હાલ દેશ અન્ય બાબતો સામે ઝઝૂમી રહ્યો છે પરંતુ આ પ્રકારના પ્લેટફોર્મનો અંત લાવવો જરૂરી છે અને આપણે આપણાં પ્લેટફોર્મ શરૂ કરવાની જરૂર છે.

અક્ષય કુમાર નું ડોક્ટર્સને સમર્પિત 'તેરી મિટ્ટી' સોન્ગ થયું રિલીઝ



મુંબઈ

મહામારી કોરોના વાઈરસ સામે ખુદનો જીવ જોખમમાં મૂકીને દિવસરાત લોકોની સારવાર કરનાર ડોક્ટર્સને ટ્રિબ્યુટ આપતું સોન્ગ રિલીઝ કરવામાં આવ્યું છે. અક્ષય કુમારની ૨૦૧૯ની ફિલ્મ 'કેસરી'નું 'તેરી મિટ્ટી' સોન્ગ તેણે ડોક્ટર્સને સમર્પિત કર્યું છે. ડોક્ટર્સને સમર્પિત આ સોન્ગનું વર્ઝન શેર કરતા અક્ષયે લખ્યું કે, સાંભળ્યું હતું ડોક્ટર્સ ભગવાનનું રૂપ હોય છે પણ કોરોના વાઈરસની આ લડાઈમાં જોઈ પણ લીધું.

ઓરિજિનલ સોન્ગના સિંગર બી પ્રાકે જ આ ટ્રિબ્યુટ સોન્ગ ગાયું છે. 'કેસરી' ફિલ્મમાં અક્ષય કુમારની સાથે પરિણીતી ચોપરા પણ સામેલ હતી. ઓરિજિનલ 'તેરી મિટ્ટી' સોન્ગનું પરિણીતી ચોપરાનું પણ એક વર્ઝન છે. આ ફિલ્મને કરણ જોહરે પ્રોડ્યુસ કરી હતી. કોરોના વાઈરસની જંગમાં લડત આપી રહેલ ફ્રન્ટ લાઈન વર્કર્સનો આભાર માનવા માટે અક્ષય કુમાર હંમેશાં આગળ રહ્યો છે. અગાઉ તેણે દિલ સે થેંક્યુ નામનું કેમ્પેન શરૂ કર્યું હતું. તેમાં તેણે ડોક્ટર્સ, નર્સ, મેડિકલ સ્ટાફ, પોલીસ, હોમગાર્ડ, નગરપાલિકાના કર્મચારી વગેરેનો આભાર માન્યો હતો. અક્ષય કુમારે અગાઉ મુસ્કુરાયેગા ઈન્ડિયા વીડિયો સોન્ગ પણ રિલીઝ કર્યું હતું જેમાં તેની સાથે અન્ય બીટાઉન સેલેબ્સ પણ સામેલ હતા. અક્ષય કુમારે પીએમ રિલીફ ફંડમાં ૨૫ કરોડ રૂપિયાનું યોગદાન પણ આપ્યું છે.

લૉકડાઉનનુ ઉલ્લંઘન કર્યાની વાતોને વિક્કી કૌશલે પાયા વિહોણી ગણાવી

મુંબઈ

કોરોના વાયરસના કારણે દેશભરમાં લૉકડાઉન ચાલી રહ્યું છે, જોકે છતાં પણ કેટલાક લોકો લૉકડાઉન તોડી રહ્યાં છે. હવે રિપોર્ટ છે કે, એક્ટર વિક્કી કૌશલે પણ લૉકડાઉનનુ ઉલ્લંઘન કર્યું છે. વળી, વિક્કી કૌશલનું કહેવુ છે કે આવા સમાચાર માત્ર અફવાઓ જ છે. વિક્કી કૌશલે ટ્વીટ કરતા સ્પષ્ટ કર્યુ કે તેના વિશે લૉકડાઉન નિયમોનું ઉલ્લંઘન કરાયુ છે, તે સમાચાર પાયાવિહોણા છે. ખરેખરમાં વિક્કી કૌશલ વિશે એવા સમાચાર સામે આવ્યા હતા કે તેને લૉકડાઉનનુ પાલન ન હતુ કર્યુ અને પોલીસે તેને પકડી લીધો હતો. આના પર હવે એક્ટરે પોતાના ફેન્સને અનુરોધ કર્યો છે કે તે અફવાઓ પર ધ્યાન ના આપે.

આના પર એક્ટરે પોતાના ટ્વીટર હેન્ડલ પર લખ્યું- મેં લૉકડાઉનનુ પાલન નથી કર્યુ અને મને પોલીસે પકડ્યો, આ અફવાઓ પાયાવિહોણી છે, લૉકડાઉન ચાલુ થયા બાદ મેં મારા ઘરની બહાર પગ પણ નથી મુક્યો. હું બધાને અનુરોધ કરુ છું કે આવી અફવાઓ પર ધ્યાન ના આપો.

આ ટ્વીટમાં તેને મુંબઈ પોલીસને પણ ટેગ કરી, વિક્કીને તરત જ એ પ્રસંશકોનું સમર્થન મળ્યુ, જેઓએ તેમના પર વિશ્વાસ રાખ્યો હતો. એક ફેને લખ્યું- મને તમારા પર વિશ્વાસ છે વિક્કી. હું જાણું છુ કે આ બધુ બકવાસ છે. ધન્યવાદ. નોંધનીય છે કે એક્ટર વિક્કી કૌશલ જ્યાં રહે છે તે મુંબઈની ઓબેરોય સ્પ્રિન્ગ બિલ્ડિંગમાં એક કોરોના પૉઝિટીવનો કેસ આવતા બિલ્ડિંગની એક વિંગની સીલ કરી દેવામાં આવી છે.

મેં જે હિરોઈનના હાથમાં થૂક્યું છે, તે નંબર વન બની ગઈ છે: આમિર ખાન

મુંબઈ




બોલીવુડના મિસ્ટર પરફેક્શનિસ્ટ આમિર ખાન માત્ર ફિલ્મમાં પોતાના રોલથી પોતાના ડેડિકેશન માટે જાણીતા છે, પરંતુ પોતાના કરિયરની શરૂઆતમાં તે પોતાના પ્રેંક્સ માટે પણ જાણીતા હતા. તે પોતાની ફિલ્મની હિરોઈનના હાથો પર થૂંકતા હતા, જેના કારણે આમિરને અભિનેત્રીઓ તરફથી ઘણા પ્રકારની અલગ અલગ પ્રતિક્રિયાઓ મળતી હતી. આમિરે ફિલ્મ ઈશ્ક દરમિયાન જૂહી ચાવલાને કહ્યું હતું કે, હું એસ્ટ્રોલોજી જાણે છે અને તેણે જૂહીનો હાથ જોવા લાગ્યો હતો. જૂહીએ પોતાનો હાથ આપ્યો હતો. અભિનેત્રીએ આવું કરતા જ આમિર તેના હાથ પર થૂંકીને ભાગી ગયો હતો. ફિલ્મના કૂની સામે જ્યારે જૂહીની સાથે આવું ખરાબ વર્તન થયું તો તેને ખરાબ લાગ્યું હતું. જૂહી એટલી નારાજ થઈ હતી કે તેને બીજા દિવસે શૂટિંગ પર આવી નહોતી. જૂહીની નારાજગીને લઈને આમિર પણ તેના પર ગુસ્સે થયો હતો. બન્નેની વચ્ચે ઘણા વર્ષો સુધી વાતચીત થઈ નહોતી. જો કે, થોડાક વર્ષો પછી આમિર અને જૂહીની વચ્ચે પેચઅપ થઈ ગયું હતું. આમિરે તેના સિવાય ફિલ્મ દિલમાં માધુરી દીક્ષિતની સાથે કામ કર્યું હતું. ફિલ્મના એક ગીત 'ખંબે જૈસી ખડી હૈ'નું શુટિંગ ચાલી રહ્યું હતું.

આમિરે માધુરીને જણાવ્યું હતું કે, હું લોકોના હાથ જોવામાં ઘણો માહેર છું. આ સાંભળીને માધુરી ઉત્સાહિત બની ગઈ હતી અને તેને પોતાનો હાથ આમિર બાજુ લંબાવી દીધો હતો. આમિરે તેનો હાથ જોઈને તેના ભવિષ્ય વિશે જણાવ્યું. પહેલા તો આમિરે માધુરીના હાથને જોવાનું નાટક કર્યું હતું અને ત્યારબાદ તેને પોતાની હરકત પ્રમાણે માધુરીના હાથમાં થૂંક્યો હતો. ત્યારબાદ માધુરી પણ હોકી લઈને આમિરને મારવા માટે દોડી હતી. ૧૮મા મુંબઈ ફિલ્મ ફેસ્ટિવલમાં 'જો જીતા વહી સિકંદર'ના રી-યૂનિયન પર આમિરે પોતાની આ હરકત વિશે ખુલ્લા મને ચર્ચા કરી હતી. તે દરમિયાન ફરાહ ખાને જણાવ્યું હતું કે, આમિર શરૂઆતમાં પોતાની ફિલ્મની અભિનેત્રીઓના હાથ પર થૂંક લગાવતો હતો. તે કહેતો હતો કે, લાવો હું તમારો હાથ જોવું અને સેટ પર હાજર અભિનેત્રીઓ હાથ આગળ કરતી હતી. તે દરમિયાન આમિર અભિનેત્રીઓના હાથમાં થૂંકતો હતો. આ વાત પર આમિરે હંસતા હંસતા જણાવ્યું હતું કે, 'મેં જે હિરોઈનના હાથમાં થૂક્યું છે, તે નંબર વન બની ગઈ છે.

હોલીવૂડની એકશન ફિલ્મમાં કામ કરનાર પ્રથમ બોલીવૂડ એકટર બન્યો રણદીપ હુડા

મુંબઈ

રણદીપ હુડા હાલ હોલીવૂડની એકશન ફિલ્મમાં કામ કરવા બદલ ચર્ચામાં છે. તેણે હોલીવૂડમાં એકશન ફિલ્મમાં કામ કરીને એક નવો રેકોર્ડ પોતાના નામે કર્યો છે. જોકે તેની આ ફિલ્મ ડિજિટલ પ્લેટફોર્મ પર રિલીઝ થવાની છે.એક ન્યુઝ એજન્સી સાથે વાત કરતાં રણદીપ હુડાએ જણાવ્યું હતું કે, આ ફિલ્મ સાઈન કરવાનો આનંદ મને વિશેષ હતો. હું પ્રથમ બોલીવૂડ એકટર બન્યો છું જે હોલીવૂડની એકશન ફિલ્મમાં કામ કર્યું. આ પહેલા હોલીવૂડની મોટા ભાગની ફિલ્મોમાં ભારતીય કલાકારોએ આઈટી પ્રોફેશનલ્સ, કરોડપતિ



અથવા કોમિક પાત્ર ભજવ્યા છે. હું આ બેરિયર્સને તોડવામાં સફળ રહ્યો છું. રણદીપ સાથે આ ફિલ્મમાં પંકજ ત્રિપાઠી, પ્રિયાંશુ પેન્યુલી અને રૂદ્રાક્ષજયસ્વામ અનુભવ વિશે વાત કરતાં રણદીપે કહ્યું હતું કે, ક્રિસ ઓસ્ટ્રેલિયાનો છે, અને હું પણ ઓસ્ટ્રેલિયામાં રહ્યો છું તેથી અમારા ઉચ્ચાર સરખા જ હતા, અમને વાતચીતમાં કોઇ તકલીફ પડતી નહોતી. તેનામાં બહુ એનર્જી છે. તે એક સારા એકટરની સાથેસાથે સારો વ્યક્તિ પણ છે. તેની સાથે મને કામ કરવામાં બહુ મજા આવી. પણ કામ કરી રહ્યા છે. આ ફિલ્મમાં રણદીપ સાથેહોલીવૂડનો અભિનેતા ક્રિસ હેમ્સવર્થે કામ કર્યું છે. તેની સાથેના

ગૌતમ ગંભીરના મેડનું અવસાન થતા ક્રિકેટર ગૌતમ ગંભીરે કહ્યું

મારી દીકરીઓની રખેવાળ કરનાર નોકરાણી ન હોય શકે

નવી દિલ્હી

આખું વિશ્વ હાલમાં કોરોનાવાયરસથી સર્જાયેલી પરિસ્થિતિનો સામનો કરી રહ્યું છે અને તેની સૌથી વધુ અસર ઘરોમાં કામ કરતા મેડ અથવા મજૂરો પર પડી છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એમ પણ કહ્યું છે કે લોકોએ તેમના ઘરોમાં કામ કરતા લોકોને મદદ કરવી જોઈએ. આવી સ્થિતિમાં પૂર્વ ભારતીય ઓપનર અને ભાજપના હાલના સાંસદ ગૌતમ ગંભીર માટે એક ખરાબ સમાચાર બહાર આવ્યા છે.

ગૌતમ ગંભીરના મેડનું અવસાન થયું છે, જેની માહિતી આ ભૂતપૂર્વ ભારતીય ઓપનર દ્વારા ટ્વિટ કરવામાં આવી હતી. મેડના મૃત્યુ પછી ગૌતમ ગંભીરએ અંતિમ સંસ્કાર પણ જાતે કર્યા હતા. ગંભીરના મેડનું નામ સરસ્વતી પાત્રા હતું અને તે ઓડિશાના હતા. સરસ્વતી લાંબા સમયથી સુગર અને બ્લડપ્રેશર સાથે સંઘર્ષ કરી રહી હતી. થોડા દિવસો પહેલા તેમને દિલ્હીની ગંગારામ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ૨૧ એપ્રિલે દરમિયાન અંતિમ શ્વાસ લીધા.

વર્ષ ૨૦૧૧ માં ભારતીય ક્રિકેટ ટીમને વર્લ્ડ ચેમ્પિયન બનાવવામાં મહત્વનું યોગદાન આપનાર ગૌતમ ગંભીરએ ટ્વીટ કર્યું હતું કે, મારી દીકરીઓ રખેવાળ કરનાંર નોકરાણી ન હોય શકે. તે પરિવારની એક સભ્ય હતા. તેણીની અંતિમ વિધિ કરવી મારી ફરજ હતી. હું જાતિ, ધર્મ, જાતિ અથવા સામાજિક દરજ્જાને ધ્યાનમાં લીધા વિના ગૌરવમાં માનું છું. સમાજને સુધારવાનો આ એકમાત્ર રસ્તો છે. ભારત વિશે આ મારો વિચાર છે. ઓમ શાંતિ.

કોરોનાનો બોધપાઠ પહેલા પાનાથી ચાલુ

બહાર ન જવું પડે.

ભારતના સવા લાખ પંચાયતો સુધી બોન્ડબેન્ડ પહોંચ્યું હોવાના દાવા સાથે મોદીએ કહ્યું કે મજબૂત પંચાયતો આત્મનિર્ભર બનવાની શરૂઆત છે. સરકારે પંચાયતી રાજની વ્યવસ્થાઓને આધુનિક બનાવવા માટે સતત કામ કર્યું છે. ૧.૨૫ લાખથી વધુ પંચાયતો સુધી બોડબેન્ડ કનેક્શન પહોંચ્યું છે.

૩ લાખ કોમન સર્વિસ સેન્ટર કામ કરી રહ્યાં છે. શહેર અને ગામનું અંતર ઓછું કરવા માટે સરકારે બે પ્રોજેક્ટ શરૂ કર્યા છે- ઈ ગ્રામ સ્વરાજ અને ગામડાના લોકો માટે સ્વામિત્વ યોજના. .ટેકનીકથી પારદર્શકતા વધશે.

તેમણે વધુમાં કહ્યું કે, ઈ-ગ્રામ સ્વરાજ એપ પંચાયતો માટેનું સિંગલ ડિજિટલ પ્લેટફોર્મ હશે. પંચાયતના વિકાસ કાર્યો, તેના ફન્ડ અને કામકાજની માહિતી દરેક વ્યક્તિઓને મળશે. તેનાથી ટ્રાન્સપરન્સી વધશે. સ્વામિત્વ યોજના અંતર્ગત ગામડામાં ડ્રોનથી એક-એક સંપતિનું મેપિંગ કરવામાં આવશે. તેનાથી લોકો વચ્ચેના ઝઘડાનો અંત આવશે, વિકાસ કાર્યોને ગતિ મળશે અને શહેરની જેમ આ સંપતિઓ પર બેંકમાંથી લોન મળી શકશે. હાલ ઉતર પ્રદેશ, મધ્ય પ્રદેશ સહિત ૬ રાજયોમાં આ યોજનાને ટ્રાયલ તરીકે શરૂ કરી રહ્યાં છે. પછીથી તેને દરેક ગામમાં લાગુ કરવામાં આવશે.

કોઈ પણ દેશમાં એજ્યુકેશનનો ખ્યાલ સંકટના સમયે આવે છે. કોરોનાના સંકટના સમયે તમે બધાએ શિસ્ત જાળવી છે. તમે દેશને પ્રેરણા આપનારું કામ કર્યું છે. તમે વિશ્વને ખૂબ જ સરળ મંત્ર આપ્યો છે. બે ફુટના અંતરનો મેસેજ આપ્યો છે. સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવીને તમે પોતાને બચાવી રહ્યાં છો. આજે વિશ્વમાં ચર્ચા થઈ રહી છે કે કઈ રીતે ભારતે કોરોનાને જવાબ આપ્યો છે.

.. તો અમદાવાદમાં પહેલા પાનાથી ચાલુ

સુધીમાં કોરોનાના ૧૬૫૪ પોઝિટિવ કેસ નોંધાયા છે. અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર વિજય નેહરાએ શહેરમાં કોરોના અંગેની માહિતી આપતા જણાવ્યું કે, છેલ્લા ૨૪ કલાકમાં ૧૫૧ પોઝિટિવ કેસ નોંધાયા છે અને ૭ દર્દીના મોત થયા છે. ૧૭થી ૨૦ એપ્રિલમાં કેસ ડબલ થયા છે.

હાલ ચાર દિવસમાં કેસ ડબલ થાય છે. જો આ રેટ રહેશે તો ૧૫ મે સુધીમાં ૫૦ હજાર થાય અને ૩૧ મે સુધીમાં ૮ લાખ કેસ એકલા અમદાવાદમાં થઈ શકે. લોકડાઉન પુરૂ થાય ત્યાં સુધીમાં કેસ ડબલિંગ રેટ ૭થી ૮ દિવસ સુધી લઈ જવાનો છે. જો આ લક્ષ્યાંક હાંસલ થાય તો ૧૫ મે સુધીમાં ૧૦ હજાર જ કેસ થશે અને જો ૧૦ દિવસનો ડબલિંગ રેટ એચીવ કરીએ તો ૧૫ મે સુધીમાં ૮ હજાર જ રહેશે.

મે મહિનાના અંત સુધી કોઈ વડીલ ઘર બહાર ન નીકળે, એવી અપીલ સાથે વિજય નેહરાએ આગળ જણાવ્યું કે, હું યુવાનોને હું વિનંતી કરું છું કે, જે વડીલોએ આપણને સાચવ્યા છે તે વડીલોને આપણને સાચવવાનો વારો આવ્યો છે. સૌ યુવાનો વડીલોને સાચવે તે જરૂરી છે. જેને લઈને તમામ યુવાનો આ બાબતે સોશિયલ મીડિયામાં જાગૃતિ માટે વીડિયો બનાવીને પણ શેર કરી શકે છે. જે યુવાન સૌથી સારો વીડિયો બનાવશે તેને હું લોકડાઉન પુરું થયા પછી રૂબરૂ મળીશ અને તેમની કામગીરીને બિરદાવીશ. મે મહિનાના અંત સુધી કોઈ પણ વડીલોને ઘર બહાર ન નીકળવા અને સાવચેતી રાખવા નમ્ર અપીલ છે.

બોપલ સહિત અમદાવાદ જિલ્લામાં ૨ નવા પોઝિટિવ કેસ નોંધાયા છે.અમદાવાદ જિલ્લામાં આજે વધુ બે પોઝિટિવ કેસ નોંધાયા છે. દસક્રોઈ તાલુકાના બોપલ અને જેતલપુરમાં બે કેસ સામે આવતાં જિલ્લામાં કુલ ૨૦ પોઝિટિવ કેસ થયા છે. જેમાં દસક્રોઈમાં જ ૧૫ કેસ સામે આવ્યા છે.

દરમ્યાન, અમદાવાદમાં કોટ વિસ્તાર આજથી કર્ફ્યુ મુક્ત, થઈ ગયો છે. આ પહેલા કોટ વિસ્તારમાં કેસો વધતા કરફ્યુ લગાવવામાં આવ્યો હતો. કોટ વિસ્તારમાંથી આજે કરફ્યુ ઉઠાવી લેવાયો છે, પરંતુ લોકડાઉન છે છતાં શહેરના દિલ્હી દરવાજા વિસ્તારમાં આજ સવારથી જ સામાન્ય દિવસની જેમ લોકોની ભીડ જોવા મળી હતી. લોકડાઉનમાં કારણ વગર કોઈપણ વ્યક્તિ બહાર નીકળી શકે નહીં છતાં મોટી સંખ્યામાં લોકો બહાર નીકળી પડ્યા હતાં. સોશિયલ ડિસ્ટન્સનો પણ અભાવ જોવા મળ્યો હતો. પોલીસ દ્વારા લોકોને સોશિયલ ડિસ્ટન્સ જાળવવા માટે કહેવામાં આવતું હતું છતાં લોકો પાલન કરતા ન હતા. માત્ર દિલ્હી દરવાજા જ નહીં કોટ અન્ય વિસ્તારોમાં પણ લોકો સવારથી જ બહાર નીકળી પડ્યા હતા. દૂધ, કરીયાણું લેવા માટે નીકળ્યા હોવાના બહાના કર્યા હતા. મોટાભાગના લોકોને કોરોનાનો ડર જ ન હોય તેમ ફરી રહ્યા હતા. જો આમ જ ચાલશે તો શક્ય છે કે મ્યુનિ. કમિશ્નરે જે ચેતવણી આપી છે તે સાર્થક થઈને જ રહેશે.

નહેરાની ચેતવણી પહેલા પાનાથી ચાલુ

અહેવાલો મળી રહ્યાં છે. તેમણે આજે એમ કહ્યું કે જો કોરોના કેસ ૭ દિવસે ડબલ થાય છે. જો આ રેટ રહ્યો તો ૧૫ મે સુધીમાં માત્ર ૫૦ હજાર કેસો હશે. જો ૪ દિવસે કેસો ડબલ થાય તો ૩૧ મે સુધીમાં ૮ લાખ કેસો થશે. તેમના નિવેદનને મિડિયાએ વ્યાપક પ્રસિધ્ધિ જનહિતમાં આપી છે.

કેમ કે એકલા અમદાવાદમાં ૧૫ મે સુધીમાં એટલે કે ૨૦ દિવસમાં ૫૦ હજાર કેસો થાય તો દર્દીઓને હોસ્પિટલમાં જગ્યા પણ ના મળે. અને ૩૧ મે સુધીમાં ૮ લાખ કેસોવાળી ચેતવણી ભારે અને સરકાર માટે તથા અમ્યુકો તંત્ર માટે પણ સમજવા સમાન છે.

સૂત્રોએ કહ્યું કે અમદાવાદમાં એક તરફ કેસો વધી રહ્યાં છે. રોજેરોજ કેસો વધી રહ્યાં છે. મૃત્યુઆંક પણ વધી રહ્યો છે. નેહરાની આગેવાનીમા સમગ્ર તંત્ર દિનરાત કામ કરી રહ્યાં છે. અમદાવાદના કોટ વિસ્તારમાં કોરોનાના હોટસ્પોટ વિસ્તારો છે કે જ્યાં રોજે મોટી સંખ્યામાં કેસો મળી રહ્યાં છે. આ હોટસ્પોટ વાળા વિસ્તારોમાં કર્ફ્યુ લંબાવવાને બદલે સરકારે આજથી ઉઠાવી લેતા શક્ય છે કે નેહરા ભડક્યા હોય અને સરકારને સીધેસીધુ ના કહી શકાય તેથી મિડિયાના માધ્યમથી તેમણે મોટુ નિવેદન કરીને અમદાવાદમાં ૫૦ હજારથી લઈને ૮ લાખ કેસો નોંધાવાની ચેતવણી ઉચ્ચારી છે,.

સૂત્રોએ કહ્યું કે પવિત્ર રમઝાન માસ લઘુમતિ સમાજ માટે પાવન પર્વ છે. તેને ધ્યાનમાં રાખીને કોટ વિસ્તાર કે જ્યાં મોટી સંખ્યામાં લઘુમતિ સમાજ વસે છે, તેમના ધાર્મિક લાગણીને ધ્યાનમાં રાખીને ભાજપ સરકારે કર્ફ્યુ ઉઠાવી લેતા નેહરાએ ચિંતા વ્યક્ત કરી હોય. લોકડાઉનનું પાલન કેવુ થઈ રહ્યું છે એ સૌ કોઈ જાણી ગયા છે. કરફ્યુને કારણે લોકો ડરતા હતા. ઘરની બહાર નિકળતા પહેલા વિચારતા હતા. પરંતુ કર્ફ્યુ ઉઠાવી લેતાં લોકો લોકડાઉનમાં ખુલ્લેઆમ એકબીજાને મળવાનો પ્રયાસ કરશે. એવા સમયે સોશ્યલ ડિસ્ટીંગસનનો કેવો અને કેટલું પાલન થશે તે પણ એક સવાલ છે. નેહરા કોરોના સામેની લડાઈમાં મોરચા પર છે. તેઓ સ્થિતિને સમજી રહ્યાં હશે તેથી લોકોની આડમાં તેમણે ભાજપ સરકારને પોતાની એ લાગણી દર્શાવવાનો પ્રયાસ કર્યો કે કર્ફ્યુ ઉઠાવી લેવાનો નિર્ણય યોગ્ય નથી. અમદાવાદમાં ૫૦ હજાર સુધી કેસો જઈ શકે. હાલમાં કોરોનાના એક દર્દીને કારણે કેટલાય લોકોને સમાજથી પરિવારથી આઈશોલેશનમાં રહેવુ પડે છે. તેથી જો ૫૦ હજાર કે ૮ લાખ કેસો નોંધાય તો કેટલાને ક્યાં અને કઈ રીતે આઈસોલેશનમાં સરકાર રાખશે...એવા સવાલો કરીને શક્ય છે કે નેહરાએ સરકારને એ મેસેજ પહોંચાડવાનો પ્રયાસ કર્યો કે કર્ફ્યુ મુક્તિ પાછી ખેંચીને તંત્રને વધુ સત્તા આપવી જોઈએ.

કોરોનાથી દેશભરમાં પહેલા પાનાથી ચાલુ

દિલ્હીમાં ૫૦ રાજસ્થાનમાં ૨૭, આંધ્રપ્રદેશમાં ૨૭, તેલંગણામાં ૨૪ ,ઉત્તરપ્રદેશમાં ૨૧, તમિલનાડુમાં ૧૮, કર્ણાટકમાં ૧૭, પંજાબમાં ૧૬ અને પશ્ચિમ બંગાળમાં ૧૫ ના મોતની સંખ્યા છે.

કોરોના સંક્રમણથી જમ્મુ કાશ્મીરમાં ૫, કેરલ, ઝારખંડ, અને હરિયાણામાં ૩ , બિહારમાં ૨, મેઘાલય ,હિમાચલ પ્રદેશ, ઓડિશા અને અસમમાં ૧ મોત થયાં છે. આંકડા અનુસાર દેશમાં સંક્રમણમાં સૌથી વધુ કેસ ૬,૪૩૦ મહારાષ્ટ્રમાં આવ્યા છે. ત્યારબાદ ગુજરાતમાં ૨,૬૨૪ ,દિલ્હીમાં ૨,૩૭૬ અને રાજસ્થામાં ૧,૯૬૪ તમિલનાડુમાં ૧,૬૮૩ અને મધ્યપ્રદેશમાં ૧,૬૯૯ કેસ સામે આવ્યા છે. ઉતરપ્રદેશમાં સંક્રમિતોની સંખ્યા ૧,૫૧૦, તેલંગણામાં ૯૬૦ અને આંધ્રપ્રદેશમાં ૮૯૫, પ્રશ્ચિમ બંગાળમાં ૫૧૪ કેસ સામે આવ્યા છે.

મે મહિનામાં લોકડાઉન થોડી ઢીલ સાથે યથાવત રહેવાની શક્યતા

રાજસ્થાન, પંજાબ અને મહારાષ્ટ્ર સરકારોના અધિકારીઓ પણ માને છે કે કોવિડ -૧૯ સામેની લડાઈ લાંબી રહેશે

અમદાવાદ

૨૪ માર્ચથી ચાલી રહેલા લોકડાઉનને કારણે દેશની જનતાને મોટા પ્રમાણમાં ચેપ લાગવાથી બચાવી લેવામાં આવ્યા છે, પરંતુ હમણાં લોકડાઉનમાંથી મુક્તિ મળવાના કોઈ સંકેતો નથી. વિદેશ મંત્રાલય, આરોગ્ય મંત્રાલય, ગૃહ મંત્રાલયના અધિકારીઓ હમણાં જ આ વિશે કંઈ કહેવાની સ્થિતિમાં નથી.રાજસ્થાન, પંજાબ અને મહારાષ્ટ્ર સરકારોના અધિકારીઓ પણ માને છે કે કોવિડ -૧૯ સામેની લડાઈ લાંબી રહેશે. પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિન્દરસિંહે પ્રેસ કોન્ફરન્સ દરમિયાન નિષ્ણાતોને ટાંકીને આશંકા વ્યક્ત કરી હતી. રામ મનોહર લોહિયા હોસ્પિટલના સિનિયર ડોકટરે કેપ્ટન અમરિંદર સિંહની ધારણાને લગભગ યોગ્ય ગણાવી છે.

જયપુર હેલ્થ ડિરેક્ટોરેટના એક સ્ત્રોત કહે છે કે અમને કેન્દ્ર સરકાર દ્વારા મોકલવામાં આવેલી ઝડપી પરીક્ષણ કીટમાં ખૂબ વિશ્વાસ હતો. તેને ચીનમાંથી ભારત સરકારે મંગાવી હતી. પરંતુ કીટનાં ખોટા પરિણામોએ એકવાર ફરી મુંઝવણમાં મુક્યા હતા. હવે સ્થિતિ એવી છે કે જ્યાં સુધી ICMR પરિસ્થિતિ અંગે સ્પષ્ટતા નહીં કરે ત્યાં સુધી કોવિડ -૧૯ ની સ્ક્રીનિંગ પ્રક્રિયા બંધ રહેશે. તેની તપાસમાં સંસાધનોની કમી સતત આડે આવી રહી છે. મહારાષ્ટ્ર, દિલ્હી, ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, ગુજરાત, તામિલનાડુ, રાજસ્થાનમાં કેસ સતત વધી રહ્યા છે.આ આંકડા મંગળવારના છે, પરંતુ દિલ્હીના ડોકટરો કહે છે કે હવે આ સંખ્યા ૨૦ હજારની ઉપર જઈ રહી છે. કોવિડ -૧૯ પર નજર રાખતી કેન્દ્ર સરકારના સૂત્રોના જણાવ્યા અનુસાર દેશમાં આ સમયે ૨૧ હજારથી વધુ લોકોને ચેપ લાગ્યો છે. ચેપથી મૃત્યુઆંક ૬૫૨ ને વટાવી ગયો છે.

લખનઉના કોવિડ -૧૯ સેલના એસજીપીજીઆઈ (સંજય ગાંધી) ના ડોકટરનો અંદાજ છે કે મે મહિનામાં લોકડાઉન થોડી ઢીલ સાથે ચાલુ રહેશે. આવી જ માહિતી મહારાષ્ટ્ર સરકાર પાસેથી મળી રહી છે. કોવિડ -૧૯ ચેપ ભોપાલ અને ઈન્દોરમાં ફેલાઈ રહ્યો છે.ઈન્દોરની પરિસ્થિતિ સતત ગંભીર બની રહી છે. આ અંગે ભોપાલના ડીએમ તરૂણકુમાર પાઠોડ કહે છે કે તમામ જરૂરી પગલા લેવામાં આવી રહ્યા છે. મહારાષ્ટ્ર, રાજસ્થાન, પંજાબ અને મધ્યપ્રદેશના અહેવાલો અનુસાર ૩ મે પછી પણ લોકડાઉન વધશે. કેન્દ્ર સરકારે કોવિડ -૧૯ સંબંધિત દૈનિક પ્રેસ કોન્ફરન્સ મુલતવી રાખી હતી. આઇસીએમઆરના ડો.રમન ગંગાખેડકર, કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના જોઈન્ટ સેક્રેટરી લવ અગ્રવાલ, ડિરેક્ટર રવિન્દ્રન, આઇસીએમઆરના વડા ડો. બલરામ ભાર્ગવ હાલમાં આ મુદ્દે ચૂપ છે.

અમદાવાદની જેલમાં બંધ માફિયા અતીક અહમદના માણસોએ કેસમાં સાક્ષીને આપી ધમકી

અમદાવાદ

ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં અમદાવાદ જેલમાં બંધ ભૂતપૂર્વ સાંસદ અતીક અહમદના માણસની દાદાગીરીનો મામલો પ્રકાશમાં આવ્યો છે. એવો આરોપ છે કે અતિક અહેમદ અને અન્ય જેલમાં બંધ હિસ્ટ્રીશીટર ઝુલ્ફિકર ઉર્ફે પોપટનાં નામે તેના માણસોએ હત્યાના કેસમાં સાક્ષીને ધમકી આપી છે. આ અંગે ધુમનગંજ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે. પીડિત નબી અહમદને આ એફઆઈઆર નોંધવી છે, પોલીસ આ સમગ્ર મામલાની તપાસ કરી રહી છે.

નબી અહમદનો આક્ષેપ કર્યો છે કે, અપરાધી ક્રિમિનલ હિસ્ટ્રી હીટર આસિફ દુરરાણી સહિત ૪ લોકોએ તેને ધમકી આપી હતી. હિસ્ટ્રીસીટર આસિફ દુર્રાનીને એતિક અહેમદનો શાર્પ શૂટર માનવામાં આવે છે. નબી અહેમદના કહેવા મુજબ બાહુબલી અતીક અહેમદ અને હિસ્ટ્રી શીટર ઝુલ્ફિકર ઉર્ફે પોપટના નામે ધમકીઓ આપવામાં આવી રહી છે. હત્યા કેસમાં જુબાની ન આપવા જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી રહી છે.

રાજ્ય પર કોરોના અને હીટ વેવનો કહેર
જીવલેણ કોરોના સંકટ વચ્ચે રાજ્યમાં ગરમીનો પારો ૪૧ ડીગ્રી પાર જવાની સંભાવના

અમદાવાદ

એક તરફ જીવલેણ કોરોના વાયરસે લોકોને દહેશતમાં મૂકી દીધા છે. ત્યારે બીજી તરફ હવે કાળઝાળ ગરમી લોકોને દિવસે દિવસે વધુ હેરાન અને પરેશાન કરી રહી છે. રાજ્યમાં ગરમીનો પારો દૈનિક ધોરણે વધી રહ્યો છે. લોકડાઉનના પગલે લોકો ઘરમાં કેદ છે. પરંતુ તેમ છતાં ઘરમાં પણ તેમને આ ભયંકર ગરમીનો અનુભવ થઈ રહ્યો છે.

ત્યારે હવે ગુજરાતની જનતા માટે વધુ માઠા સમાચાર આવ્યા છે. માહિતી મુજબ ગુજરાત આગામી ૪ દિવસ સુધી ગરમીમાં વધુ શેકાશે. હવામાન વિભાગે આગાહી કરતા કહ્યું કે રાજ્યમાં ગરમીનો પારો વધુને વધુ ઉંચે જવાનો છે. વિભાગની આગાહી પ્રમાણે આગામી દિવસોમાં ગુજરાતના કેટલાક શહેરમાં તાપમાન ૪૧ ડિગ્રીને પાર જશે. ઉલ્લેખનીય છે કે એક તરફ પવિત્ર રમઝાન માસની શરૂઆત થવા જઈ રહી છે. ત્યારે બીજી તરફ કોરોના અને હીટ વેવનો કહેર શહેર પર જોવા મળી રહ્યો છે.

આપણે જણાવી દઈએ કે એવી આગાહી કરવામાં આવી છે કે આગામી દિવસોમાં ગુજરાતમાં એક જ ઝાટકે ૨ ડિગ્રી તાપમાન વધી શકે છે. જ્યારે સૌરાષ્ટ્રના કેટલાક શહેરોમાં વધુ ગરમી નોંધાશે. માહિતી પ્રમાણે ગુજરાતના કંડલામાં સૌથી વધુ તાપમાન ૪૩ ડિગ્રી નોંધાયું છે. જ્યારે સુરેન્દ્રનગરમાં સૌથી વધુ ૪૨ ડિગ્રી, અમરેલી, ગાંધીનગર, અમદાવાદમાં ૪૧ ડિગ્રી તાપમાન નોંધાયું છે. આ સિવાય ગુજરાતમાં સૌથી ઓછું તાપમાન વેરાવળ અને દીવમાં ૩૨ ડિગ્રી સુધી નોંધાયું છે.

તારા પ્રેમરૂપી મઘમઘતા ફૂલોએ મને જીવતા શીખવ્યું, બાકી મને ક્યાં ખબર હતી કે સુવાસ શું છે?

લેખકઃ- સુચિતા ભટ્ટ "કલ્પનાના સૂર" અમદાવાદ

અમદાવાદ એટલે હંમેશા હરતું ફરતું અને ધબકતું મહાનગર. ત્યાં જઈએ એટલે પાછા આવાની ઈચ્છા જ ના થાય, તેવા જ મહાનગરમાં મીઠાપોળ માં અવની નામની એક મીઠડી, ચપળ અને દેખાવે એકદમ સુંદર છોકરી રહેતી હતી. જેટલી હોશિયાર ઘરકામમાં એટલી જ ભણવામાં પણ હતી તેનો સ્વભાવ બધાની સાથે હળીભળી જવાનો હતો. તેના નસીબની એવી બલિહારી હતી કે બાળપણથી જ તેના માતા પિતા એક કાર અકસ્માતમાં સ્વર્ગ સીધાવી ગયા હતા. તે પોતાના કાકા કાકી સાથે રહેતી હતી, કાકાને અવની માટે ખૂબ લાગણી હતી, પરંતુ કાકીનો સ્વભાવ થોડો કર્કશ હતો. તેઓ નાની નાની વાતમાં અવનીને ઉતારી પાડતા અને ઘરનું બધું જ કામ અવનીને કરવાનું છતાં પણ તેમણે ક્યારેય અવની માટે પ્રેમ જતાવ્યો ન હોતો. પરંતુ અવની ખૂબ જ દયાળુ છોકરી હતી તે વધુ મગજ પર લેતી નહીં અને કાકીને હંમેશા માન આપતી હતી.



હવે અવની કોલેજના પહેલા વર્ષમાં આવી, તે નિયમિત ઘરનું કામ સવારે પતાવી કોલેજ જવા નીકળતી, રોજ સવારે ૧૦ વાગે બસ આવી જતી અવની નિયમિત હોવાથી ૯:૩૦ એ જ બસસ્ટેશન પહોંચતી. તે જ સમયે આલોક પણ તે જ બસમાં આવતો, પરંતુ ક્યારેય એક બીજા સાથે વાતચીત થતી નહોતી. પરંતુ બંને એકબીજાને જોયા કરતા મનમાં થતું કે વાત કરે પરંતુ પહેલ કોણ કરે. એક દિવસ અવનીને આવતા મોડું થયુ તો આલોક પણ બસમાંના બેઠો અને બીજી બસમાં બન્ને સાથે બેઠા. આજે તો આલોકે પહેલ કરી અને અવનીનો પરિચય મેળવ્યો. અવનીએ ઘર, અભ્યાંસ અને થોડીક ઘરની સમસ્યાની વાત જણાવી. પછી તો આ રોજનો નિત્યક્રમ થયો બન્ને એક બીજાની દિલની વાત એક બીજાને કરતા. આલોક માતાપિતાનું એક માત્ર સંતાન હતું અને સમજુ. હવે મિત્રતા ધીરે ધીરે પ્રેમમાં બદલાવા લાગી છે, આમ જ પ્રેમભરી વાતો અને મુલાકાતોમાં સમયનો વહેણ વહી જાય છે. કોલેજના ૩ વર્ષ આમ જ પુરા થઈ જાય છે અને હવે અવનીના ઘરેથી તેના લગ્નની વાતો ચાલવા લાગે છે. અવની ક્યારેક ક્યારેક વસ્તુ લેવાના બહાને આલોકને મળે છે અને પોતાના મનની વાત કરે છે. આલોક કહે છે તે પોતાના પરિવારમાં વાત જરૂર કરશે. આમ અવનીના કાકી પોતાના ભત્રીજા મયુર સાથે અવનીના લગ્નની વાત કરે છે, પરંતુ મયુર એક નંબરનો વ્યસની અને રખડેલ છોકરો હોય છે. તેનું શિક્ષણ પણ પુરુ થયુ નહોતું આ વાત અવની ખૂબ જ સારી રીતે જાણે છે અને અવારનવાર તે મયુરને પ્રસંગોમાં મળી પણ ચુકી હોય છે. તેનું મન ખૂબ જ મુઝાય છે. તે પોતાના મનની વાત કાકાને કરે છે તે મયુર સાથે લગ્ન કરવા નથી માંગતી. તે પોતાની આગળની જિંદગી સારી જીવવા માંગે છે આખી જિંદગી તેને કાકીના કટુ વચનો સાંભળવામાં કાઢી નાખી છે. પરંતુ કાકીનો રોફ કાકા ઉપર પણ એટલો જ હતો જેથી તે કઈ કરી શકતા નહોતા. એક દિવસ દરજીની દુકાને જવાના બહાને તે આલોકને મળે છે અને બધી જ હકીકત જણાવે છે. આલોક અવનીને ધીરજ રાખવા કહે છે અને હવે પછીની મુલાકાત કંઈક પરીણામ લઈ ને જ આવશે તેવું વચન આપે છે. આલોક ઘરમાં જઈને માતા પિતા ને બધી જ હકીકત જણાવે છે અને આલોકના મામા પિનાકભાઈ પોલીસ હોય છે. આલોકના પિતા બધી જ વાત પિનાકભાઈને જણાવે છે. કોઈ પણ છોકરીના તેના ઈચ્છા વિરુદ્ધ લગ્ન કરાવવાએ અપરાધ છે. આ બાજુ અવનીના કાકી લગ્નની બધી તૈયારી કરી ચુક્યા હોય છે. અવની અને મયુરની સગાઈનો દિવસ હોય છે આગલા દિવસે જ અવની કાકા સાથે મળીને આલોકને ટેલીફોન બધી વાત કરે છે. આલોક કહે છે કાલનો દિવસ આપણા બન્ને માટે ખાસ હશે એવુ કહી ને ફોને કાપી નાંખે છે. અવનીને કઈ સમજાતું નથી. સવારે સગાઈની વિધી શરુ થતા જ આલોક તેના માતા પિતા, પોલીસ પિનાક મામા સાથે ત્યાં આવી જાય છે અને અવની રડતી રડતી બધી જ હકીકત જણાવે છે. પિનાકભાઈ અવનીના કાકી ને ધમકાવે છે અને આગળ જતા અવનીને કોઈ પણ જાતની મુશ્કેલી આપી તો ધરપકડ કરવાની ધમકી આપે છે. આમ અવની અને આલોકના તે જ મંડપમાં ઘડિયા લગ્ન લેવાય છે. આમ આલોક એક ફૂલના ગુલદસ્તા માંથી એક ફૂલ આપે છે તે ફૂલ લેતા જ અવની બોલે છે. "તારા પ્રેમરૂપી મઘમઘતા ફૂલોએ મને જીવતા શીખવ્યું, બાકી મને ક્યાં ખબર હતી કે સુવાસ શું છે?"

અમદાવાદમાં સાત પોલીસ કર્મચારીઓને કોરોનામુક્ત જાહેર કરી અપાઈ રજા

અમદાવાદ

સતત ત્રણ દિવસ સુધી કોરોનાના સતત કેસ આવતાં એક તબક્કે નિરાશા તરફ જઈ રહેલી શહેર પોલીસ માટે ખુશખબર આવી છે. શહેર પોલીસના સાત પોલીસ કર્મચારીઅને કોરોનામુક્ત જાહેર કરી રજા આપવામાં આવી છે. ચાર ટ્રાફિક પોલીસજવાન ઉપરાંત ખોખરા, ખાડિયા ને રાણીપમાં ફરજ બજાવતાં ત્રણ પોલીસકર્મીને કોરોનામુક્ત જાહેર કરાયાં છે. સાત લોકોમાં ખાડિયાના એક મહિલા પોલીસકર્મી પણ સામેલ છે.

શહેર પોલીસના ૪૦ પોલીસકર્મી અને ૨૬ અન્ય સુરક્ષાકર્મી મળી કુલ ૬૬માંથી સાત પોલીસની કોરોના સારવાર પૂરી થતાં રજા અપાઈ છે. પોલીસકર્મી પોતાના ફરજના સ્થળે માસ્ક લગાવીને પહોંચતાં તેમને આવકારવામાં આવ્યાં હતાં. પોલીસ કમિશનર આશિષ ભાટિયાએ જણાવ્યું હતું કે, અમદાવાદ શહેર પોલીસમાં કુલ ૬૧૮ કોન્સ્ટેબ્યુલરી સ્ટાફથી લઈ અધિકારીઅના ટેસ્ટ કરાવવામાં આવ્યાં હતાં. ૪૦ પોલીસ કર્મચારી ઉપરાંત અન્ય ફોર્સના ૨૬ મળી કુલ ૬૬ લોકોને કોરોના પોઝીટીવ જણાતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા.

આ પૈકીના સાત પોલીસ કર્મચારીની સારવાર પૂર્ણ થતાં કોરોનામુક્ત બનતાં હોસ્પિટલમાંથી રજા અપાઈ છે. બે પોલીસને જ કોરોનાના લક્ષણો દેખાયાં છે. સારવાર હેઠળ રહેલાં અન્ય તમામ પોલીસ કર્મચારીની હાલત સતત સુધારા પર છે તે આનંદની વાત છે. પ્રજાને કોરોનાથી બચાવવા ફ્રન્ટલાઈન વોરિયર બનીને લડત આપતાં પોલીસકર્મી કોરોનામુક્ત બનવા લાગતાં પોલીસતંત્રમાં આનંદ-જુસ્સાની લાગણી છે.

આ ૭ પોલીસને કોરોનામુક્તિ

૧. LRD તેજપાલસિંહ-ટ્રાફિક પોલીસ

૨. લોકરક્ષક હિતેશભાઈ- ટ્રાફિક પોલીસ

૩. ASI સુખદેવભાઈ-ટ્રાફિક પોલીસ

૪. ASI યોગેન્દ્રસિંહ-સીસીટીવી-ટ્રાફિક

૫. PC નરેન્દ્રભાઈ-ખોખરા પોલીસ સ્ટેશન

૬. મહિલા કોન્સ. બિન્દુબહેન- ખાડિયા પોલીસ સ્ટેશન

૭.હેડ કોન્સ્ટેબલ રાજેશભાઈ- રાણીપ પોલીસ સ્ટેશન.

ગાંધીનગરમાં ૩૦ વર્ષના તબીબ કોરોના સંક્રમિત થતા સારવાર માટે ખસેડાયા

ગાંધીનગર

ગુજરાતમાં કોરોનાના કેસ સતત વધી રહ્યાં છે. ગુજરાતમાં નવા વિસ્તારો હવે કોરોનાના સંક્રમણમાં આવી રહ્યાં છે. આવામાં સરકારે દાવો કર્યો છે કે, ટેસ્ટીંગનો આંકડો વધારાયો છે. ત્યારે ગાંધીનગરથી ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. જેમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમા ફરજ બજાવતા ફિઝીશયન ડૉક્ટર કોરોનાથી સંક્રમિત થયા છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલનાં કોવિડ વોર્ડમા આ તબીબ ફરજ બજાવતા હતાં. ૩૦ વર્ષીય ફીઝિશિયનને કોરોનાં પોઝિટિવ આવતાં સારવાર માટે ખસેડાયા છે.

કોરોના વધતા કેસો જોઈ ડરેલા શિક્ષકોએ અપાયેલ સર્વે ની કામગીરીને લઈ શરુ કરી આના-કાની
હવે જિલ્લા પંચાયત હસ્તકના શિક્ષકોએ પણ સરકારી કામગીરીનો વિરોધ કર્યો

અમદાવાદ

કોરોનાના કેસો દિવસેને દિવસે વધી રહ્યા છે. આ સાથે શિક્ષકોમાં ત્રણ કેસ પોઝિટિવ આવતા શિક્ષકો માં ફફડાટ ફેલાયો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત શાળાઓના શિક્ષકોએ સોંપાયેલી કામગીરી કરવાનો ઇંકાર કર્યા બાદ હવે જિલ્લા પંચાયત હસ્તકની પ્રાથમિક શાળાના શિક્ષકોએ કામગીરીનો વિરોધ કર્યો છે. શિક્ષકોએ માંગ કરી છે કે તેઓને લોકોના ઘરે ઘરે ફરીને જે ફોર્મ ભરાવવાની અને તેઓના આધાર કાર્ડ નંબર અને પાનકાર્ડ નંબર મેળવવાની કામગીરી સોપવામાં આવી છે, તેનો અમે ઇંકાર કરીએ છીએ. અમને સરકારી કામગીરીનો કોઈ વિરોધ નથી પરંતુ પહેલા જે રીતે વાજબી ભાવની દુકાનો પર બેસી ફોર્મ ભરાવવાની કામગીરી સોંપાઈ હતી તે સોંપવામાં આવે. શિક્ષકો વાજબી ભાવની દુકાનો પર સેફટી કીટ સાથે બેસી કામગીરી કરવા તૈયાર છે.

એડિશનલ કલેક્ટર અને અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રણ અમદાવાદના આદેશ અનુસાર નોવેલ કોરોના વાયરસના સંક્રમણને નિયંત્રણમાં લાવવા લૉકડાઉન જાહેર કરાયું છે, એ લૉકડાઉનના કારણે ગરીબ અને શ્રમજીવી તેમજ રોજિંદી કામગીરી કરનાર મજૂર વર્ગની હાલત ખરાબ છે. આથી મુખ્યમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ લાભાર્થીઓના ખાતામાં ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર યોજના હેઠળ ૧ હજાર જમા કરાવવાની યોજનાને લઈ શિક્ષકોને કામગીરી સોંપવામાં આવી છે.

મહત્વનું છે કે જિલ્લા પંચાયતના શિક્ષકો પહેલા મ્યુનિસિપલ સ્કૂલના શિક્ષકો પણ આ કામગીરીનો વિરોધ કરી ચુક્યા છે, પરંતુ અન્ન નાગરિક પુરવઠા અધિકારીઓ દ્વારા શિક્ષકોને કારણદર્શક નોટિસ ફટકારતા શિક્ષકો કમને પણ કામે લાગી ગયા હતા. હવે જિલ્લા પંચાયતના શિક્ષકોમાં નારાજગીના સૂર જોવા મળ્યા છે. શિક્ષક માટે એવું કહેવાય છે કે શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદ મે પલતે હૈ...પરંતુ જ્યારે પણ રાજ્યમાં કોઈ આપત્તિ આવે છે ત્યારે શિક્ષકોની હાલત કફોડી થાય છે તે વાત નક્કી છે.

પાટણમાં સાજા થયેલા દર્દીઓને ફરી કોરોના પોઝિટિવ આવતા તંત્રમાં વ્યાપી ચિંતા

પાટણ

ગુજરાતમાં કોરોના વાયરસની મહામારીનો કહેર યથાવત જોવા મળી રહ્યો છે. જો કે પાટણમાંથી છેલ્લા બે દિવસથી ચિંતાજનક સમાચાર સામે આવી રહ્યા છે. જેમાં કોરોનાના સાજા થયેલા દર્દીઓનો રિપોર્ટ ફરી પોઝિટિવ આવતા તંત્રમાં ખળભળાટ જોવા મળી રહ્યો છે. આમ કોરોનાને લઈને મહેસાણાના પાટણથી સતત બીજા દિવસે સાજા થયેલા દર્દીઓમાં પોઝિટિવ દેખાવાના કેસો સામે આવેલા સમાચારથી ચિંતામાં વધારો જોવા મળ્યો છે. એક મળતા અહેવાલ મુજબ પાટણ શહેરમાંથી ફરી ચિંતાજનક સમાચાર આવ્યાં છે. જેમાં પાટણમાં કોરોના ફરી ઉથલો મારી રહ્યો હોવાનું સામે આવ્યું છે. જેમાં સ્વસ્થ થયેલા વધુ ૩ દર્દીઓમાં ફરી કોરોના



પોઝિટિવ આવ્યો છે. આમ સાજા થયેલા દર્દીઓમાં ફરી કોરોના પોઝિટિવ આવતા તંત્ર એકશનમાં જોવા મળી રહ્યું છે.

આ દર્દીઓ અગાઉ ધરાપુર મેડિકલ કોલેજમાંથી ડિસ્ચાર્જ થયા હતા. જેમાં ફેસીલીટી કોરોન્ટાઈનમાં દર્દીઓના ફોલોઅપ સેમ્પલ પોઝિટિવ આવ્યાં છે. ત્યારે દર્દીઓને ફરી ધારપુર મેડીકલ કોલેજમાં ખસેડાયા છે. આમ પાટણમાં અત્યાર સુધીમાં સાજા થયેલા ૫ દર્દીઓનો રિપોર્ટ ફરી પોઝિટ આવ્યો છે. પાટણમાં કોરોના કુલ પોઝિટિવ દર્દીઓની સંખ્યા ૧૭ છે જ્યારે એકનું મોત થયું છે. ઉલ્લેખનીય છે ગઈકાલે કોરોનાને લઈને પાટણથી ચિંતાજનક સમાચાર સામે આવ્યાં હતા. જેમાં પાટણના નેદ્રા ગામે સ્વસ્થ થયેલા બે દર્દીઓમાં ફરીથી કોરોના પોઝિટિવ આવતા તંત્ર દોડતું થઈ ગયું હતું. ગઈકાલે પણ ડિસ્ચાર્જ કરવામાં આવેલા દર્દીઓના ફોલોઅપ સેમ્પલ લેવામાં આવતા પોઝિટિવ આવ્યાં હતા.

અમદાવાદના કોટ વિસ્તારમાં કર્ફ્યુ મુક્ત લોકડાઉનમાં લોકો બહાના કાઢી નીકળ્યા બહાર

અમદાવાદ,

કોરોનાનું હોટસ્પોટ બનેલા અમદાવાદમાં ૧૬૫૨ પોઝિટિવ કેસ નોંધાઈ ચૂક્યા છે અને ૬૯ દર્દીના મોત થઈ ગયા છે. જ્યારે ૧૧૩ દર્દી સાજા થઈ ઘરે પરત ફર્યા છે. આ પહેલા કોટ વિસ્તારમાં કેસો વધતા કરફ્યુ લગાવવામાં આવ્યો હતો. કોટ વિસ્તારમાંથી આજે કરફ્યુ ઉઠાવી લેવાયો છે, પરંતુ લોકડાઉન છે છતાં શહેરના દિલ્હી દરવાજા વિસ્તારમાં આજ સવારથી જ સામાન્ય દિવસની જેમ લોકોની ભીડ જોવા મળી હતી. લોકડાઉનમાં કારણ વગર કોઈપણ વ્યક્તિ બહાર નીકળી શકે નહીં છતાં મોટી સંખ્યામાં લોકો બહાર નીકળી પડ્યા હતાં. સોશિયલ ડિસ્ટન્સનો પણ અભાવ જોવા મળ્યો હતો. પોલીસ દ્વારા લોકોને સોશિયલ ડિસ્ટન્સ જાળવવા માટે કહેવામાં આવતું હતું છતાં લોકો પાલન કરતા ન હતા.

માત્ર દિલ્હી દરવાજા જ નહીં કોટ અન્ય વિસ્તારોમાં પણ લોકો સવારથી જ બહાર નીકળી પડ્યા હતા. દૂધ, કરીયાણું લેવા માટે નીકળ્યા હોવાના બહાના કર્યા હતા. મોટાભાગના લોકોને કોરોનાનો ડર જ ન હોય તેમ ફરી રહ્યા હતા.

સુરેન્દ્રનગરના લખતરમાં પાન-માવાના બંધાણીઓએ એક દુકાનું તાળું તોડ્યું

સુરેન્દ્રનગર

રાજ્યમાં લૉકડાઉન ચાલી રહ્યું છે ત્યારે પાનમાવાના બંધાણીઓએ હવે હદ વટાવી છે. લૉકડાઉનની સ્થિતિમાં કાચી-૧૩૫ના શોખીનોએ હાસ્યસ્પદ કામ કર્યુ છે. અગાઉ મોરબીમાં ડ્રોનથી કાચી-૧૩૫ની ડિલિવરીનો વીડિયો વાયરલ થયો હતો ત્યારબાદ પાનમાવાના બંધાણીઓની હાસ્યસ્પદ હરકત કરી છે.

બનાવની વિગત એવી છે કે ગઈકાલે રાત્રે સુરેન્દ્રનગરના લખતરમાં પાનમાવાના બંધાણીઓએ એક દુકાનું તાળું તોડ્યું હતું અને પાનમાવાની દુકાનમાંથી માદક દ્રવ્યોની ચોરી કરી હતી. મોડી રાત્રે બનેલી ઘટનાથી સૌ કોઈના મુખે એક જ વાત હતી કે 'બંધાણીઓએ હદ વટાવી લોકડાઉન વચ્ચે માવા માટે ફાયરિંગ મારામારી હુમલા ચોરી જેવા અનેક બનાવો બન્યા છે, જેમાં હવે સુરેન્દ્રનગરના લખતરમાં પણ આવી ઘટના ઘટી હતી. સવારે રાહદારીઓ પસાર થતા તેમણે દુકાનના માલિકને ઘટનાની જાણ કરતા સમગ્ર ઘટનાનો ફોડ પડ્યો હતો.

પાનમાવા- બીડી-સિગારેટના બંધાણીઓએ કોઈ હથિયાર અથવા તો બોથડ પદાર્થ વડે દુકાનનું શટર ઉચું કરી નાંખ્યુ હતું અને તેમાંથી માદક દ્રવ્યોની ચોરી કરી હતી. અગાઉ રાજકોટમાં પણ પાનની દુકાનના તાળા તૂટ્યા હતા ત્યારે સૌરાષ્ટ્રમાં માવાના બંધાણીઓ નહીં સુધરે તેવો ઘાટ સર્જાયો હતો. આ ઘટના બાદ ચારેકોર હાસ્યસ્પદ ચર્ચાઓ થવા લાગી હતી કે સરકારે લૉકડાઉનમાં વ્યસનીઓ માટે પાનમાવાની દુકાનો ખુલ્લી રાખવાની છૂટ આપવી જોઈએ.

વડોદરામાં ATMના કારણે સેનાના ૪ જવાનો કોરોના સંક્રમિત થતા ૨૮ લોકો ક્વોરાન્ટાઈન

વડોદરા

ગુજરાતમાં કોરોના વાયરસનો ખતરો દિવસેને દિવસે વધી રહ્યો છે. ત્યારે એક મોટા સમાચાર મળી રહ્યા છે. ગુજરાતના વડોદરામાં ૪ જવાન કોરોના સંક્રમિત થયા હોવાના અહેવાલ મળી રહ્યા છે. જવાનોનો કોરોના રિપોર્ટ પોઝિટીવ આવતા અફડાતફડીનો માહોલ સર્જાયો છે. પ્રાથમિક તપાસ પ્રમાણે એક એટીએમ બૂથનો ઉપયોગ આ જવાનોએ કર્યો હતો, એક જ દિવસમાં ૪ જવાનોએ એટીએમમાંથી પૈસા કાઢ્યા હતા. એવી આશંકા છે કે ત્રણેય જવાન એટીએમના કારણે જ સંક્રમિત થયા છે. જવાનોના સંપર્કમાં આવેલા ૨૮ નજીકના લોકોનો ટેસ્ટ રિપોર્ટ સામે આવ્યા પહેલા જ તેમને ક્વોરાન્ટાઈન કરી દેવામાં આવ્યા છે.

સુરક્ષાદળોએ આ લોકોને ક્વોરાન્ટાઈન કર્યા છે. હવે તમામ ૨૮ લોકોનો કોરોના ટેસ્ટ કરાવવામાં આવી શકે છે. કોરોના વાયરસ હાલ ઝડપથી દેશમાં પોતાનો પ્રભાવ પાડી રહ્યો છે. કોરોનાના ઝપેટમાં પોલીસકર્મીઓ, સુરક્ષાદળોની સાથે સાથે ત્રણેય સેન્યદળો ઉપર પણ હવે કોરોના સંકટની અસર જોવા મળી રહી છે. અગાઉ મહારાષ્ટ્રમાં નેવીના જવાનોમાં સંક્રમણનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો હતો. ભારતીય નેવીના જવાનો પણ કોરોનાથી સંક્રમિત થયા છે. હાલમાં નેવીમાં ૨૫થી વધુ કર્મચારીઓને કોરોના ટેસ્ટ કરાવવામાં આવ્યો હતો,

જેમાંથી ૨૧ પોઝિટીવ કેસ સામે આવ્યા હતા. મુંબઈમાં ૨૧ પોઝિટીવ કેસ સામે આવ્યા હતા. પરંતુ હાલ તમામ જવાનોની હાલ સ્થિર છે અને સારવાર ચાલું છે. મુંબઈ પરિસરમાં એક નાવિકથી બાકી લોકોમાં તેનું સંક્રમણ ફેલાયું હતું. આ નાવિક ૭ એપ્રિલે થયેલી તપાસમાં પોઝિટીવ જણાયો હતો. ત્યારબાદ તેના સંપર્કમાં આવેલા મુંબઈ પરિસરમાં લોકોને ક્વોરાન્ટાઈન કરી દેવામાં આવ્યા હતા. સાથે સંક્રમણ વધુ ન ફેલાય તેના માટે તમામ જરૂરી પગલાં ભરવામાં આવ્યા હતા.

આણંદમાં કોરોનાને હરાવનાર ૮ દર્દીઓને હોસ્પિટલમાંથી અપાઈ રજા

આણંદ

આણંદ જનરલ હોસ્પિટલમાં ખંભાતના ૫ અને નડીઆદનો ૧ દર્દી કોરોના મુકત થતાં તેઓને તાડી ગડગડાટ વચ્ચે વિદાય આપવામાં આવી હતી.જ્યારે અન્ય ૨ દર્દીઓ કરમસદની શ્રી કૃષ્ણ મેડિકલ હોસ્પિટલ માંથીકોરોનાથી સ્વસ્થ થઈ ગયા છે. પરંતુ તેઓને અન્ય બીમારી હોવાના કારણે તેઓની સારવાર ચાલું છે. આમ આણંદ જિલ્લામાંએક જ દિવસમાં કુલ ૮ દર્દીઓએ કોરોના સામે જીત મેળવી છે

આણંદ શહેરની જનરલ હોસ્પિટલમાંથી ખંભાતનાં આશાબેન એચ રાણા (ઉ.વ.૩૫) વંશ કેતનકુમાર રાણા (ઉ.વ.૧૧), ગોપાલદાસ રાણા (ઉ.વ.૬૦), મીનાક્ષી ડી. રાણા (ઉ.વ.૨૪), યુવરાજ કે.રાણા (ઉ.વ) અને નડીયાદનાં ભારતી બેન એમ શાહ (ઉ.વ.૫૪) સ્વસ્થ થતા હોસ્પિટલનાં તબીબો, નર્સ સ્ટાફ અને વોર્ડ બોય દ્વારા તાળીઓથી વધાવી લેવામાં આવ્યા હતા જે બાદ તેમને ઉષ્માભરી વિદાય આપવામાં આવી હતી.

આણંદ જિલ્લામાં કોરોના વાઈરસની મહામારીનાં કારણે જિલ્લામાં હાલ પોઝીટીવ કેસોની સંખ્યા ૩૨ સુધી પહોંચી છે ત્યારે આણંદ જનરલ હોસ્પિટલમા ૧૪મીઅને ૧૫મી એપ્રિલના રોજ ખંભાતનાં અને નડિયાદનાં દાખલ થયેલા ૬ પોઝીટીવ દર્દીઓ સંપૂર્ણ રીતે સ્વસ્થ થઈ કોરોના સામે જીત મેળવી. જે બાદ આણંદ જનરલ હોસ્પિટલમાં આનંદનો માહોલ જોવા મળ્યો હતો. અને આ ૬ સ્વસ્થ દર્દીઓને રજા આપવામાં આવી હતી. જ્યારે અન્ય ૨ દર્દીઓ કરમસદની શ્રી કૃષ્ણ મેડિકલ હોસ્પિટલ માંથી કોરોનાથી સ્વસ્થ થઈ ગયા છે. પરંતુ તેઓને અન્ય બીમારી હોવાના કારણે તેઓની સારવાર ચાલું છે. આમ આણંદ જિલ્લામાં એક જ દિવસમાં કુલ ૮ દર્દીઓએ કોરોના સામે જીત મેળવી છે. આ દર્દીઓને ઉષ્માભરી વિદાય આપવા જિલ્લા કલેક્ટર આર.જી. ગોહિલ, જિલ્લા વિકાસ અધિકારી આશિષકુમાર, વિશેષ ફરજ પરનાં સચિવ સંદિપકુમાર ઉપસ્થિત રહ્યા હતા.

લોકડાઉન ૨.૦માં ખેડાના ૩૧૩ ઉદ્યોગો ધમધમ્યાંતા ૭ હજાર કામદારોની મળી રોજગારી

નડિયાદ

ખેડા જિલ્લામાં લોકડાઉન ટુ દરમિયાન ગ્રામ્ય વિસ્તારના ઉદ્યોગોને શરતી મંજુરીએ ઉત્પાદન કાર્ય શરૂ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ કાર્યવાહીમાં ગુરૂવાર સુધીમાં કુલ ૩૧૩ ઉદ્યોગોને મંજુરી આપવામાં આવી છે. આ ઉદ્યોગોમાં કામ કરતાં સાત હજાર જેટલા કામદારોને રોજગારી શરૂ થઈછે. જોકે, હજુ કેટલાક એકમોની અરજી અંગે કાર્યવાહી ચાલુ છે.

ખેડા જિલ્લામાં લોકડાઉન સાથે જ ઉદ્યોગો ઠપ થઈ ગયાં હતાં. નડિયાદ જીઆઈડીસી ઉપરાંત માતર, કપડવંજ જીઆઈડીસી તથા ખેડા તાલુકાના મોટા ભાગના ઉદ્યોગોમાં ઉત્પાદન કાર્ય ઠપ થઈ ગયું હતું. જોકે, લોકડાઉન ટુમાં જીઆઈડીસી, ગ્રામ્ય વિસ્તારના ૯૨ એકમો, ફેકટરીને મંજુરી આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ઔદ્યોગિક અર્થતંત્રને ગતિમાં લાવવા માટે રાજ્ય સરકારે કેટલીક શરતો સાથે પાલિકા વિસ્તાર સિવાયના ગ્રામ્ય અને જીઆઈડીસીના ઔદ્યોગિક એકમોને મંજુરી આપી છે. ખેડા જિલ્લામાં પણ આ પ્રકારની મંજુરી માટે નાના, મોટા દોઢ સો એકમો, ફેક્ટરીએ મંજુરી માટે અરજી કરી હતી. જેમાં કલેક્ટરના અધ્યક્ષ સ્થાને નિયુક્ત કમિટી દ્વારા સરકારની ગાઈડ લાઈન અનુસાર ૯૨ અરજીને મંજુરી આપી છે.

કોરોના સામે લડી રહેલા કોરોના વોરીયર્સની માંગો સામે સરકારના આંખ આડા કાન..!!

સ્ટાફનું શોષણ, જમવાની વ્યવસ્થા સહિતના મુદ્દે વિરોધ

અમદાવાદ એસવીપીમાં ૫૦ સ્ટાફકર્મી પોતાની માંગોને લઈ વિરોધમાં પ્રાંગણમાં બેઠા

અમદાવાદ

ગુજરાતમાં કોરોનાની સ્થિતિ બેકાબૂ બની રહી છે ત્યારે ફ્રન્ટલાઈનર વોરિયરને તંત્ર દ્વારા કોઈ સહકાર નથી મળી રહ્યો. આરોગ્યકર્મીઓ કોરોનાનો ભોગ બની રહ્યા છે. કોરોનાને કારણે ખુદ તબીબો અને હેલ્થ કર્મીઓ કોરોનાનો શિકાર બની ગયા છે ત્યારે એલજી, સિવિલ અને હવે એસવીપીનો સ્ટાફ પોતાનો રોષ ઠાલવી રહ્યો છે. ૫૦ જેટલા સ્ટાફના લોકો SVP પ્રાગંણમાં બેસીને વિરોધ કરી રહ્યા છે. કોરોનાના દર્દીઓને શું સારવાર મળે જ્યાં ખુદના સ્ટાફને જ અસંતોષ છે.

અમદાવાદની એસવીપી હોસ્પિટલ ખાતે નર્સિંગ સ્ટાફે હોબાળો મચાવ્યો છે. ઓલ ગુજરાત નર્સિંગ યુનિયનના નર્સિંગ સ્ટાફે અલગ અલગ માંગને લઈ હોબાળો કર્યો છે. સ્ટાફનું શોષણ, જમવાની વ્યવસ્થા સહિતના મુદ્દે વિરોધ કરવામાં આવ્યો છે. કોરોના દરમિયાન નોકરી બાદ અલગ સુવિધાના અભાવને લઈને પણ રોષ વ્યક્ત કરાયો છે. આ ઉપરાંત માનસિક હેરાનગતિ થતી હોવાનો પણ નર્સિંગ સ્ટાફનો આક્ષેપ છે. જેને લઈ સ્ટાફના ૫૦થી વધુ કર્મીઓ હોસ્પિટલના પ્રાંગણમાં એકઠા થયા છે. એલજીમાં પણ નર્સિંગ અને પેરામેડિકલ સ્ટાફે પોતાની વ્યથા વીડિયો દ્વારા રજૂ કરી હતી ત્યાર બાદ કોઈ પગલા લેવાયા હતા. આ વીડિયો પણ ખુબ વાયરલ થયો હતો. અગાઉ સિવિલ હોસ્પિટલમાં કોરોનાના વોર્ડમાં જેમની ફરજ હતી તેવા નર્સિંગ સ્ટાફનો પણ વીડિયો વાયરલ થયો હતો.

સુરેન્દ્રનગરમાં કોરોનાનો પગપેસારો, પ્રથમ પોઝિટીવ કેસ નોંધાતા તંત્રમાં ખળભળાટ

સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર જિલ્લામાં કોરોના વાયરસનો પ્રથમ પોઝિટીવ કેસ સામે આવ્યો છે. થાન ખાતે રહેતા ૬૧ વર્ષના વ્યક્તિનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે. થાન ખાતે રહેતા ૬૧ વર્ષના વ્યક્તિનો કોરોના વાયરસનો રિપોર્ટ પોઝિટિવ આવતા લોકોમાં ડરનો માહોલ પન્યો છે. દર્દીનું નામ ઘુઘાભાઈ બાવળીયા હોવાનું સામે આવ્યું છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે દર્દીની બોટાદની ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવે છે.જિલ્લામાં સૌ પ્રથમ કોરાના વાયરસનો પોઝિટીવ કેસ સામે આવતા તંત્રમાં દોડધામ મચી ઉઠી છે.

ગુજરાતમાં કોરોનાનો કહેર જોવા મળી રહ્યો છે ત્યારે અત્યાર સુધી ગુજરાતના કુલ ૩૩ જિલ્લામાંથી ૩૦ જિલ્લામાં કોરોના વાયરસ પ્રવેશી ચૂક્યો છે. રાજ્યના ૩૦ જિલ્લામાં કોરોના પોઝિટિવના કેસ નોંધાયેલા હતાં. રાજ્યના ત્રણ જિલ્લાઓ હજુ સુધી કોરોના મુક્ત રહ્યા છે. આ જિલ્લામાં અમરેલી, દેવભૂમિ દ્વારકા, જૂનાગઢનો સમાવેશ થાય છે.

બોડેલીની બે વર્ષ બાળકીએ કોરોનાને હરાવ્યો, તંત્ર એ ગિફ્ટ આપી કર્યું સન્માન

બોડેલી

બોડેલીમાં બે વર્ષની બાળકીએ કોરોનાને માત આપી છે. બે દિવસ પહેલા વડોદરાની ગોત્રી હોસ્પિટલમાં બાળકી સ્વસ્થ થઈ જતા તેને ડિસ્ચાર્જ કરવામાં આવી. તંત્રાએ બાળકીને ગિફ્ટ આપીને તેનું સન્માન કર્યું હતું. વહીવટી તંત્રએ જણાવ્યું કે બાળકી ચોથા ધોરણમાં આવશે ત્યા સુધી સ્કૂલની ફી માફ કરવા માટે જાહેરાત કરી છે..અને વહીવટી તંત્ર તેમજ આરોગ્ય વિભાગે તાળી પાડીને ખુશી પણ વ્યક્ત કરી છે.

ભાવનગરમાં વધુ પાંચ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા

રાજકોટ

ભાવનગરમાં રાત્રે બે પોઝિટિવ કેસ સામે આવ્યા હતા. જેમાં ભાવનગર રેલવે સ્ટેશન રોડ, મતવા ચોકમાં રહેતા રૂક્ષાનાબેન ઈબ્રાહિમભાઈ પઠાણ (ઉ.વ.૬૦) અને બોરડી ગેટ ગીતા ચોકમાં રહેતા કુમારભાઈ રસીકભાઈ વોરા (ઉ.૪૦)નો સમાવેશ થાય છે. રૂક્ષાનાબેન હોટસ્પોટ ઝોનમાં રહે છે. જ્યારે આજે ૨૪ એપ્રિલના રોજ સવારે વધુ ત્રણ કેસ પોઝિટિવ નોંધાયા છે. ભાવનગરમાં અત્યાર સુધીમાં કોરોના પોઝિટિવ કેસની સંખ્યા ૩૯ થઈ છે. જ્યારે રાજકોટમાં ૬૦ સેમ્પલમાંથી ૩૬ નેગેટિવ અને ૨૪ રિપોર્ટ આવવાના બાકી છે.

મનપાની આરોગ્ય વિભાગની ટીમે ગઈકાલે કુમારભાઈ વોરાનું સેમ્પલ લઈને પરીક્ષણ અર્થે મોકલ્યું હતું જેનો પોઝિટિવ રીપોર્ટ આવ્યો છે. આજે સવારમાં વધુ ત્રણ પોઝિટિવ રીપોર્ટ આવ્યા છે. જેમાં હોટસ્પોટ વિસ્તારમાં સંઘેડીયા બજાર મોચી શેરીમાં રહેતા રૂકસાનાબેન મુખ્તારભાઈ શેખ (ઉ.વ.૪૫), વડવા માઢીયાફળીમાં રહેતાં શોએબ નિઝામભાઈ રાઠોડ (ઉ.વ.૨૫) અને વડવા નેરામાં રહેતા ફારૂખભાઈ ગફારભાઈ ગનીયાણી(ઉ.વ.૪૯)ના રીપોર્ટ પોઝિટિવ આવ્યો છે. મોડીરાતથી સવાર સુધીમાં વધુ પાંચ પોઝિટિવ કેસ આવતા નગરજનોમાં ચિંતા પ્રસરી છે.

ગાંધીનગર સરકારી મેડિકલ કોલેજ ખાતે એક લેબ શરૂ કરવાની મંજૂરી

રાજ્યમાં રોજના ૩,૦૦૦ કોરોનાના ટેસ્ટ થાય છે, ક્ષમતા વધારવા પ્રયાસો ચાલુ: ડો. જયંતિ રવિ

લેબમાં કરાતા ટેસ્ટના રિપોર્ટ એક જ દિવસમાં આવી જાય તેવી ક્ષમતાનું નિર્માણ પણ કરાયું

ગાંધીનગર

આરોગ્ય અગ્રસચિવ ડો જયંતી રવિએ જણાવ્યું છે કે રાજ્યમાં કોરોના વાયરસ સંક્રમિત વ્યક્તિઓની તપાસ માટે કરવામાં આવતા ટેસ્ટની સંખ્યા ઉત્તરોત્તર વધારવામાં આવી છે

આ સંદર્ભ માં તેમણે કહ્યું કે ૧ એપ્રિલના રોજના ૧૦૦ ટેસ્ટથી શરુ કરીને ૨૩ એપ્રિલ સુધીમાં રોજના ૨૯૬૩ ટેસ્ટ કરવામાં આવેલા છે. જોકે હોટ સ્પોટ વિસ્તારમાં સંક્રમણ ડામવા માટે એગ્રેસિવ ટેસ્ટીંગને લીધે ૨૦ એપ્રિલે ૪૨૧૨ સેમ્પલ લેવાયા જેના લીધે લેબમાં બેકલોગ વધી ગયો હતો. આ પછી સ્ટ્રીમલાઈન કરી ક્ષમતા મુજબ ટેસ્ટ કરવામાં આવે છે.

તેમણે કહ્યું કે મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યમાં દરેક જિલ્લાના નાગરિકોને આવા ટેસ્ટથી આવરી લઈ કોરોનાનો વ્યાપ અટકાવવા અપનાવેલા વ્યૂહને પગલે રાજ્યના બધા જિલ્લાઓ માંથી ૧૦૦-૧૦૦ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવતા એક જ દિવસમાં ૪૨૧૨ ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

રાજ્યમાં આવા ટેસ્ટ માટે ૧૫ સરકારી અને ૪ ખાનગી મળીને ૧૯ લેબોરેટરી દરરોજના કુલ ૩૦૦૦ ટેસ્ટની ક્ષમતા સાથે કાર્યરત છે. આ લેબોરેટરીમાં કરવામાં આવતા ટેસ્ટના રિપોર્ટ એક જ દિવસમાં આવી જાય તેવી ક્ષમતા નિર્માણ પણ કરવામાં આવ્યું છે એમ ડો.જયંતિ રવિ એ જણાવ્યું હતું ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ દ્વારા વધુ એક લેબ ગાંધીનગર સરકારી મેડિકલ કોલેજ ખાતે શરૂ કરવાની મંજૂરી આપી દેવામાં આવી છે એમ પણ તેમણે જણાવ્યુ હતું. આ ઉપરાંત રાજ્યની તમામ મેડિકલ કોલેજમાં પણ લેબને મંજૂરી માટે આઈસીએમઆરને દરખાસ્ત કરી છે. સરકાર વધુને વધુ ટેસ્ટ કરવા માગે છે આરોગ્ય અગ્ર સચિવે કહ્યુકે રાજ્યમાં કોરોના અંગેના ટેસ્ટ પૂર્વે પ્રારંભિક લક્ષણો ધરાવતા વ્યક્તિઓ ને ત્વરાએ શોધી શકાય તે માટે રેપિડ એન્ટી બોડી ટેસ્ટ કીટ નો પણ વ્યાપક ઉપયોગ કરીને રાજ્યના ૩૦ જેટલા જિલ્લામાં આવા સર્વેલન્સ ટેસ્ટ શરૂ કરી દેવામાં આવ્યા છે. આ જ રીતે પીસીઆર ટેસ્ટ માટે પણ પચાસ હજાર કિટ છે તેનો સપ્લાય કેન્દ્રમાંથી જરૂર મુજબ આવે છે. રેપીડ એન્ટી બોડી ટેસ્ટ માટે ૨૪ હજાર કીટ ભારત સરકાર તરફથી ગુજરાતને આપવામાં આવી છે એમ તેમણે કહ્યું હતું.

અમદાવાદમાં ફરજ બજાવતા એસઆરપીના ૧૭ જવાનોને કોરોના પોઝિટીવ આવતા હડકંપ

અમદાવાદ

રાજ્યમાં કોરોનાના વધી રહેલા કેસોના કારણે સમગ્ર દેશમાં ગુજરાત બીજા નંબરે આવી ગયું છે. ત્યારે કોરોના ટેસ્ટિંગને લઈને છેલ્લા બે દિવસથી ઉઠી રહેલા સવાલોને લઈને આજે આરોગ્ય સચિવ જયંતિ રવિએ પોતાના હેલ્થ બુલેટિનમાં માહિતી આપી હતી. તેમણે અમદાવાદના હોટસ્પોટ સિવાયના વિસ્તારોમાં પણ એક્ટિવ ટેસ્ટિંગ કરવામાં આવી રહ્યું હોવાનો દાવો કર્યો છે. આ સાથે ગુજરાતમાં કોરોનાના કુલ આંકડો ૨૬૨૪ પર પહોંચી ગયો છે. જ્યારે રાજ્યમાં અત્યાર સુધી કોરોનાથી ૧૧૨ લોકોના મોત થયા છે, જ્યારે અત્યાર સુધી ૨૫૮ લોકો સ્વસ્થ થયા છે. અમદાવાદમાં આજે એક મોટા સમાચાર મળી રહ્યા છે.

અમદાવાદમાં ફરજ બજાવતા જીઈબીના ૧૭ જવાનોને કોરોના પોઝિટીવ આવતા હડકંપ મચી જવા પામ્યો છે. શહેરમાં ફરજ બજાવતા એસઆરપીના જવાન કોરોનાગ્રસ્ત થવાથી ફફડાટ વ્યાપ્યો છે. આ વિશે જાણવા મળી રહ્યું છે કે, ગોધરા એ કંપનીના જવાનો અમદાવાદમાં બંદોબસ્તમાં હતા. ત્યારે તમામનો ૨૨ એપ્રિલે કોરોનાનો રિપોર્ટ કરવામાં આવ્યો હતો, જેમનો રિપોર્ટ પોઝિટિવ આવતા ફફડાટ વ્યાપ્યો છે. સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રથમ પોઝિટિવ કેસ નોંધાયો છે. ગાંધીનગરમાં પણ વધુ એક પોઝિટિવ કેસ નોંધાયો છે.

ગાંધીનગરમાં ડોક્ટરને કોરોના પોઝિટિવ રિપોર્ટ આવ્યો છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૨૬૨૬ પોઝિટિવ કેસ નોંધાયા છે. જ્યારે મૃત્યુઆંક ૧૧૨એ પહોંચ્યો છે. રાજ્યમાં કુલ ૧૭૯ દર્દી સાજા થઈને ઘરે પરત ફર્યા છે. ભાવનગરમાં રાત્રે બે પોઝિટિવ કેસ સામે આવ્યા હતા. જેમાં ભાવનગર રેલવે સ્ટેશન રોડ, મતવા ચોકમાં રહેતા રૂક્ષાનાબેન ઈબ્રાહિમભાઈ પઠાણ (ઉ.વ.૬૦) અને બોરડી ગેટ ગીતા ચોકમાં રહેતા કુમારભાઈ રસીકભાઈ વોરા (ઉ.૪૦)નો સમાવેશ થાય છે. સુરતમાં કોર્પોરેટર વિજય પાનસુરિયાની માતાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જેથી કોર્પોરેટર સહિત સમગ્ર પરિવારને હોમ ક્વોરેન્ટાઈન કરાયા છે. વડોદરામાં આવેલ બે પોઝિટિવ કેસમાંથી એક આર્મી જવાનનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ સાથે વડોદરામાં કૂલ ૪ આર્મી જવાનના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે.

ગાંધીનગરના ઈટાદરા અને ભાટમાં કોરોનાના ૨ કેસો મળતા કુલ સંખ્યા ૧૯ થઈ

ઈટાદરામાં ૧૮ ટીમ ૨૮ દિવસ હાઉસ ટૂ હાઉસ સર્વે કરશે

ગાંધીનગર

વિશ્વભરમાં હાહાકાર મચાવનારા કોરોના ચેપી રોગના વાયરસે ગાંધીનગર શહેર અને જિલ્લાને પણ બાકાત રાખ્યો નથી. એક માત્ર દહેગામ તાલુકો બાકાત હતો. તેમાં પણ હાલીસાનો કેસ પોઝિટિવ નોંધાયો હતો. તે પછી માણસા તાલુકાના ઈટાદરામાં ૬૦ વર્ષના પુરૂષ અને ગાંધીનગર તાલુકાના ભાટ ગામની ૨૦ વર્ષની યુવતીનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. આ સાથે ગાંધીનગર શહેર અને જિલ્લામાં કોરોના પોઝિટિવ કેસની સંખ્યા વધીને ૧૯ ઉપર પહોંચી છે અને પોઝિટિવ દર્દીના મોતનો આંકડો ૨ નોંધાયો છે.

માણસા તાલુકામાં આવેલા ઈટાદરા ગામમાં રહેતા ૬૦ વર્ષના વૃદ્ધનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, આ વૃદ્ધ હાલમાં અમદાવાદના બહેરામપુરા વિસ્તારમાં રહે છે. જે થોડા દિવસ વતન ઈટાદરામાં રહેવા માટે આવ્યા હતા. ત્યારબાદ પરત પણ ગયા હોવાની જાણકારી મળી રહી છે, જ્યારે હાલ ગાંધીનગર હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. ઈટાદરાના આ વૃદ્ધ કેટલા લોકોના સંપર્કમાં આવ્યા હતાં, તે અંગે આરોગ્ય વિભાગ તેની માહિતી મેળવી અન્ય લોકોના રિપોર્ટ કરાવે ત્યાર બાદ ખબર પડશે કે આ વૃદ્ધના કારણે કેટલા લોકો સંક્રમિત થયા છે.

માણસા તાલુકાના ઈટાદરા ખાતે રહેતા ૬૦ વર્ષના વૃદ્ધને તા. ૨૨.૪.૨૦ના રોજ તાવ અને શ્વાસ લેવામાં તકલીફ થતાં ૧૦૮ મારફત ગાંધીનગર સિવિલ ખાતે લઈ જવાયા હતાં. જ્યાં દર્દીનો કોરોના રીપોટ પોઝિટિવ આવ્યો હતો. દર્દીના ૧૦ ક્લોઝ કોન્ટેક્ટને કોરેન્ટાઈન કરાયા છે અને નજીકના ૧૯ સંપર્ક ધરાવનારાઓને હોમ કોરેઈન કરાયા છે. ઈટાદરા ગામને ક્લસ્ટર કન્ટેન્ટમેન્ટ જાહેર કરી સર્વે શરૂ કરાયો છે. તેમજ સોડિયમ હાઈપોક્લોરાઈડ સોલ્યુશનનો સ્પ્રે કરવાની કામગીરી આગામી ૩ દિવસ ચાલુ રાખવામાં આવશે. ઈટાદરાના ક્સલ્ટર કન્ટેન્ટમેન્ટ વિસ્તારમાં ૧૮ ટીમ બનાવી કુલ ૧૬૦૪૬ની વસતીનો હાઈસ ટૂ હાઉસ સર્વે શરૂ કરાયો છે, જે ૨૮ દિવસ સુધા ચાલુ રાખવામાં આવશે.

કાળઝાળ ગરમીથી ત્રસ્ત વનરાજા માટે ખાસ સગવડ

ગીર સોમનાથમાં સિંહો માટે ભરવામાં આવી રહ્યા છે પાણીના પોઈન્ટ

ગીર સોમનાથ

ચૈત્રના ધોમધખતા તાપમાં વનરાજા સહિતના પ્રાણીઓને પાણીની જરૂર હોય છે ત્યારે મે મહિના નો આકરો તાપ વરસી રહ્યો છે અને અમરેલી જિલ્લા ના ગીર અને બૃહદ ગીર નું તાપમાન ૪૧ ડીગ્રી જેટલું નોંધાઈ રહ્યું છે ત્યારે સિંહો સહિત ના વન્ય જીવો માટે હાલ તંત્ર દ્વારા પાણીના પોઈન્ટ ભરવામાં આવી રહ્યા છે. હાલ ઉનાળા ની કાળ જાળ ગરમી વરસી રહી છે અને અમરેલી બૃહદગીર સહિત સિંહો ના રહેઠાણ નું તાપમાન ૪૧ ડીગ્રી ઉપર જવા પામ્યું છે જેની સીધી અસર સિંહો સહિત ના વન્ય જીવો પર નોંધાઈ રહી છે ખાસ કરી ઉનાળા માં સિંહો સહિત ના વન્ય જીવો ને તૃણ ભક્ષી ઓ ને નિશાચરો ને પોતના શરીર માં પાણી ખાસ જોતું હોય છે

પરંતુ હાલ મિતિયાલા અભ્યારણ અને ખામ્ભા ના અમુક વિસ્તારો ને બાદ કરતાં તમામ કુદરતી પાણીના પોઈન્ટ સુકાઈ જતા તંત્ર દ્વારા ખાસ પ્રકાર ની સુવિધા વન્ય જીવો માટે કરવા માં આવી છે. ૨૨૦૦૦ ચો કિમિ બૃહદગીરમાં હાલ કૃત્રિમ ૬૦૦ જેટલા પાણીના પોઈન્ટ ભરવામાં આવી રહયા છે. શેત્રુંજય ડિવિઝન માં લીલીયા કાકચ રાજુલા જાફરાબાદ સહિત જેસર પાલીતાણા ના વિસ્તારો માં હાલ સિંહ અને વન્ય જીવો ના વિસ્તારો માં કૃત્રિમ પાણીના પોઈન્ટ ટ્રેકટર અંર અન્ય પાણી ના ટેકર દ્વારા ભરવા માં આવી રહયા છે જે થઈ સિંહો સહિત માં વન્ય જીવો માટે આ આશીર્વાદ સમાં આ પાણીના કૃત્રિમ પોઈન્ટ બન્યા છે.

હાલ શેત્રુંજી નદી સૂકી ભટ બની છે તેમજ ગીર ની ઘાતરવડી નદી પણ સુકાઈ જતા આ વિસ્તારના સિંહો માટે પણ વન વિભાગ દ્વારા કૃત્રિમ પાણીના પોઈન્ટ રોજબરોજ ભરવામાં આવી રહ્યા છે જેમાં પાણીના ટેકરો દ્વારા તેમાં નર્મદાનું મીઠું પાણી હાલ આ વન્ય જીવો સિંહો એ આપવામાં આવી રહ્યું છે તેમજ અમુક જગ્યા પર પવન ચકીઓ પણ કાર્યરત છે. ગુજરાત સરકાર શેત્રુંજય ડિવિઝન ના ઈન્ચાર્જ ડી એફ ઓ સંદીપ કુમાર જણાવે છે કે વન્ય જીવો માટે પાણી અને ઠંડક ની વ્યવસ્થા ખાસ હાલ વન વિભાગ દ્વારા કરવા માં આવી છે.

સાવચેતીના ભાગ રૂપે વડોદરા શહેર-જિલ્લામાં આજથી રેપિડ કીટથી કોરોના ટેસ્ટ શરૂ

વડોદરા

રેપિડ કીટથી પોઝિટિવ દર્દીઓના રિપોર્ટ પણ નેગેટિવ આવતા હોવા છતાં વડોદરા શહેર-જિલ્લા ૯૦૦ રેપિડ કીટથી કોરોનાના ટેસ્ટ આજથી શરૂ કરાશે. કોરોનાએ ગુરૂવારે તાંદલજાની વૃદ્ધાનો ભોગ લેતા વડોદરા શહેર-જિલ્લામાં મૃત્યુઆંક ૧૧ પર પહોંચ્યો હતો.

વડોદરામાં ૩ સૈનિક કાફટમેન પોઝિટિવ - ૩ સૈનિક ક્રાફટસમેન (કારીગર) ને કોરોનાનું સંક્રમણ કયાંથી લાગ્યુ, તે દિશામાં તપાસ શરૂ કરવામાં આવી છે અને તેમને એક જ દિવસમાં એક જ છ્સ્માંથી નાણાં ઉપાડતી વખતે ત્યાંથી ચેપ લાગ્યો હોવાની શક્યતા જોવામાં આવી રહી છે. આ ૪ જવાનોની સાથે ૨૮ જવાનો સંપર્કમાં હોવાથી તાત્કાલિક અસરથી તમામ ૨૮ જવાનોને ક્વોરન્ટીન કરી દેવામાં આવ્યા છે.

ઉનામાં હવેલી શેરીના મકાનમાં ગેસનો બાટલો ફાટતા લાગેલી આગને કરાઈ કાબુ

ઉના - ઉનાની હવેલી શેરીમાં એક મકાનમાં ગેસનો બાટલો ફાટતા ભીષણ આગ લાગી હતી. મોડીરાત્રે આગ લાગતા ઘરમાંથી બધા લોકો બહાર નીકળી ગયા હતા. ઉના ફાયર બ્રિગેડને જાણ થતા ફાયર ફાઈટરના જવાનોએ પાણીનો મારો ચલાવી કાબૂ મેળવ્યો હતો. જો કે, લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. જો કે કોઈ જાનહાનિ સર્જાઈ નથી.

દસ્તાવેજની નોંધણી ને લઈ ગુજરાત સરકારનો મહત્વનો નિર્ણય

૯૮ સબ રજીસ્ટાર કચેરીમાં દસ્તાવેજની ઓનલાઈન નોંધણી કરવામાં આવશે

ગાંધીનગર

સીએમઓના સચિવ અશ્વિની કુમારે રાજય સરકારના મહત્વના નિર્ણય અંગે માહિતી આપતા જણાવ્યું કે, નગરપાલિકા અને મહાનગરપાલિકાની વિસ્તાર સિવાયની ૯૮ સબ રજીસ્ટાર કચેરીમાં દસ્તાવેજની નોંધણી કરવામાં આવશે. જેના માટે ઓનલાઈન એપોઈન્ટમેન્ટ લેવી પડશે. તો સાથે જ ઉદ્યોગોને મળેલી છૂટછાટ અંગે માહિતી આપતા જણાવ્યું કે, રાજ્યમાં ઉદ્યોગોને શરૂ કરવાની મંજૂરી આપી છે. તેમાં અત્યાર સુધીમાં ૪૦ હજાર ઉદ્યોગો શરૂ થઇ ગયા છે અને એ ઉદ્યોગોમાં ૫ લાખ કામદારો કામ કરી રહ્યા છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, આવતીકાલે ૨૫મીએ તરીકે નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ અંતર્ગત જે ૬૬ લાખ કુટુંબો રેશનકાર્ડ ધરાવે છે, તેઓ સસ્તા અનાજની દુકાનો પર રાશન વિનામૂલ્યે મેળવી શકશે. એનએસએફએ કાર્ડ ધરાવનાર લોકોની જ આજે રાશન મળશે, એ સિવાય કોઈએ રાશનની દુકાને લેવા જવાનું નહીં રહે. માર્કેટ યાર્ડમાં ૪ લાખ ક્વિન્ટલ અનાજની ખરીદી કરવામાં આવી છે. મહાનગરપાલિકા અને સરકાર દ્વારા કરવામાં આવતા કામો ૫૭૩ શરૂ કરી દેવામાં આવ્યા છે, જેમાં ૨૦ હજાર જેટલા શ્રમિકો કામ કરી રહ્યા છે. દૂધમાં ૪૯ લાખથી વધુની લિટર દૂધનું વિતરણ કરવામાં આવ્યું છે. દૂધનું વિતરણ વધુ થઈ રહ્યું છે એનો મતલબ એ થયો છે કે જનજીવન રાબેતા મુજબ થઈ રહ્યું છે. ૧ લાખ ૧૯ હજાર ક્વિન્ટલ શાકભાજીની આવક થઈ છે. તો ફળફળાદી માં ૧૫ હજાર ક્વિન્ટલથી વધુની આવક થઈ છે.

તો સાથે જ તેમણે રાજ્યમાં કોરોના ટેસ્ટીંગ વધારવા મુદ્દે કહ્યું કે, ગુજરાતમાં કેસોની સંખ્યામાં વધારો થયો છે, તેમ ટેસ્ટિંગ પણ થઈ રહ્યાં છે. જે આંકડાઓ આપ્યા છે તે આંકડાકીય માહિતીના આધારે છે, અમારી સ્ટ્રેટેજી પ્રમાણે અમે વધારે ટેસ્ટ કરી રહ્યાં છે.

પાલનપુરમાં પ્રભારી સચિવ અરૂણકુમારના અધ્યક્ષસ્થાને કોરોના સંદર્ભે યોજાઈ સમીક્ષા બેઠક

બનાસકાંઠા

જિલ્લાના પાલનપુર મુકામે પ્રભારી સચિવ અરૂણકુમાર સોલંકીના અધ્યક્ષસ્થાને કોરોના સંદર્ભે અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લાની વર્તમાન પરિસ્થિતિ અંગે ચર્ચા કરવામાં આવી હતી. બનાસકાંઠામાં કોરોના સંદર્ભે પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણમાં રહે તેમજ વધતા કેસોને અંકુશમાં લઈ શકાય તે માટે સચિવે અધિકારીઓને વિસ્તૃત માર્ગદર્શન અને જરૂરી સુચના આપી હતી. સચિવે કહ્યું કે, કોરોના સંદર્ભે પરિસ્થિતિ બહુ જ સંવેદનશીલ માનીને પ્રયાસો કરીએ. સમગ્ર જિલ્લામાં છેવાડાના વિસ્તારો સુધી દરેક ગામ અને જન-જન સુધી સંકલન કેળવીને રોજે-રોજ પરિસ્થિતિને અપડેટ કરતા રહીએ. કોરોનાની કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા સરકાર સક્રિય અને સક્ષમ છે.કલેકટર સંદીપ સાગલેએ સમગ્ર જિલ્લામાં હાથ ધરવામાં આવેલી કામગીરીની વિગતો જણાવી હતી. સમગ્ર જિલ્લામાં કોરોના વાઈરસ સંદર્ભે વ્યાપક કામગીરી અને યુધ્ધના ધોરણે ચાલતા પ્રયાસોની વિગતવાર માહિતી આપી હતી.

કલેકટરએ કહ્યું કે, લોકડાઉનની ચુસ્ત અમલવારી કરવામાં આવે છે. ડીસા ગાંધીલિંકન ભણશાળી હોસ્પીટલ અને પાલનપુર બનાસ મેડીકલ કોલેજ સંચાલિત સીવીલ હોસ્પીટલને સુવિધાસજ્જ બનાવાઇ છે. જિલ્લા અને રાજય બહારથી આવેલા લોકોને તપાસ કરી ક્વોરેન્ટાઇન અંગે પણ કામગીરી કરવામાં આવી છે. આ પ્રસંગે જરૂરતમંદ લોકોને રહેવા માટે શેલ્ટર હોમ્સ, જમવાની અને રાશન કીટ વિતરણ વગેરેની દાતાઓના સહયોગથી મોટાપાયે કામગીરી કરવામાં આવી છે. આરોગ્ય અને પોલીસ વિભાગ સહિત વહીવટીતંત્ર દ્વારા દિવસ રાત અથાક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જિલ્લાના શહેરી અને ગ્રામીણ વિસ્તારો સુધી દરેક લોકો પર ઝીણવટભરી નજર રાખી બિમારીના શંકાસ્પદ દર્દીઓની તપાસ કરી જરૂર જણાયે સેમ્પલ લઇ ટેસ્ટ માટે મોકલવામાં આવે છે.

સૂર્યના કિરણોમાં કોરોના વાયરસનો ઝડપથી ખાતમો થાય છે: અમેરિકાના વૈજ્ઞાનિકોનો દાવો

વોશિંગ્ટન

ગરમીમાં કોરોના વાયરસનો ખાતમો થાય છે કે નહી તેની ચર્ચાઓ વચ્ચે અૂમેરિકાના વૈજ્ઞાનિકોએ દાવો કર્યો છે કે, સૂર્યના કિરણોમાં વાયરસ જલદી ખતમ થાય છે.

અમેરિકાના ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટીના વૈજ્ઞાનિક સલાહકાર વિલિયમ બ્રાયને પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યુ હતુ કે, વૈજ્ઞાનિકોના એક જૂથને કોરોના વાયરસ પર સૂર્યના કિરણોનો શક્તિશાળી પ્રભાવ જોવા મળ્યો છે. ગરમીમાં તેનો પ્રસાર ઓછો થવાની શક્યતા છે.

તેમણે કહ્યુ હતુ કે, નેશનલ બાયોડિફેન્સ એનાલિસિસી એન્ડ કાઉન્ટર મેઝર્સ સેન્ટરના સંશોધનમાં અમને અત્યાર સુધીમાં જોવા મળ્યુ છે કે, ૩૫ ડિગ્રીથી વધારે તાપમાન અને ભેજ સપાટી પર અને હવાલમાં વાયરસના જીવીત રહેવાની ક્ષમતા અડધી કરી દે છે. ૧૮ કલાક સુધી જીવતો રહી શકતો વાયરસ ગણતરીની મિનિટોમાં ખતમ થઈ શકે છે. આમ તાપમાનમાં જો વધારો થાય તો વાયરસ માટે તે નુકસાનકારક થઈ શકે છે. ગરમી જેવી સ્થિતિ કોરોનાનો પ્રસાર અટકાવી શકે છે.

જોકે આ સ્ટડીને હજી સુધી પ્રકાશિત કરાયો નથી. જેના કારણે બીન સરકારી વૈજ્ઞાનિકો અને નિષ્ણાતો માટે તેના પર ટિપ્પણી કરવાનુ મુશ્કેલ બન્યુ છે.

મહત્વપૂર્ણ સવાલ એ પણ છે કે, લેબોરેટરીમાં થયેલા પરીક્ષણના પ્રાકૃતિક સ્થિતિમાં એટલા જ અસરકારક પરિણામ મળી શકશે કે કેમ.. ટેકસાની એક યુનિવર્સિટીના વૈજ્ઞાનિક બેન્જામીનનુ કહેવુ છે કે, પરિક્ષણ કેવી રીતે કરાયુ હતુ તે જાણવુ જરુરી છે. કારણકે વાયરસની ગણતરી માટે અલગ અલગ રીત હોય છે.

વડોદરામાં કોરોના કુલ કેસના ૫% કેસ ગ્રામ્ય વિસ્તારમાં નોંધાતા હાહાકાર

ડભોઈ, પાદરા, વાઘોડિયા, કરજણ અને વડોદરા તાલુકામાં કોરોના પોઝિટિવ કેસ મળ્યા

વડોદરા

વડોદરા શહેરમાં કોરોના વાઈરસનો કહેર જોવા મળી રહ્યો છે. વડોદરા શહેર બાદ હવે ગ્રામ્ય વિસ્તારોમાં પણ કોરોના વાઈરસના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. વડોદરા શહેર અને જિલ્લામાં અત્યાર સુધી કોરોના વાઈરસના ૨૧૯ પોઝિટિવ કેસ નોંધાયા છે. જે પૈકી ૫ ટકા કેસ તો વડોદરા ગ્રામ્ય વિસ્તારોમાં નોંધાયા છે. જેને પગલે ગ્રામ્ય વિસ્તારોમાં પણ રોજેરોજ કોરોના વાઈરસના ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે.

વડોદરા જિલ્લાના ડભોઈમાં ૧૪ એપ્રિલે ઐયુબ તાઈ (૩.૫૨)નો કોરોના વાઈરસનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. ત્યારબાદ ડભોઈના વધુ બે પોઝિટિવ કેસ આવ્યા હતા. અને વાઘોડિયા નજીક લીમડા પાસે આવેલા પારૂલ યુનિવર્સિટી કેમ્પસમાંથી ૨ પોઝિટિવ કેસ નોંધાયા હતા. ત્યારબાદ કરજણ મેથી ગામના વૃદ્ધ ગોવિંદભાઈ વણકર (૩.૬૩)નું કોરોના વાઈરસથી ગોત્રી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું. ત્યારબાદ સુરતથી પાદરા તાલુકાના ચોકારી ગામમાં આવેલા યુવાનનો કોરોના વાઈરસનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.

જોકે સૌથી પહેલા વડોદરા જિલ્લા આરોગ્ય તંત્રએ વડોદરા તાલુકાના અંકોડિયા ગામમાંથી ૨ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા હોવાનું જાહેર કર્યું હતું. જોકે તેઓ મૂળ નડિયાદના રહેવાસી હોવાનું સામે આવ્યું છે. વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના ચોકારી ગામના ઠાકોરભાઈ ભીખાભાઈ ગોહિલનો કોરોના વાઈરસનો રિપોર્ટ ૨૩ એપ્રિલે પોઝિટિવ આવ્યો હતો. ઠાકોરભાઈ સુરતથી આવ્યા બાદ તેમનો રિપોર્ટ પોઝિટવ આવ્યો હતો. આ ઉપરાંત કેટલાક દર્દીઓ વિદેશથી આવ્યા બાદ પોઝિટિવ નોંધાયા હતા.

ચરોતરના ૯ દર્દી કોરોના મુકત બનતા રજા અપાઇ

નડિયાદ અને પેટલાદમાં એક -એક કોરોના પોઝિટિવ કેસ મળી આવતા તંત્રમાં દોડધામ

નડિયાદ

ખેડા જિલ્લામાં નડીયાદ શહેરમાંથી એક પોઝિટિવ કેસ અને પેટલાદ શહેરમાં સિવિલ નર્સ તરીકે ફરજ બજાવતી મહિલાનો રીપોર્ટ પોઝિટિવ આવ્યો છે.જો કે આણંદ જિલ્લામાં ૮ દર્દીઓ કોરોના માત આપી સ્વસ્થ થઈ બહાર આવતાં તેમને રજા આપવામાં આવી છે.જયારે આણંદ જિલ્લાના ૬ રીપોર્ટ નેગેટીવ આવ્યા હતા.તે બાબત આણંદ જિલ્લા માટે રાહતના સમાચાર લઈને આવી હતી. જયારે નડીઆમ શહેરમાં વિકાસ ડેરી કામ કરતાં કર્મચારીઓના સેમ્પલ લેવામાં આવ્યા હતા.તેમાં વધુ એક કર્મચારીનો રીપોર્ટ પોઝીટવ આવ્યો છે.

આણંદ જિલ્લામાં કોરોનાએ પગ પેસારો કરતાં જિલ્લાની સિવિલ હોસ્પિટલ એવી પેટલાદની સયાજી હોસ્પિટલમાં ડોકટરને આવ્યાં બાદ તેમના સંપર્કમાં આવેલી વ્યક્તિઓ અને સ્ટાફના રીપોર્ટમાંથી હોસ્પિટલ સ્ટાફ-નર્સને પોઝિટિવ રીપોર્ટ આવતાં પેટલાદ શહેરમાં બે અને તાલુકામાં એક મળી કુલ ૩ કોરોના પોઝિટિવની સંખ્યા થતાં મેડિકલ સ્ટાફ અને અન્યોમાં ચિંતાના વાદળો ઘેરી વળ્યાં છે.

પેટલાદ સીવીલ હોસ્પિટલના ડોકટર માર્ગેશ પટેલને કોરોના પોઝીટવ આવ્યાં બાદ સ્ટાફ નર્સોનો ટેસ્ટ રીપોર્ટ કરવામાં આવેલ, જેમાં આણંદની આઇશા રેસીડન્સીમાં રહેતાં અને પેટલાદમાં સ્ટાફ ક્વોર્ટસ ધરાવતાં અસમાબેન શેખ ઉ.વ.૨૭નો રીપોર્ટ કોરોના પોઝિટિવ આવતાં સ્ટાફમાં અને તેમના સંપર્કમાં આવેલા લોકોમાં ભયનો માહોલ ફેલાયો છે. હોસ્પિટલમાં સ્ટાફ ક્વાર્ટર્સ ધરાવતાં અસમાબેન રીપોર્ટ પહેલાં પોતાના ઘરે પણ મુલાકાત કરી આવતાં ત્યાં પણ ધમધમાટ થવાનો સંકેતો છે.

અમદાવાદમાં વધતા કોરોનાના પગલે છાપા પહોંચાડતા ફેરિયાઓનું કરાયું સ્ક્રિનિંગ

અમદાવાદ

ગઈ કાલે વધુ ૧૫૧ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા હતા. જ્યારે ૭ વ્યક્તિઓના મૃત્યુ થયા હતા. તમામ કેસ લોકલ ટ્રાન્સમિશનના છે. જેમાં બહેરામપુરા અને જમાલપુરમાં સૌથી વધુ કેસ છે. જ્યારે પશ્ચિમ અમદાવાદમાં ઘાટલોડિયા મીઠાખળી અને નારણપુરામાં પણ કેસ મળ્યા છે. કોરોના વાઈરસને ફેલાતો અટકાવવા માટે સુપર સ્પ્રેડરનું મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ચેકિંગ થઈ રહ્યું છે. જેમાં સવારે ઘરે-ઘરે છાપા વેચતા ફેરિયાઓનું સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતું. અમદાવાદનાં પાંજરાપોળ અખબાર ડેપો પર કોરોના વાઈરસના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. વહેલી સવારે ૩થી ૫ના સમયમાં ચેકીંગ થયું હતું. પાંજરાપોળ બાદ ઈકમ ટેક્સ, પાલડી, સાબરમતી, સહીતના અખબાર ડેપો પર પણ તપાસ થશે. શહેરમાં તમામ છાપા ફેરીયાઓની કોરોના રિપોર્ટ કરવામાં આવશે સવારે ૩ વાગ્યાથી આ તપાસ શરૂ થાય છે.

લોકડાઉનમાં બદલાયું શિક્ષણનું સ્વરૂપ, ઓનલાઈન અભ્યાસની સરેરાશ હાજરી ૨૦%પહોંચી

સુરત



છેલ્લા એક મહિના કરતા વધુ સમયથી દેશભરમાં લોકડાઉનની સ્થિતિ છે. એવા સમયે સરસ્વતીના મંદિર ગણાતા વિદ્યાધામો સ્કૂલ કોલેજ બધુ જ બંધ છે. પરંતુ શિક્ષણ રૂપી જ્ઞાનના ધારા અવિરત ચાલુ છે. લોકડાઉનમાં શિક્ષણ માટેના નવા પરિમાણ એવા ડિજિટલ શિક્ષણનું મહત્વ વધી ગયું છે. સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં અનેક શાળા કોલેજ અને પ્રોફેશનલ કોર્ષીસ સાથે જોડાયેલા લોકો ડિજિટલ શિક્ષણ થકી વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવી રહ્યાં છે. લોકડાઉન અગાઉ ગણ્યા ગાંઠ્યા લોકો ડિજિટલ શિક્ષણથી અભ્યાસ કરતાં જેની સંખ્યા હવે ૨૦ ટકા આસપાસ થઈ ગઈ છે.

હાલના સમયમાં શૈક્ષણિક સંસ્થાઓ પોતાના ઉદ્દેશમાં સફળ થઈ હોવાનું સ્પષ્ટ દેખાઈ આવે છે. જો કે હાલમાં શાળા અને કોલેજમાં સરેરાશ વિદ્યાર્થીઓ વધી રહ્યાં છે. વિદ્યાર્થીઓ પણ ઓનલાઈન એજ્યુકેશનથી વાકેફ થવાની સાથે ટેવાઈ રહ્યાં છે. આવનારા દિવસોમાં પણ શિક્ષણની પરિભાષા બદલાશે એવો તજજ્ઞો મત વ્યક્ત કરી રહ્યાં છે. હાલના સમયમાં સુરત જિલ્લામાં પ્રાથમિક શાળામાં ૧૫ ટકા, કોમર્સ આર્ટસ કોલેજમાં ૮૦ ટકા વિદ્યાર્થીઓ ડિજિટલ એજ્યુકેશન સાથે જોડાયા છે. તાપી બ્રહ્મચર્યાશ્રમ કોલેજના પ્રોફેસર રૂતુલ સુતરીયાએ જણાવ્યું હતું કે, મેં કોલેજમાં ઓફલાઈન શિક્ષણ આપવાની સાથે સાથે ઘણા સમયથી ઘરમાં જ ડિજિટલ એજ્યુકેશન આપવા માટે સ્ટુડિયો બનાવ્યો હતો. પરંતુ લોકડાઉન અગાઉ જૂજ સંખ્યામાં વિદ્યાર્થીઓ ઓનલાઈન વીડિયોથી શિક્ષણ મેળવતાં હતાં.

હાલના લોકડાઉનના સમયમાં મારા વીડિયો જોનારા વિદ્યાર્થીઓની સંખ્યા ખૂબ વધી ગઈ છે. વિદ્યાર્થીઓ ન સમજાય તો કોમેન્ટ કરીને સવાલો પણ કરે છે. ફરીથી સમજાવવાની માંગ પણ કરે છે. આવનારા સમયમાં પણ વિદ્યાર્થીઓમાં આ ટ્રેન્ડ જળવાઈ રહેશે તેમ કહી શકાય છે. સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના અધ્યક્ષ દીપક રાજ્યગુરૂએ જણાવ્યું હતું કે, ડિજિટલ શિક્ષણના વધેલા ચલણને જોતાં એવું પણ બને કે, આવનારા વર્ષોમાં પ્રાથમિક અને પ્રિ પ્રાયમરી જેવા ફોર્મલ એજ્યુકેશન માટે શાળાએ જવું ન પડે.

અમદાવાદ ક્રાઇમ બ્રાંચના મહિલા ACP કોરોના સંક્રમિત થતા પોલીસબેડામાં ચિંતા

અમદાવાદ

ગુજરાતમાં કોરોના વાયરસની મહામારીનો પ્રકોપ યથાવત્ જોવામ મળી રહ્યો છે. જો કે રાજયમાં કોરોના યોદ્ધાઓમાં પોઝિટિવ રિપોર્ટ આવતાં ચિંતાનું કારણ જોવા મળી રહ્યું છે. રાજયના પોલીસ, ડોકટર તેમજ મેડિકલ કર્મીઓમાં કોરોના પોઝિટિવ જોવા મળતા ચિંતામાં વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે અમદાવાદ શહેરના ક્રાઇમ બ્રાંચના મહિલા એસીપી માં કોરોના વાયરસનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. પ્રાપ્ત મળતી વિગત અનુસાર અમદાવાદ શહેરના ક્રાઇમ બ્રાંચના અધિકારીમાં કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. શહેરના ક્રાઇમ બ્રાંચના મહિલા એસીપી મીની જોસેફનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. અમદાવાદ ક્રાઇમ બ્રાંચના મહિલા એસીપી મીની જોસેફ હાલ એસવીપી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જો કે ક્રાઇમ બ્રાંચની મહિલા એસીપી અધિકારીમાં કોરોના પોઝિટિવ આવતાં પોલીસ વિભાગની ચિંતામાં વધારો જોવા મળ્યો છે. ઉલ્લેખનીય છે કે આ અગાઉ ખાડિયા પોલીસ સ્ટેશનના પીઆઇ બાદ મહિલા પોલીસ એસીપી નો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવતાં પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયેલો જોવા મળ્યો છે. પોલીસ અધિકારીઓમાં કોરોના પોઝિટિવ કેસોની સંખ્યામાં જોવા મળી રહેલો વધારો એક ચિંતાનો વિષય છે. ઉલ્લેખનીય છે ગઈકાલે અમદાવાદમાં આરએએફ જવાનોમાં પ્રથમ કોરોના પોઝિટિવ કેસ સામે આવ્યો હતો. આમ ફાયર અને પોલીસકર્મી બાદ આરએએફ ના જવાનમાં કોરોના સંક્રમણ જોવા મળ્યાં હતા.

લોકડાઉનમાં ફસાયો ત્રણ લોકોનો પરિવાર, બધા અલગ અલગ જગ્યાએ, કરી મદદની માંગ



સુરત

લોકડાઉનને લઈને હાલ દિલ્હીમાં ગુજરાતના ૧૦ જેટલા વિદ્યાર્થીઓ ફસાઈ ગયા છે. જેમાં સુરતનો દીપક નકુમ નામનો વિદ્યાર્થી પણ છે. દીપક પરિવારનો એકનો એક દીકરો છે. દીપક દિલ્હીમાં ફસાયો છે. જ્યારે તેમની માતા જામનગરમાં ફસાયેલા છે તો તેના પિતા સુરતમાં ફસાયેલા છે. જેથી તેઓ પત્ની અને દીકરાને પરત લાવવા ભાગદોડ કરી મદદની અપીલ કરી રહ્યા છે. મૂળ દેવભૂમિ દ્વારકાના વેરાડ ગામના રમેશભાઈ નકુમ પરિવાર સાથે સુરતમાં વરાછા વિસ્તારમાં આવેલા મહારાણા પ્રતાપ ઉધિયાન સામે ગાર્ડન ગેટ એપાર્ટમેન્ટમાં રહે છે. ઘરની પરિસ્થિતી સારી ન હોવા છતા દીકરાને નવ મહિના પહેલા યુપીએસસીની તૈયારી માટે દિલ્હી અભ્યાસ માટે મોકલ્યો હતો.

દીકરાએ ૧૨ સાયન્સ બાદ યુપીએસસીના અભ્યાસ અંગે ઈચ્છા વ્યક્ત કરી હતી. આર્થિક પરિસ્થિતિ નબળી પણ અભ્યાસમાં હોશિયાર છે દીકરો એટલે ૧૬૦૦૦૦ ફી ભરીને મોકલ્યો હતો. જે હાલ લોકડાઉનમાં દિલ્હીમાં જ ફસાઈ ગયો છે. જેને ખાવાની ખૂબ જ તકલીફ છે. રુપિયા પણ પુરા ખવા આવ્યા છે. રમેશભાઈએ જણાવ્યું હતું કે, લોકડાઉન થયું તે પહેલા પત્ની ઈલા જામનગર નાકમાં મશાનું ઓપરેશન કરવામાં માટે ગયા હતા. ઓપરેશન પણ પેન્ડિંગ છે અને તે પણ ત્યાં ફસાઈ ગઈ છે. જ્યારે પુત્ર દિલ્હીમાં ફસાઈ ગયો છે.

હું અહીં ફસાઈ ગયો છે. બંનેને પરત લાવવા માટે ભાગદોડ કરી રહ્યો છું. પત્ની તો ગુજરાતમાં જ છે પણ દીકરો દિલ્હીમાં છે તેને પરત લાવવા માટે વધુ ભાગદોડ કરી રહ્યો છું. આજે આજે હું કલેકટર ને મળવા જવાનો છું કોઈ રસ્તો નીકળે તો સારું. રમેશભાઈએ વધુમાં જણાવ્યું હતું કે, પત્ની અને દીકરા સાથે એક મહિનાથી માત્ર ફોન પર વાત થઈ રહી છે. પુત્ર કહી રહ્યો છે કે, મહિના કાઢ્યો એ મારું મન જાણે છે. ૧૫ એપ્રિલની ફ્લાઇટની ટિકીટ બુક કરાવી હતી પણ લોકડાઉન લબાયું જતા અટવાયો છું. પત્ની પણ કહે છે કે, દીપમને લઈ આવો ગમે તે કરો.

વિજ્ઞાન પણ માને છે કે બાળકોનાં સારા વિકાસ માટે જરૂરી છે દાદા-દાદી

પણાં દાદા-દાદી સાથે આપણે વિતાવેલી ક્ષણો એ આપણા જીવનની સૌથી યાદગાર ક્ષણો હોય છે. બાળકના બાળપણને આનંદપ્રદ બનાવવામાં દાદા-માતા અથવા દાદી હોવી મોટી ભૂમિકા નિભાવે છે. જે બાળકો તેમના દાદા દાદી સાથે રહે છે તેમની સમજણ જુદી જુદી હોય છે અને એક વિશેષ પ્રકારની સંવેદનાઓ હોય છે. આવા બાળકો હંમેશા ખુશ, મિલનસાર અને વસ્તુઓ શેયર કરીને ઉપયોય કરવા વાળા હોય છે. તેઓમાં કુટુંબમાં રહેવાની અને તમામની ભાવનાઓને માન આપવાની વિશેષ કળા હોય છે.

પરંતુ આજે જેવી રીતે શહેર વિકસી રહ્યું છે અને આપણાં ઓરડાઓ નાના થતા જાય છે, તેમ તેમ લોકો એકલા થઈ રહ્યા છે. બધા પોતાના એક નાના કુટુંબમાં રહે છે, જેમાં દાદા-દાદી અથવા દાદા-દાદી મહેમાન બનીને રહી જાય છે. પરંતુ તમે જાણો છો કે વિજ્ઞાન અનુસાર – તમારે પોતાના બાળકોને તમારા માતા-પિતા સાથે જ રાખવા જોઈએ. વિજ્ઞાનનું માનવમાં આવે તો જે બાળકો તેમના દાદા-દાદી સાથે રહે છે તે એકલા રહેતા બાળકોથી તદન અલગ છે. આજે અમે તમને ૫ કારણો આપીશું કે શા માટે બાળકોએ તેમના દાદા-દાદી સાથે રહેવું મહત્વપૂર્ણ છે.

બાળકો ખુશ અને સલામત રહે છે

જોબ કરતાં માતા-પિતા અથવા વર્કિંગ પેરેંટ્સ માટે, તેમના માતાપિતા સાથે રહેવું તેમના બાળકોને ઉછેરવા માટે પર્યાપ્ત છે. તેમણે બાળકોના ઉછેર માટે કોઈ દાઈની જરૂરિયાત નથી રહેતી, કારણ કે તમારા માતા-પિતા તમારા બાળકોની સારી સંભાળ લઈ શકે છે. બાળકોને દાદા-દાદી માત્ર બાળકોના પાલન પોષમમાં જ મદદ નથી કરતાં, પરંતુ તે તમારા બાળકોને સુરક્ષા પણ પૂરી પાડે છે. આ સિવાય, આજના સમયમાં જ્યારે તમે કોઈને પણ તમારા બાળકોને એકલા છોડી શકતા નથી, આવી સ્થિતિમાં તમે પોતાના માતા-પિતા પર આંધળો વિશ્વાસ કરી શકો છો.

તેમના મુળ વિશે જાણકારી મેળવીને શીખે છે ઘણા ગુણ

જ્યારે બાળકો તેમના કૌટુંબિક ઈતિહાસ વિશે ઘણું જાણે છે અને તેમના દાદા-દાદીની ભાવનાત્મક બાબતો સમજે છે, તો આ પ્રકારના બાળકોમાં કોઈપણ વ્યક્તિ સાથે જોડાણની ભાવનાને પ્રબળતા મળે છે. બાળકો ફક્ત દાદા-દાદીની નજીક જ નથી આવતા, પરંતુ તેમનામા સ્નેહ, આદર અને સેવા જેવા માનવીય ગુણોનો પણ વિકાસ થાય છે. પરિણામે, બાળકો પરિસ્થિતી અનુસાર રહેવાનુ શીખી જાય છે. વળી, આવા બાળકો બુધ્ધિથી પણ તેજ હોય છે. તેઓ અન્ય કરતા હોંશિયાર અને પરિપક્વ દેખાય છે. આ એટલા માટે છે કારણ કે જ્યારે તેઓ તેમના કૌટુંબિક ઈતિહાસ અને મુશ્કેલીઓ વિશે જાણતા હોય છે, ત્યારે તેઓ મુશ્કેલીઓનો સામનો કરીને પણ તેમની લડાઈઓ કેવી રીતે લડવામાં આવે છે તે શીખે છે.

ભાવનાત્મક રીતે મજબૂત બનો

જ્યારે બાળકો તેમના દાદા દાદી સાથે ઘણો સમય વિતાવે છે, ત્યારે કોઈપણ ભાવનાત્મક અથવા વર્તણૂકીય સમસ્યાઓનો સામનો કેવી રીતે કરવો તે અંગે તેમને સારી સમજ હોય છે. આગળ ચાલીને આ વસ્તુઓ તેમને મોટા થઈને કોઈપણ પ્રકારના આઘાતનો સામનો કરવા માટે સક્ષમ બનાવે છે. ઓક્સફોર્ડ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલા અધ્યયનમાં બતાવવામાં આવ્યું છે કે દાદા-દાદી સાથે સંપર્કમાં રહેલા બાળકોને એકલતા, અસ્વસ્થતા અને હતાશા જેવી સમસ્યાઓ ઓછી આવે છે. તેઓ દરેક પરિસ્થિતિમાં જીવવાનું શીખી લે છે. તેઓ દરેક મુશ્કેલીને કેવી રીતે હલ કેવી રીતે કરવો તે જાણે છે.

નૈતિક ગુણ શીખે છે


મુખ્યત્વે, માતા-પિતાનું કાર્ય તેમના બાળકોમાં સારા મૂલ્યો અને નૈતિકતા રોપવાનું છે. તેમને સહાનુભૂતિ અને દયા શીખવો, જેમાં દાદા-દાદી આ બાબતમાં મોટી મદદ કરી શકે છે. દાદા-દાદી અથવા નાના-નાની આસ્થા, પ્રેમ અને પ્રારંભિક શિક્ષણના આધારસ્તંભ તરીકે સેવા આપે છે. તેઓ બાળકોને સારી વાર્તાઓ શીખવે છે અને જીવનમાં અમુક બાબતો કેમ મહત્વપૂર્ણ છે તે સમજાવે છે. દાદીની વાર્તાઓ બાળકોને જ્ઞાન આપે છે. આવી નૈતિક વાર્તાઓ આવા બાળકોના જીવન પર સારી અસર કરે છે. તમારું બાળક તેના દાદા દાદી પાસેથી થોડી શીખ, સંસ્કાર અને નૈતિકતા શીખીને એક સુંદર, સમજણ અને આદરણીય વ્યક્તિનાં રૂપમાં વિકસિત થાય છે.

તમારા માતાપિતા પણ ખુશ અને સ્વસ્થ રહેશે

માતા-પિતાને તમારા બાળકો સાથે રાખવું એ ફક્ત તમારા બાળકને ખુશ અને સ્વસ્થ નથી રાખતું, પરંતુ તે તમારા વૃદ્ધ માતા-પિતા માટે પણ સારું છે. તમારા માતા-પિતા તમારા બાળકો સાથે રહીને ખુશ રહે છે. તેમણે ક્યારેય પણ એકલાપણું લાગતું નથી, ન તો તે શૂન્યતા અનુભવે છે. વૃદ્ધાવસ્થા સાથે, માતા-પિતા હતાશા અને ભુલી જવાની બીમારીનો શિકાર બને છે. નોંધનીય બાબત એ છે કે આ તમામ રોગો એકલતા અને ખાલીપણાને કારણે થાય છે. આવી સ્થિતિમાં, તમારા માતા-પિતા તમારા બાળકો સાથે રહીને ખુશ અને સ્વસ્થ થઈ શકે છે.

સુરતમાં ૧૫ કિલો વજન ધરાવતું અને ૩ કલાકના બેટરી બેકઅપવાળું વેન્ટિલેટર તૈયાર

ફોટોન ટેકનોજી દ્વારા તૈયાર કરાયેલું ૩૫,૦૦૦ની કિંમતનું મશીન હોસ્પિટલમાં દાન કરાશે



સુરત

કોરોનોના દર્દીઓની સંખ્યા દેશમાં વધી રહી છે, ત્યારે શહેરની ફોટોન ટેકનોજી દ્વારા ૧૫ કિલો વજન ધરાવતું અને ૩ કલાકના બેટરી બેકઅપવાળું વેન્ટિલેટર તૈયાર કર્યું છે. જેનું ડાયમંડ એસોસિએશન ખાતે ડેમોસ્ટ્રેશન થયું હતું. ફોટોન ટેક્નોલોજીના હિતેશ વાછાણીએ જણાવ્યું હતું કે, અમારી કંપની ઈન્ડસ્ટ્રીયલ અને મેડિકલ ક્ષેત્રમાં વપરાતા સાધનો તૈયાર કરે છે. હાલના સમયે વેન્ટિલેટરની ખુબ જ જરૂર પ્રવર્તી નથી, પરંતુ અણધારી આવી પડેલી આ વિપદા હજુ વધુ વિકટ નહીં થાય તો તે સમયે તેની સામે બાથ ભીડવાના ઉદેશથી પોર્ટેબલ વેન્ટિલેટર તૈયાર કરવામાં આવ્યું છે.

હાલ અમે દિવસના ૫ વેન્ટિલેટર તૈયાર કરી શકીએ છીએ. મેડિકલ એપ્રુવલ પછી જરૂર પડે તો દિવસના ૨૦ પણ બનવી શકીશું. આ વેન્ટિલેટરની મેડિકલી ચકાસણી બાદ તેને ડાયમંડ એસોસિએશન સંચાલિત હોસ્પિટલમાં ફાળવણી કરવમાં આવશે. હિતેશભાઈએ વધુ ઉમેરતા જણાવ્યું હતું કે, આ વેન્ટિલેટર ૧૫ કિલો વજન ધરાવે છે. ૨૩૦ વોલ્ટથી ચાલનારું આ મશીન દર્દી જ્યાં હોય ત્યાં સરળતાથી તેની પાસે લઇ જઈ સારવાર પુરી પાડી શકાય છે. ૩ કલાકનું પાવર બેકઅપ હોવાની સાથે એમ્બ્યુલન્સના ચાર્જર પર પણ ચાલી શકે તેવી ક્ષમતા છે. હા કંપની તેના અપગ્રેડ વર્ઝન પર પણ કામ કરી રહી છે.

શરૂઆતી મશીનને ૩૫,૦૦૦ની નહીં નફો નહીં નુકસાનના ધોરણે વેચાણ કરવમાં આવશે. વધુમા, કંપની ઓટોમેટિક સેન્ટાઈઝર પેનલ તેમજ રેપિડ ટેસ્ટ કીટ બનવાના કાર્યમાં પણ જોતરાઈ છે. કંપની સાથે મોટાભાગે ડાયમંડ ક્ષેત્રના લોકો વધુ સાંકળયેલા છે. જેને જોતા કંપનીઓમાં મૂકી શકાય તેવી પેનલનું કામ પ્રગતિમાં છે. જયારે કીટ માટેના એન્ટિજન પર પણ કામ ચાલી રહ્યું છે.

રશિયાએ એક રાજ્ય અમેરિકાને વેચ્યુ હતુ આજે ભયંકર રીતે પસ્તાય છે..!!!

તમે દુનિયાના નકશા પર ઉત્તરી અમેરિકી મહાદ્વીપના ઉત્તર પશ્ચિમમાં સ્થિત અલાસ્કાને જરુર જોયું હશે. જે અમેરિકા દક્ષિણ અમેરિકાથી વધારે રશિયા પાસે દેખાય છે. આજે અમે આપને આ જ અલાસ્કા મામલે કંઈક અનોખી વાતો જણાવવા જઈ રહ્યા છે કે જે મામલે તમે કદાચ જ જાણતા હશો.

અલાસ્કા અમેરિકાનું ૪૯ મુ રાજ્ય છે. આપને જાણીને નવાઈ લાગશે કે અલાસ્કા પહેલા અમેરિકાનો ભાગ નહોતું પરંતુ તે રશિયાનો ભાગ હતું,આ બર્ફીલુ અને રશિયાથી દૂર હોવાના કારણે રશિયાએ આને અમેરિકાને વેચી દીધું.

આ વાત ૩૦ માર્ચ ૧૮૬૭ ની છે. ત્યારે રશિયન સામ્રાજ્યથી અલાસ્કા અમેરિકાને વેચી દેવામાં આવ્યું હતું. આના બદલે અમેરિકા પાસેથી ૪૫ કરોડ ૪૧ લાખ રુપિયા લેવામાં આવ્યા હતા. ત્યારબાદ વર્ષ ૧૯૫૯ માં અમેરિકાએ અલાસ્કાને પોતાનું ૪૯ મુ રાજ્ય જાહેર કરી દીધું હતું. અમેરિકાનો કબ્જો હોવાના કારણે દ્વિતીય વિશ્વયુદ્ધ દરમિયાન જાપાની સેનાએ અલાસ્કા પર પણ હુમલો કર્યો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર પર્લ હાર્બરથી વધારે અલાસ્કામાં અમેરિકી લોકોના મોત થયા હતા.

અલાસ્કા અમેરિકાના ૫૦ રાજ્યોમાં સૌથી મોટું રાજ્ય છે. અલાસ્કાના પૂર્વમાં કેનેડા, ઉત્તરમાં આર્કટિક મહાસાગર, દક્ષિણ-પશ્ચિમમાં પ્રશાંત મહાસાગર અને પશ્ચિમમાં રશિયા આવેલું છે. આ રાજ્યનું નામ અલાસ્કા રશિયન સામ્રાજ્યના સમયથી જ ઉપયોગ થતું આવી રહ્યું છે. અમેરિકાએ આને ખરીદ્યા બાદ પણ આનું નામ બદલ્યું નથી. અલાસ્કાનો અર્થ મુખ્ય ભૂમિ અથવા મહાન ભૂમિ એવો થાય છે. અલાસ્કામાં સ્થિત છે જોનઉ આઈસ ફીલ્ડને દુનિયાનો સાતમો સૌથી મોટો હિમ વિસ્તાર માનવામાં આવે છે.

આશરે ૧૫૦૦ વર્ગ કિલોમીટરના વિસ્તારમાં ફેલાયેલા આ વિસ્તારમાં વાર્ષિક ૧૦૦ ફૂટ જેટલી બરફવર્ષા થાય છે. વધારે ઉંચાઈ પર હોવાના કારણે ગરમીમાં પણ અહીંયા ઓછો બરફ પીગળએ છે. અલાસ્કાને વેચ્યાનો અફસોસ રશિયાને આજે પણ છે કારણ કે અલાસ્કા જો આજના સમયમાં રશિયા પાસે હોત તો તે આ જગ્યાને પોતાના પોર્ટ રુપે ઉપયોગમાં લઈ શકત. કારણ કે રશિયા પાસે કેનેડા, અમેરિકા અથવા પશ્ચિમી દેશોમાં જવા માટે કોઈ અન્ય સરળ રસ્તો નથી. જો અલાસ્કા આજે રશિયાનો ભાગ હોત તો તેને ખૂબ સરળતા રહેત.

લોકડાઉનની વચ્ચે રમઝાન મહિનાની શરૂઆત થઈ ચુકી છે અને...

રમઝાન : ઘરમાં પાંચ વખત નમાઝ



કોરોના વાયરસની અભૂતપૂર્વ સ્થિતીમાં આ વખતે લોકોના ચહેરા પર રૌનક ગાયબ છે : ઈતિહાસમાં કેટલીક ચીજો પ્રથમ વખત બનનાર છે

રમઝાનના મહિનાની એન્ટ્રી થવાની સાથે જ લોકોના ચહેરા પર એક પ્રકારની રૌનક આવી જાય છે. આ વખતે આ રૌનક ગાયબ થયેલી છે. ચાંદ દેખાતા પહેલા જ દર વર્ષે આની તૈયારી શરૂ કરી દેવામાં આવે છે. ખાવા પીવાની ખાસ ચીજોની ખરીદી કરવામાં આવે છે. આ વખતે આ તમામ ચીજો પણ બંધ છે. લોકડાઉનની વચ્ચે આ પ્રથમ રમઝાન માસ છે. આવી સ્થિતીમાં કેટલીક ચીજો પ્રથમ વખત બનનાર છે. મુસ્લિમ મોહલ્લાઓમાં આ વખતે રોનક અને ચહેલપહેલ જોવા મળનાર નથી. ઈફતાર પાર્ટીઓ યોજાશે નહીં. જો કે રમઝાનમાં તમામ લોકો ઘરમાં રહીને તમામ નિયમો પાળે તે જરૂરી છે. રોજા રાખવામાં કોઈ પરેશાની નથી. ઘરમાં પાંચ વખત નમાઝ અદા કરી શકે છે. ફેમિલીની સાથે સહરી અને ઈફતાર પાર્ટી પણ કરી શકાય છે. જકાત આપી શકાય છે. જરૂરિયાતવાળા લોકોની મદદ કરી શકાય છે. ફતેહપુરી મસ્જિદના શાહી ઈમામ ડોક્ટર મુફ્તી મોહમ્મદ મુકર્રમ કહે છે કે આ વખતે રમઝાન અલગ છે. લોકડાઉનને તમામ લોકો પાળે તે જરૂરી છે. સરકાર અને તબીબો જે કહી રહ્યા છે તે રીતે જ આગળ વધવાની જરૂર છે. તેઓ કહે છે કે કોઈ પણ કિંમતે અલ્લાહના શુક્ર અદા કરવાનો છે. આ બાબત યોગ્ય છે કે આ વખતે બહાર જઈ શકાશે નહીં પંરતુ અલ્લાહે તમને તક આપી છે કે આ રમઝાનમાં પોતાના ઘરમાં જ પરિવારની સાથે નમાજ અદા કરવામાં આવે. ઈફતાર અને સહરી કરવામાં આવે તે જરૂરી છે. તેમણે કહ્યુ છે કે એવા કેટલાક લોકો છે જે પરિવારની સાથે રહીને રોજા ખોલવા માટે તરસતા રહે છે. કોઈ દુકાન પર ટિફિન મંગાવે છે. તો કોઈ ફેક્ટરીમાં વ્યવસ્થા કરે છે. કોઈ ઓફિસમાં રોજા ખોલે છે. આ વખતે તક મળી છે કે પરિવારના લોકોની સાથે રહીને રોજા ખોલવાની છે. એટલી બાબત તો સ્પષ્ટ છે કે રમઝાનમાં જે ચીજોની જરૂર હોય છે તે ચીજો આ વખતે મળવી મુશ્કેલ છે. અથવા તો ઓછા પ્રમાણમાં મળનાર છે. જુની દિલ્હીમાં કલ્ચર પર માહિતી ધરાવનાર એડવોકેટ મસરુર સિદ્દીકી કહે છે કે સૌથી વધારે રમઝાનમાં ફુટનુ વેચાણ થાય છે. પરંતુ આ વખતે ફુટ ઓછા મળી રહ્યા છે. સાથે સાથે મોંઘા પણ મળી રહ્યા છે. આ ઉપરાંત આ વખતે જ્યારે તમે ફુટ પણ લઈને ઘરે પહોંચો ત્યારે ગરમ પાણીમાં સેનિટાઈઝ કરવાની જરૂર રહેશે. ત્યારબાદ પણ ડર તો રહેશે જ કારણ કે લગભગ રોજ ફુટ ખરીદવા માટે માર્કેટમાં તો જવુ જ પડશે. બીજી જરૂરી ચીજ છે ખજુર. હવે ખજુર અખાત દેશમાંથી આવે છે ત્યાં પણ કોરોનાનો આતંક છે. જેથી તેની પરેશાની રહેનાર છે. ત્રીજી ચીજ મીટ છે. આ વખતે મીટ અને ચિકન બંને ખુબ મુશ્કેલ છે. રમઝાન મહિનામાં લોકો એ સમય પર જ યોગ્ય રીતે જમે છે. આવી સ્થિતીમાં પ્રોટીનની કમી ન થાય તે માટે મીટ અથવા તો માંસને મહત્વ આપવામાં આવે છે. આવી અનેક ચીજોને લોકો મીસ કરશે પરંતુ મેનેજ તો કરવાની રહેશે જ. લોકો આ વખતે જુની દિલ્હીની રૌનકને પણ મીસ કરનાર છે. રમઝાનના ગાળા દરમિયાન જે ખાસ પ્રકારની ડીસ બને છે તેનો લાભ લેવા માટે દિલ્હી અને એનસીઆરમાં રહેતા લોકો દરેક વિસ્તારમાંથી પહોંચે છે. અહીંના કલ્ચરને સમજવાની બાબત પણ ઉપયોગી બની જાય છે. દર વર્ષે હજારો લોકો તો એવા હોય છે જે જુની દિલ્હીમાં પ્રથમ વખત મુસ્લિમ વિસ્તારમાં પહોંચે છે. જુની દિલ્હીના બજારોમાં રમઝાનના ગાળા દરમિયાન બનનાર ડિસેઝ જેમ કે કીમાના સમોસા, ખજલા, ફેની, કિમાના દહીવડા, સ્પેશિયલ હલીમ, તરબુજના શરબત જેવી ડિસોને જુની દિલ્હીના લોકોની સાથે સાથે અન્ય લોકો પણ ખુબ મિસ કરનાર છે. તમામ મુસ્લિમ દેશોમાં પણ હાલમાં સન્નાટો છે. કારણ કે કોરોના આતંક જારી છે. તમામ મોટા મુસ્લિમ દેશોમાં પણ ઘરમાં જ આ વખતે નમાજ અદા કરવામાં આવનાર છે. ઈન્ડોનેશિયામાં કોરોનાના ૭૪૧૮ કેસ થઈ ચુક્યા છે. જાકાર્તામાં કઠોર નિયમો લાગૂ કરવામાં આવ્યા છે. ઈન્ડોનેશિયામાં મોતનો આંકડો ૬૩૫ સુધી પહોંચ્યો છે. રમઝાનના ગાળા દરમિયાન સહકાર આપવા તમામ લોકોને અપીલ કરવામાં આવી છે. મુસ્લિમ વિશ્વમાં સરકારો અને લોકોની પ્રશંસાની સત્કાર ભાવના ઈસ્લામમાં જોઈ શકાય છે પરંતુ હાલમાં કોરોનાની સ્થિતિમાં લોકોને ઘરમાં રહીને જ ઉજવણી કરવાનો સમય છે.

મક્કા-મદીનામાં કડક નિયમો

સાઉદી અરેબિયામાં સત્તાવાળાઓ દ્વારા આ વખતે કોરોના વાયરસના ફેલાવાને રોકવા માટે બે સૌથી પવિત્ર મસ્જિદ મક્કા અને મદીનામાં શ્રદ્ધાળુઓના પ્રવેશ પર પ્રતિબંધ મુકી દીધો છે. અસામાન્ય સ્થિતી આ વખતે સર્જાયેલી છે. રમઝાનની શરૂઆત થઈ ચુકી છે ત્યારે મક્કાની ભવ્ય મસ્જિદના જનરલ પ્રમુખ માટેના પ્રવકતા દ્વારા નિવેદન જારી કરીને કહેવામાં આવ્યુ છે કે શ્રદ્ધાળુઓને દરરોજની પાંચ નમાજ અદા કરવા માટે કોઈને તક આપવામાં આવનાર નથી. બે પવિત્ર મસ્જિદની દિવાલની બહાર પણ કોઈને મંજુરી આપવામાં આવનાર નથી. કોરોના વાયરસના પરિણામ સ્વરુપે મક્કા મદીનાની બે મોટી મસ્જિદોમાં રમઝાનના મહિનામાં નમાઝ અદા કરવામાં આવશે નહીં. પોતાના ઘરમાં જ નમાઝ અદા કરવા માટેની સૂચના આપવામાં આવી છે. મહામારીની વચ્ચે મક્કા સ્થિત ગ્રાન્ડ મસ્જિદ અને મદીના સ્થિત કોફેટ મસ્જિદમાં રમઝાન દરમિયાન નમાઝ અદા કરવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. મક્કાની મસ્જિદ અલહરામ અને અલમસ્જિદ અલનબાબીમાં રમઝાન દરમિયાન લાઉડ સ્પીકર પર અજાન કરવામાં આવશે પરંતુ મસ્જિદોમાં પ્રવેશ કરવાની કોઈને મંજુરી આપવામાં આવશે નહીં. અત્રે નોંધનીય છે કે, આ પહેલા સાઉદી અરેબિયાએ ૧૯મી માર્ચથી જ દેશની મસ્જિદોમાં નમાઝ અદા કરવા પર પ્રતિબંધ મુકી દીધો છે. સાઉદી અરબના ગ્રાન્ડમુફ્તિ શેખ અબ્દુલઅઝીઝ બિનઅબ્દુલ્લા અલશેખે લોકોને અપીલ કરી છે કે, આ મહામારીના મુદ્દાને ધ્યાનમાં લઈને રમઝાનના પવિત્ર મહિનામાં પણ મસ્જિદોમાં નમાઝ અદા થશે નહીં. તારાવિહની નમાઝની સાથે સાથે ઈદની નમાઝને પણ ઘરે અદા કરવામાં આવશે. કોરોનાને રોકી શકાય તે હેતુસર આ નિર્ણય લેવામાં આવ્યો છે. મક્કા અને મદીનામાં આ વખતે મુસ્લિમ શ્રદ્ધાળુઓને મંજુરી આપવામાં આવનાર નથી તેવી જાહેરાત કરવામાં આવ્યા બાદ તરત જ મદિનામાં મસ્જિદની બહાર સાઉદી પોલીસ નજરે પડી રહી છે. વર્કરો દ્વારા સંકુલ તરફ દોરી જતા દરવાજાઓને બંધ કરી ચુક્યા છે. મસ્જિદ અન નબાવીના ગેટ બંધ કરી દેવામાં આવ્યા છે. કાબા નજીક નમાજ અદા કરવા પર પણ પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે. હાલના સમાહમાં સાઉદી સરકાર દ્વારા પણ કોરોનાને રોકવા માટે શ્રેણીબદ્ધ પગલા લીધા છે. સાઉદી અરેબિયા પ્રવાસ કરતા પહેલા શ્રદ્ધાળુઓને તેમની વીઝા અરજીમાં વેક્સીનાઈઝેશન માટે પ્રમાણપત્રની જરૂર રહેલી છે. કિંગડમ દ્વારા ઈન્ટરનેશનલ ફ્લાઈટ, આસપાસની કોલેજ અને યુનિવર્સિટી તેમજ સ્કુલોને બંધ કરી દીધી છે.

સુરતમાં એક મહિલાના મોત સાથે કોરોનાને કારણે કુલ મૃત્યુઆંક ૧૪ થયો

સુરત જિલ્લામાં પોઝિટિવ કેસનો આંક ૫૫૪ પર પહોંચ્યો

સુરત

સુરતમાં કોરોનાના કેસ દિવસે ને દિવસે વધી રહ્યા છે. નવા કેસ સામે આવતા અત્યાર સુધીમાં સુરત શહેર અને જિલ્લા મળી કુલ પોઝિટિવની સંખ્યા ૫૫૪ પર પહોંચી ગઈ છે. જ્યારે ગત રોજ જિલ્લામાં એક પણ કેસ ન નોંધાતા થોડી રાહત થઈ છે. આજે વધુ ૧ મહિલા દર્દીનું મોત નિપજતા કુલ મૃત્યુ આંક ૧૪ પર પહોંચ્યો છે. જ્યારે સુરત શહેર અને જિલ્લા મળી અત્યાર સુધીમાં ૧૭ લોકોને ડિસ્ચાર્જ આપી દેવામાં આવ્યું છે. દરમિયાન આજે સવારે ૬ વાગ્યાથી સુરત શહેરના પાંચ પોલીસ સ્ટેશન વિસ્તારમાં લાગુ કર્ફ્યુ ઉઠાવી લેવામાં આવ્યો છે. નાનપુરા વિસ્તારમાં રહેતા ૫૩ વર્ષીય સવિતાબેન વિજયકુમાર નાગરને ૨૧મીના રોજ દાખલ કરવામાં આવ્યા હતા. જેનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. તેમને ડાયાબિટીસ અને ડાયપરટેન્શનની તકલીફ હતી. જેનું સારવાર દરમિયાન વહેલી સવારે મોત નીપજ્યું હતું.

સુરતના આઇટી વિભાગની કચેરીમાં કામ કરતા વિજય વીરેન્દ્ર પ્રસાદ નામના કર્મચારીનો કોરોના રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે.વિજય ૩૧મી માર્ચ સુધી નોકરીએ ગયા હતા.વિજય ટેક્સ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવે છે અને પાલનપૂર પાટિયા વિસ્તારમાં રહે છે. સિવિલ હોસ્પિટલમાં દાખલ કોરોનાના શંકાસ્પદ દર્દીનું પણ મોત થયું હતું. જોકે તેમના મોત બાદ તેમનો રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો. મધુસૂદન બાબુભાઈ લંકાપતી(૬૪) છેલ્લા બે દિવસથી તાવ અને શ્વાસ લેવામાં તકલીફ અનુભવતા હતા. બુધવારે શંકાસ્પદ લક્ષણો જણાતા તેમના સેમ્પલ લઈ સિવિલમાં દાખલ કરાયા હતા. જ્યાં રિપોર્ટ આવે તે પહેલા જ બુધવારે રાત્રે તેમનું મોત નિપજ્યું હતું. જોકે ત્યાર બાદ તેમનો રિપોર્ટ નેગેટિવ આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

વેચવા માટે દાગીના નહીં આપતા પતિએ પત્નિને ઘરેથી કાઢી મૂકી

અભયમ મહિલા હેલ્પલાઈનની સમજાવટથી પતિને ભૂલ સમજાઈ

સુરત

મહિલાઓની સંકટ સમયની સાંકળ સાબિત થયેલી અભયમ હેલ્પલાઈનની ઉમદા કામગીરીનો વધુ એક કિસ્સો સુરતના ઉન ગામમાંથી પ્રકાશમાં આવ્યો છે. સુરતના ઉન ગામથી એક પરણિતાનો ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન પર કોલ આવ્યો કે, મારા પતિ મકાન ખરીદવા મારા સોનાના દાગીના વેચવા દબાણ કરે છે, જેનો મેં ઈન્કાર કરતાં મને ઘરમાંથી કાઢી મૂકી છે જેથી સહાય કરવા જણાવતા ઉમરા પોલિસ સ્ટેશન સ્થિત રેસ્ક્યુ વાન તાત્કાલિક દર્શાવેલા સ્થળે પહોંચી હતી. દંપતિનો આપસી મામલો હોવાથી મહિલા અને તેમના પતિને સમજાવી શાંત પાડવામાં સફળતા મળી હતી.

સમગ્ર ઘટનાક્રમ મુજબ ઉન ગામની ઉજાસ રેસિડેન્સીમાં ભાડેથી રહેતા મંજુલાબેનનું પિયર ભાવનગર છે. (નામ અને સ્થળ બદલ્યું છે) તેઓ સુરત પોતાના પતિ અને સાસુ સસરા સાથે રહે છે. તેમના પતિ નવું મકાન ખરીદવા માંગતા હોવાથી નાણાકીય વ્યવસ્થા કરી રહ્યા હતા. પરંતુ તેમની પાસે પૂરતી રકમ ના હોવાથી તેમના પત્નીને પિયર તરફથી મળેલા કરિયાવરના સોનાના દાગીના વેચવાનું દબાણ કરી રહ્યા હતા. પરંતુ મંજુલાબેને સ્પષ્ટ ઈન્કાર કરતાં ઘણા સમયથી બંને વચ્ચે ઝઘડા ચાલતા હતા. ગઈ કાલે આ જ મુદ્દે પતિ પત્ની વચ્ચે ઉગ્ર બોલાચાલી થતા પતિએ મંજુલાબેનને મારમારી તેમને ઘરમાંથી કાઢી મૂક્યા હતા. અને જણાવ્યું કે 'દાગીના આપવા હોય તો જ ઘરમાં આવજે'.

આથી મંજુલાબેને મદદ માટે અભયમ મહિલા હેલ્પલાઈનને કોલ કરી સમગ્ર વિગતો જણાવી. અભયમ ટીમે મંજુલાબેન અને તેમના પતિને શાંતિથી સમજાવ્યુ કે, દંપતિએ એકબીજાના પુરક અને અનુકૂળ થવું જોઈએ. એકબીજાના સુખદુઃખ અને પરિવાર તેમજ સમાજની મર્યાદાનો ખ્યાલ રાખવો જોઈએ. કરિયાવરમાં પત્નીને મળેલા દાગીના પર તેનો પોતાનો હક્ક છે, હક્ક છીનવી લેવા માટે દબાણ કરી શકાય નહીં. મકાન ખરીદવા માટે કરકસર કરી બચત કરવી જરૂરી છે. નાણાંની વ્યવસ્થા થાય ત્યારે જ મકાન ખરીદવું જોઈએ. આ ઉપરાંત તેમના માતા પિતા પાસેથી પણ મદદ મેળવી શકાય. ઘણી બેંકો અને ગૃહ ફાયનાન્સ કંપની પણ મકાન ખરીદવા માટે લોન આપે છે, તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. દાગીના વેચીને ઘર ખરીદવા કરતાં બચત અને બેંકલોનથી પણ મકાન લઈ શકાય છે એમ શાંતિથી સમજાવતા મંજુલાબેનના પતિને પોતાની ભૂલ સમજાઈ હતી, અને હવે પછી પત્નીને કોઈ હેરાનગતિ નહીં કરે તેની ખાત્રી આપી હતી. આમ, ઘી ના ઠામમાં ઘી પડી જતાં મામલો શાંત થયો હતો.

જાહેરનામા ભંગ બદલ સુરત પોલીસ દ્વારા વધુ ૨૪૮ આરોપીઓની અટક

સુરત શહેર પોલીસે ૧૦૫ વાહનો પણ જપ્ત કર્યા

સુરત

કોરોના વાયરસના કેસોને ધ્યાને લઈ શહેર પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત રીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

આજ રોજ જાહેરનામા ભંગના બદલ વિવિધ કલમો હેઠળ ૨૪૮ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાબાજી કરીને બહાર ફરતા ૧૦૫ લોકોના વાહનો જપ્ત કરવામાં આવ્યા છે. ડ્રોન કેમેરાની મદદથી ૦૯ તથા સી.સી.ટીવી કેમેરા દ્વારા ૦૯ ગુનાઓ નોંધવામાં આવ્યા છે. નોંધનીય છે કે, લોકડાઉન દરમિયાન સુરત શહેર પોલીસ દ્વારા કુલ ૧૨,૦૩૮ આરોપીઓની જુદા જુદા ગુનાઓમાં ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાઓ બનાવીને ફરતા ૧૩,૧૩૭ જેટલા લોકોના વાહનો ડીટેઈન કરવામાં આવ્યા છે. સુરત શહેરમાં કેટલાક વિસ્તારોમાં વાઈરસના સંક્રમણ અને પોઝીટીવ કેસોની સંખ્યાને ધ્યાને લઈને સલાબતપુરા, મહિધરપુરા, લાલગેટ, અઠવાલાઈન્સ પોલિસ સ્ટેશનના સમગ્ર વિસ્તાર તથા લિંબાયત પોલિસ સ્ટેશનની કમરૂનગર પોલીસ ચોકીના સમગ્ર વિસ્તારમાં કર્ફ્યુ અમલી છે, ત્યારે શહેરીજનોએ ઘરથી બહાર ન નીકળી કર્ફ્યુનું પાલન કરી કોરોના સંક્રમણને અટકાવવામાં મદદરૂપ બનવાનો અને લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે શહેરીજનોને સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ સૂરત શહેર પોલિસ દ્વારા કરવામાં આવી રહી છે.

સુરતમાં દસ દિવસ ક્વોરન્ટીન રહ્યા બાદ ફરજ પર હાજર થયા એમ્બ્યુલન્સ ડ્રાઈવર



સુરત

લોખાત હોસ્પિટલમાં એમ્બ્યુલન્સ ડ્રાઈવર તરીકેની ફરજ બજાવતા ૪૫ વર્ષીય કાસીમ દસ દિવસ સુધી હોમ ક્વોરન્ટીનમાં રહ્યા બાદ ફરી ડ્યૂટી પર આવી ગયા છે. એક સાથી કર્મીનો ટેસ્ટ પોઝિટિવ આવ્યા બાદ તેમને હોમ ક્વોરન્ટીન કરાયા હતા. હાલ તેઓ હોસ્પિટલમાં ડાયાલિસિસના સ્ટાફ, ટેકનિકલ સ્ટાફ અને મેડિકલ સ્ટોર્સમાં કામ કરતાં કર્મીઓને ઘરેથી હોસ્પિટલ લેવા-મૂકવાની જવાબદારી નિભાવી રહ્યા છે.

કાસીમ કહે છે કે, તેઓ કોરોન્ટાઈનથી બહાર આવ્યા બાદ ઘરે ગયા અને બીજા દિવસે ડ્યૂટી પર જઈ રહ્યા હતા. ત્યારે ઘરના સભ્યોએ આરામ કરવાનું કહ્યું તો કાસીમે કહ્યુ કે, દસ દિવસ આરામ કરીને તો આવ્યો છું, હાલ હોસ્પિટલના સ્ટાફને મારી જરૂર છે, કેમકે અનેક લોકો રિક્ષા વગેરેમાં હોસ્પિટલ આવે છે અને હાલ બધુ બંધ છે.

કાસીમ કહે છે કે ૧૦ એપ્રિલના રોજ તેઓ કોરોન્ટાઈન થયા હતા, આ અગાઉ હોસ્પિટલમાં સંતોષ નામના સ્ટાફનો પોઝિટિવ રિપોર્ટ આવતા તેને હોસ્ટિલમાં દાખલ કરાયો હતો. ત્યારબાદ તેની સાથેના વિનોદનો ટેસ્ટ કરાયો હતો. તેને સિવિલ લઈ જવાયો હતો, જો કે રાત્રે તેને સિવિલ સ્ટાફે ઘરે જવા કહ્યું હતુ, પરંતુ અચાનક જ મોડી રાત્રે તેને ફરી સિવિલ લઈ જવાયો હતો. તેનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જ્યાં તંત્રને માલુમ પડ્યું હતું કે, વિનોદને હું સિવિલ લઈ ગયો હતો એટલે મને પણ ક્વોરન્ટીન કરી દેવાયો હતો. મારો રિપોર્ટ આવે એ અગાઉ હું ગભરાયો જરૂર હતો. પરંતુ નેગેટિવ રિપોર્ટ આવતા હાશકારો થયો હતો.

બિહાર વિકાસ પરિષદે પીએમ કેર ફંડમાં રૂ. ૧,૧૦૦નું દાન કર્યું

આફતના સમયે માનવીય સેવા કાર્ય યથાવત

સુરત

કોરોના વાયરસની મહામારીની સામે લડવા માટે આર્થિક સહાય ગત તારીખ ૨૧ના રોજ બિહાર વિકાસ પરિષદ દ્વારા આરટીજીએશના માધ્યમથી ૧૦૧૦૦ રૂપિયાનું યોગદાન આપવામાં આવ્યું છે. બિહાર વિકાસ વરિષદનો કાર્યકારી સદસ્ય તેમજ આજીવન સદસ્ય દ્વારા તેમનું યોગદાન બિહાર વિકાસ પરિષદને અને તેના દ્વારા ભુખ્યા જનોને ભોજન તેમજ રાશન આપવામાં આવે છે. પ્રધાનમંત્રીની પીએમ કેયર્સ ફંડમાં સહાય આપી આ કાર્યમાં પરિષદના ટીમ લીડર ધર્મેશ સિંહ સત્યેન્દ્ર કુમાર, દેવેન્દ્ર સિંહ, મુન્ના સિંહ, મનોજ સિંહ તેમજ લાલુ પાંડે સહિત કાર્યકર્તાઓનું પરિષદ દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યા સાથે સાથે પરિષદના મુખ્ય સહયોગી અશોક કેજરીવાલ , સિવિલ હોસ્પિટલના ડોકટર ઓમકાર ચોધરી, રાજેન્દ્ર ઉપાધ્યાય નગર સેવિકા રીતા ઉપાધ્યાય દેવેન્દ્ર ઉપાધ્યાય રંજીત શર્મા આ તમામ લોકો દ્વારા પરિષદના કાર્યને સતત વધારવાના પ્રયત્નો થઈ રહ્યા છે. પરિષદના દ્વારા સમાજના તમામ લોકોને સામાજીક કાર્યમાં મદદ કરવાની અપીલ કરવામાં આવી છે.

જામજોધપુરના ગઢકડામાં જૂની અદાવતમાં સરપંચના ભાઈની હત્યા, ફરિયાદ

જામનગર

જામજોધપુરના ગઢકડા ગામે લોકડાઉનમાં જૂની અદાવતમાં સરપંચના ભાઈ પર હુમલો કરવામાં આવ્યો હતો. જેને સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન મોત નીપજ્યું છે.ચૂંટણીનું મનદુઃખ અને જમીન મામલે હુમલો થયો હોવાનું પોલીસ ફરિયાદમાં જણાવવામાં આવ્યું છે. જેમા



મુશ્તાક ઓસમાણ સફિયા નામના યુવકનું મોત થયું છે. અન્ય એક શખ્સ હાલ જામનગરની જીજી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યો છે. પોલીસે ટોળા સામે ફરિયાદ નોંધી છે તમામ આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

કડોદરામાં હુમલા અંગે છ લોકોની ધરપકડ

સુરત

કડોદરાના સત્યમનગર સોસાયટીમાં ગઈ કાલે ખુલ્લી તલવારોની સાથે પરિવારો પર હુમલો તથા તોડફોડની ઘનટામાં પોલીસે ૬ આરોપીઓની ધરપકડ કર્યા બાદ મુખ્ય આરોપી ભરતની શોધ ખોળ આદરી છે.

કડોદરાના સત્યમનગરમાં રહેતા રેખા સિંગ અર્જુન સિંગ સહિત અન્ય પરિવાર ઉપર ગઈ કાલે તા. ૨૨મી ના રોજ અસામાજિક તત્વો સાથે ભરત મિશ્રાએ ખુલ્લી તલવારની સાથે હુમલો કરી પરિવારના સભ્યોને ગંભીર ઈજાગ્રસ્ત કરવાની સાથે સોસાયટીમાં મકાનો તેમજ ઘોડા ગાડીની તોડફોડ કરી હાઉ ઉભો કરીને આતંક મચાવ્યો હતો. આ ઘટનામાં કડોદરા પોલીસે ઘટનાના ૬ આરોપીઓની ધરપકડ કરી લીધી છે. જ્યારે ફરાર મુખ્ય આરોપી ભરતને પકડી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

કોરોનાના સંકટ: સુરતમાં ૧૦૧ રાશનધારકો અચોક્કસ મુદતની હડતાળ પર, ગરીબો અટવાયા

સુરત

સુરતમાં કોરોનાના ફફડાટ વચ્ચે રેશનિંગની દુકાનો બંધ રહેતા નોટિસ મોકલવામાં આવી છે. સસ્તા અનાજની દુકાનદારો સલામતીને પ્રાથમિકતા આપીને અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરી ગયા છે. જેથી ૧૦૧ દુકાનદારોને નોટિસ ફટકારવામાં આવી છે. તેમજ દુકાનદારો પાસેથી ખુલાસો પણ માંગવામાં આવ્યો છે. આવામાં લોકડાઉનના પગલે ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોની હાલત કફોડી બની છે. લોકડાઉનમાં મજૂરોની અને ગરીબ વર્ગના લોકોની હાલત કફોડી બની હતી. આ કારણે સરકારે તેઓ માટે મફત અનાજ વિતરણની જાહેરાત કરી હતી. જ્યાં સરકાર દ્વારા અનાજ વિતરણની પ્રક્રિયા શરૂ કરાઈ હતી.



એ ન . એ ફ . એ સ . એ એપીએલ-૧ તેમજ અન્ય બ્રહ્મા યોજના અને બીપીએલ કાર્ડ ધારકોને વિનામૂલ્યે અનાજ વિતરણ શરૂ કરાયું હતું. પરંતુ આવામાં દુકાનદારો, તોલાદ અને ડિલિવરી કરનાર કોન્ટ્રાક્ટર પણ કોરોનાના ઝપેટમાં આવી જતા તેઓમાં રોષ જોવા મળ્યો છે. જેને કારણે તેઓએ બાદમાં હડતાલ પર જવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. સુરતમાં ઘણા દુકાનદારોએ દુકાનો બંધ રાખીને અનાજ વિતરણ નહીં કરતા ગ્રાહકોની ફરિયાદો ઉઠી હતી. જે તપાસમાં ચોક બજારની ૫૫ નાનપુરાની ૪૫ અને કતારગામની એક મળી કુલ ૧૦૧ સરકારી સસ્તા અનાજની દુકાન બંધ રહી હતી. તમામને મામલતદારે આવશ્યક ચીજવસ્તુ ધારા હેઠળ નોટિસ ફટકારી ખુલાસો માગ્યો છે. લોકડાઉન વચ્ચે આજે સુરતમાં ફરી સોશિયલ ડિસ્ટન્સિંગનો અભાવ જોવા મળ્યો હતો.

વેડરોડ વિસ્તાર પર હક્કારોની સંખ્યામાં લોકો રાશન લેવા ભેગા થયા હતા. સોશિયલ ડિસ્ટન્સ તથા કેટલાક લોકો માસ્ક વગર પણ ફરતા જોવા મળ્યા હતા. ઉલ્લેખનીય છે કે, સુરતમાં આજે કોરોના પોઝિટિવ મહિલાનું મોત નિપજ્યું છે. ૫૩ વર્ષીય સવિતાબેન નાગરનું મોત થયું છે. ૨૨મી એપ્રિલે સવિતાબેનનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જેના બાદ નવી સિવિલમાં તેમની સારવાર ચાલી રહી હતી. "હું" ની ગાઈડલાઈન મુજબ તેમની અંતિમવિધિ કરાઈ. હવે સુરત શહેરમાં કોરોનાથી મૃત્યુઆંક વધીને ૧૪ થયો છે.

સુરતના સ્લમ વિસ્તારોમાં ૧૯ જેટલા ફિવર કલીનિક સંપૂર્ણ પણે કાર્યરત

સુરત શહેરમાં ૯૧,૭૨૮ સ્થળોએ ડિસઈન્ફેકશનની કામગીરી

સુરત

સુરત મહાનગર પાલિકાના મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ ગઈ કાલે તા.૨૩મી એપ્રિલના રોજ કોરોના બાબતે અદ્યતન વિગતો આપતાં જણાવ્યું હતું કે, શહેરમાં કોરોનાના કુલ પોઝિટીવ ૧૪ દર્દીઓ સ્વસ્થ થયા હોવાથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યાં છે, જયારે ૧૩ દર્દીના મૃત્યુ નોંધાયા છે. પોઝિટીવ કેસો પૈકી સુરતના લિંબાયત ઝોનમાંથી સૌથી વધુ ૧૭૮ કેસો નોંધાયા છે. રાંદેર સહિત કર્ફ્યુગ્રસ્ત વિસ્તારમાં છેલ્લાં ૨૪ કલાકમાં એક પણ પોઝિટીવ કેસ નોંધાયો નથી. અમરોલી સહિત કુલ ૧૪ જેટલા ક્લસ્ટર અને હોટસ્પોટ વિસ્તારમાં એક્ટિવ અને પેસિવ સર્વેલન્સ દ્વારા સઘન ચકાસણી પ્રક્રિયા કરવામાં આવી રહી છે. સમરસ હોસ્ટેલને કોવિડ કેર સેન્ટર બનાવવામાં આવ્યું છે.

મ્યુ. કમિશનરશ્રી વધુમાં જણાવ્યું કે, વરાછા અને કતારગામ વિસ્તારની જાગૃત્ત મહિલાઓ ડોલ/બાલ્ટી લઈને શાકભાજી ખરીદવા જઈ રહી છે, જે સરાહનાને પાત્ર છે. આ પ્રયોગ કોરોનાના સીધા સંક્રમણથી બચાવે છે. શહેરમાં આજે ધાર્મિક સ્થળો, એ.પી.એમ.સી. બેંકો, સરકારી કચેરીઓ સહિત મેડિકલ સેન્ટરો, ડેરીઓ અને આવશ્યક વસ્તુઓની દુકાનો જેવા મહત્વના સ્થળો સહિત કુલ ૫૦૬૫ સ્થળોએ ડિસઈન્ફેક્શનની કામગીરી કરવામાં આવી છે. આજ સુધી શહેરમાં ૯૧,૭૨૮ સ્થળોએ ડિસઈન્ફેક્શનની કામગીરી કરાઈ છે. સ્લમ વિસ્તારમાં ૧૯ જેટલાં ફિવર ક્લિનિક શરૂ છે.

શ્રી પાનીએ કહ્યું કે, દુકાનોમાં સેનિટાઈઝરની વ્યવસ્થા ન કરનાર દુકાનદારોને રૂ.૧,૪૪,૩૦૦ નો દંડ કરવામાં આવ્યો છે. આજે શહેરના શ્રમિક ગરીબ વર્ગના ૭.૯૫ લાખથી વધુ લોકોને ફૂડ પેકેટની સામાજિક સંસ્થાઓના સહયોગથી વ્યવસ્થા કરવામાં આવી છે. સુરતની તમામ સામાજિક સંસ્થાઓ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે શહેરીજનોને લોકડાઉન તેમજ કર્ફ્યુનું પાલન કરવાં તેમજ જરૂરી કામ વિના ઘરથી બહાર ન નીકળવા, માસ્ક અચૂક પહેરવા અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા તેમજ લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગની અપેક્ષા વ્યક્ત કરી હતી.

નોંધનીય છે કે, સુરત જિલ્લામાં ૧૬ પોઝિટીવ કેસો નોંધાયા છે. સુરત શહેર અને જિલ્લાના કુલ મળીને ૪૫૪ કેસો નોંધાયા છે.

એસઆરઆઈસીટી કોલેજમાં સતત પાંચમાં વર્ષ ૧૦૦ ટકા પ્લેસમેન્ટ

વર્ષ ૨૦૧૯માં ૬૧૦ વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ

સુરત

શ્રોફ એસ. આર. રોટરી ઈન્સ્ટીટ્યુટ ઓફ કેમિકલ ટેક્નોલોજી (SRICT) કોલેજ વર્ષ ૨૦૧૧ મા શરુ થઈ હતી. શરૂઆતથી જ સંસ્થાના સંચાલન મંડળના સભ્યો, અધ્યાપકગણ અને દ્વારા વિધાર્થીઓને ૧૦૦ ટકા પ્લેસમેન્ટ મળે તે માટે નિયમિત રીતે ઉધોગો સાથે વાર્તાલાપ, ઉધોગોની મુલાકાત, વિવિધ સેમીનાર તથા વર્કશોપનું આયોજન કરાતું હતું. જેથી સંસ્થાને ૨૦૧૫,૨૦૧૬,૨૦૧૭, ૨૦૧૮ અને ૨૦૧૯ એમ સતત પાંચમાં વર્ષે પણ SRICTને ૧૦૦ % પ્લેસમેન્ટ કરાવવામાં સફળતા મળી છે. કોલેજમાં વર્ષ ૨૦૧૫, ૨૦૧૬, ૨૦૧૭, ૨૦૧૮ અને ૨૦૧૯માં કેમિકલ એજીનીયરીંગ, કેમિકલ ટેકનોલોજી, એન્વાયરમેન્ટ સાયન્સ & ટેકનોલોજી, મીકેનીકલ એજીનીયરીંગ અને ઈલેક્ટ્રીકલ એજીનીયરીગમાં પ્રવેશ મેળવનાર અને પ્લેસમેન્ટ માટે eligible દરેક વિધાર્થીને કોલેજ દ્વારા રાજયમાં અને રાજયની બહારના પ્લેસમેન્ટ અપાવવામાં સફળતા મળેલ છે. વર્ષ ૨૦૧૯માં કોલેજ દ્વારા ૧૭૩ વિધાર્થીઓને ૩૪ જેટલી કંપનીઓમાં પ્લેસમેન્ટ અપાવેલ છે જયારે કોલેજ દ્વારા વર્ષ ૨૦૧૭ મા ૧૯૫ અને ૨૦૧૮ મા ૧૬૬ વિધાર્થીને પ્લેસમેન્ટ અપાવવામાં સફળતા મળી હતી. જયારે કોલેજ દ્વારા વર્ષ ૨૦૧૬ અને ૨૦૧૫ મા ૩૪૧ વિધાર્થીને પ્લેસમેન્ટ અપાવવામાં સફળતા મળી હતી . આમ અત્યાર સુધી કોલેજ દ્વારા પાંચ વર્ષમાં (૨૦૧૫,૨૦૧૬, ૨૦૧૭, ૨૦૧૮ અને ૨૦૧૯) ૬૧૦ થી વધુ વિધાર્થીઓનુ ઉધોગોમાં પ્લેસમેન્ટ અપાવી એક અનોખી સિદ્ધી હાસિલ કરી છે .

ભદામની મહિલાનો પોઝીટીવ રિપોર્ટ આવ્યા બાદ રાજપીપળા શાકમાર્કેટ વિસ્તારમાં આરોગ્યનું સર્વે : પાંચ વ્યક્તિઓના રેપીડ ટેસ્ટ કરાયા



ભદામ ગામની કોરોના પોઝિટિવ મહિલા રાજપીપળા શાકમાર્કેટ અને બેન્ક ઓફ બરોડામાં આવી હોવાની વાત જાણવા મળી છતાં બેંક કર્મીઓ અને શાક માર્કેટ ના રિપોર્ટ નેગેટિવ આવતા અનેક સવાલ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લામાં લોકડાઉન ના પ્રથમ તબક્કા માં એકપણ કેસ આવ્યો ન હતો ત્યારબાદ લોકડાઉન ના બીજા તબક્કા માં શરૂઆત માંજ ત્રણ દિવસ માંજ ૧૧ કોરોના પોઝિટિવ કેસ મળી આવ્યા હતા બાદ ૫ દિવસ ના વિરામ બાદ ૨૩ એપ્રિલે સવારે આવેલ છ જેટલા રિપોર્ટ માંથી પાંચ નેગેટિવ આવ્યા હતા અને એક નાંદોદ તાલુકાના ભદામ ગામની મહિલાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા આરોગ્ય વિભાગમાં દોડધામ મચી હતી.

આરોગ્ય વિભાગ દ્વારા જણાવ્યા મુજબ આ મહિલાની કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી જાણવા મળી ન હતી અને કોઈ અન્ય શહેર માંથી તેમના ઘરે કોઈ આવ્યું હોય તેવું પણ જાણવા મળ્યું ન હતું પરંતુ ભદામ ગામની કોરોના પોઝિટિવ મહિલાએ રાજપીપળા શાકમાર્કેટ અને બેન્ક ઓફ બરોડામાં આવી હોવાનું સામે આવ્યું હતું ત્યારબાદ આરોગ્ય વિભાગ દ્વારા આ મહિલા ને કોરોના નું સંક્રમણ ક્યાંથી લાગ્યું તે શોધવા માટે શાકમાર્કેટ વિસ્તારનો સર્વે હાથ ધરાયો હતો જોકે આ સંદર્ભે આરોગ્ય વિભાગ સતર્કતા થી કામ કરી રહ્યું છે રાજપીપળા ની બેન્ક ઓફ બરોડામાં કામ કરતા ૭ જેટલા કર્મચારીઓ ના પણ સેમ્પલ લેવાયા હતા ઉપરાંત આજે સવારે શાકમાર્કેટ વિસ્તારનો સર્વે હાથ ધરી જરૂર જણાતા પાંચ વ્યક્તિઓ ના રેપીડ ટેસ્ટ કરાયા હતા આ તમામ ના ટેસ્ટ નેગેટીવ આવ્યા છે ઉપરાંત બેન્ક ઓફ બરોડા ના કર્મચારીઓ ના સેમ્પલ લેવામાં આવ્યા હતા એ તમામ નેગેટિવ આવ્યા હોવાનું આરોગ્ય વિભાગ દ્વારા જાણવા મળ્યું છે.ત્યારે આરોગ્ય વિભાગ દ્વારા ભદામ ગામની આ મહિલા ને સંક્રમણ ક્યાંથી લાગ્યું તે દિશામાં તપાસ કરી રહ્યું છે.

અત્રે એ ઉલ્લેખનિય છે કે કેટલાક કિસ્સાઓમાં લોકો બહારગામથી આવ્યા હોય છે પરંતુ કાયદાના ડરે આવી બાબત તે છુપાવતા હોય છે ત્યારે જો ભદામ ની કોરોના પોઝીટીવ મહિલા ના કિસ્સામાં પણ આમ બન્યું હોય તો તે ગંભીર બાબત કહી શકાય સાથે જિલ્લા વહીવટી તંત્રની વ્યવસ્થા ઉપર પણ ઘણા સવાલો ઉભા થઈ શકે છે.

કોરોના હાઉ વચ્ચે જરૂરી એવું માસ્ક પણ સોસીયલ મીડિયા માં મજાક બની ચૂક્યું છે..?!



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલ કોરોના કહેર વચ્ચે સમગ્ર વિશ્વ ચિંતિત છે ત્યારે લોકો નવા કપડાં સાથે મેચિંગ માસ્ક બનાવવા પાછળ ઘેલા બન્યા હોવાના રસપ્રદ ફોટા સોસીયલ મીડિયા માં વાયરલ થતા લોકો માટે કોરોના વાયરસ માં જરૂરી એવું માસ્ક પણ જાણે મજાક બની રહ્યું છે.ત્યારે કેટલાક લોકોને મતે જ્યારે સદંતર લોકડાઉન હળવું થશે ત્યારે આ મજાક પણ હકીકત બને તેમ દરજીઓ પાસે કે રેડીમેડ કપડાં સાથે મેચિંગ માસ્ક ની બોલબાલા શરૂ થાય એ વાત આપણા ભારત દેશ માટે સાચી સાબિત થઈ શકે તેમાં કોઈ બેમત નથી.

લોકડાઉનમાં વાવડી ગામથી જુગાર રમતા ત્રણ જુગારીયા ઓને ઝડપી પાડતી એલ.સી.બી.નર્મદા: અન્ય ચાર ફરાર



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલ કોરોના વાયરસ ના કારણે રાજ્ય વ્યાપી લોકડાઉન ચાલી રહ્યુ છે ત્યારે હિમકર સિંહ,પોલીસ અધિક્ષક, નર્મદાનાઓએ નર્મદા જીલ્લામાં લોકડાઉનના સખ્ત પાલનની સુચના તેમજ માર્ગદર્શન અનુસંધાને એ. એમ. પટેલ પોલીસ ઇન્સ્પેક્ટર એલ.સી.બી.ના સુપર વિઝન હેઠળ સી. એમ. ગામીત, પો. સ. ઈ. એલ. સી. બી.ને બાતમી મળેતા વાવડી ખાતેની નવી વસાહતમાં કેટલાંક વ્યક્તિઓ જુગાર રમેં છે તેથી આ બાતમી ના આધારે એલ.સી.બી.ટીમે વાવડી ગામ ખાતે રેઇડ કરતાં આરોપી (૧)ભરતભાઇ ચતુરભાઇ વસાવા(૨) રણજીતભાઇ શનુ ભાઇ માછી બંન્ને રહે. વાવડી તા.નાંદોદ (૩) રમેશભાઇ ચુનીલાલ ચીકલીગર, રહે.નવાપરા ભટ્ટ શેરી, રાજપીપળા ને જુગાર રમતા ઝડપી પાડી તથા રવિભાઇ કંચનભાઇ પ્રજાપતિ,અશોક ઉર્ફે ગપોલી,અમિત કંચન પ્રજાપતિ, કંચનભાઇ પ્રજાપતિ તમામ રહે.વાવડી જુગારની રેઇડ દરમ્યાન નાસી ગયા હોય પકડાયેલ ઇસમોની અંગઝડતી તથા દાવ પરના મળી રોકડા રૂ.૧૦,૩૨૦/- તથા મોબાઇલ નંગ-૨ કિ.રૂ.૮,૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ. ૧૮,૩૨૦/-ના મુદ્દા માલ સાથે અટક કરી આગળની કાયદેસરની કાર્યવાહી કરવા માટે રાજપીપળા પોલીસ સ્ટેશન માં ગુનો રજીસ્ટર કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

લોકડાઉન દરમિયાન નર્મદા પોલીસ દ્વારા ડ્રોન તેમજ સર્વેલન્સ વડે દેશી દારૂની ભઠ્ઠીઓ પર પણ તવાઈ



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલ કોરોનાને લઈ દેશ માં લોકડાઉન ચાલી રહ્યું છે ત્યારે ગુજરાત રાજ્ય માં પણ લોકડાઉનનો અમલ કરાવવા પોલીસ કડક બની છે રાજ્યમાં દેશી વિદેશી દારૂની પ્રવૃત્તિ કરનાર તેમજ લોકડાઉનમાં જાહેરનામાનો ભંગ કરતા વ્યક્તિઓ ઉપર વધુમાં વધુ કેસ કરવા નર્મદા જિલ્લા પોલીસ વડા હિમકર સિંહ ની સૂચના હેઠળ જિલ્લામાં પ્રોહિ.ની પ્રવૃત્તિ કરતા વ્યક્તિઓનું ડ્રોન સર્વેલન્સ દ્વારા વોચ રાખી કેસો કરવા જણાવતાં નર્મદા જિલ્લા એલસીબી દ્વારા ડ્રોન સર્વેલન્સ ની મદદથી ભદામ, નવાગામ,રામગઢ ખાતે દેશી દારૂની ભઠ્ઠી ના કેસ કરવામાં આવ્યા છે તેમજ સુંદરપુરા ગામે તાળી નો કેસ કરી કુલ ત્રણ કેસોના લોકો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

તદુપરાંત કમાન્ડ કંટ્રોલ રૂમ ખાતે ના સીસીટીવી સર્વેલન્સ ઓટોમેટીક નંબર પ્લેટ રેકોગનાઈઝેશનના આધારે રાજપીપળા માં વડીયા જકાતનાકા ખાતે એક ઈસમ વારંવાર બિનજરૂરી અવરજવર કરતો હોય જેને શોધી કાઢી જાહેરનામાના ભંગ બદલ કાર્યવાહી કરવામાં આવી છે ઉપરાંત રાજપીપળા પોલીસ સ્ટેશન વિસ્તારના સંતોષ ચાર રસ્તા, રાજેન્દ્રનગર સોસાયટી વિસ્તારના ખાનગી સીસીટીવી કેમેરા દ્વારા લોકડાઉન માં બિનજરૂરી ફરતા લોકો સામે જાહેરનામા ભંગ બદલ કેસ કરવામાં આવ્યા છે.આમ નર્મદા એલસીબી ટિમ દ્વારા લોકડાઉન સંદર્ભે ચાંપતી નજર રખાઈ રહી છે.

સુરતના પાંચ પોલીસ મથકમાંથી કરફ્યુ નાબુદ : લોકડાઉન યથાવત

કરફ્યુ નાબાદ થયા બાદ લોકડાઉનનો કડક અમલ અત્યંત આવશ્યક

સુરત

શહેરના મહિધરપુરા, અઠવા, ચોક, સલાબતપુરા અને કમરૂનગર પોલીસ ચોકી (લીંબાયત)માંથી આજથી કરફ્યુ ઉઠાવી લેવામાં આવ્યો હતો. જોકે, સમગ્ર સુરત શહેરમાં તા.૩જ મે સુધી લોકડાઉનનો કડક અમલ ચાલુ છે. આ કરફ્યુગ્રસ્ત વિસ્તારમાંથી કરફ્યુ ઉઠાવી લેવામાં આવતા નિર્ધારીત સમયે જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ ખરીદવા માટે લોકો બહાર નીકળ્યા હતા. આ વિસ્તારોમાં કોરોના વાયરસના વધુ દર્દીઓ મળી આવતા નાછુટકે કરફ્યુ લાદવો પડ્યો હતો. પરંતુ આ વિસ્તારમાંથી કોરોનાગ્રસ્ત દર્દીઓ ઓછા થતા કરફ્યુ ઉઠાવી લેવામાં આવ્યો હતો.

સુરત પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ આ વિસ્તારોમાં કરફ્યુ એટલા માટે લાદવામાં આવ્યો હતો કે, આ વિસ્તારના લોકો લોકડાઉનનું પાલન કરતા ન હતા. તેમજ ખરીદી વખતે સોશ્યલ ડિસ્ટન્સિંગ જાળવતા ન હતા. જેથી આ વિસ્તારમાં કોરોના વાયરસના દર્દીઓ થોકબંધ મળી આવતા કરફ્યુ લાદવામાં આવ્યો હતો. જોકે, પરિસ્થિતિ થોડેઅંશે થાળે પડતા કરફ્યુ હટાવી લેવામાં આવ્યો છે. લોકડાઉન દરમિયાન નિયમોનું પાલન નહીં કરવામાં આવશે તો ફરીથી કરફ્યુ લાદવામાં આવી શકે તેમ છે. જેથી લોકોએ સ્વયંભૂ લોકડાઉનનું કડક પાલન કરવું પડશે.

દક્ષિણ-પશ્ચિમ દિશાથી તેજ પવન ફુંકાતા તાપમાનમાં આશિંક ઘટાડો

સુરત

એપ્રિલ મહિનાના છેલ્લા સપ્તાહ દરમ્યાન પણ શહેરમાં આજે અચાનક દરિયાઇ ભેજવાળો પવન ફુંકાવાની શાંતિ શહેરીજનોને ઉનાળાની કાળ ઝાલ ગરમીથી હંગામી રાહત મળી છે.

સુરત હવામાન વિભાગના સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગત રોજ શહેરનું અધિકતમ તાપમાન ૩૭.૬ ડિગ્રી નોંધાયુ હતું. આજે સવારે શહેરનું ન્યુનતમ તાપમાન ૨૭૦૩ ડિગ્રી નોંધાયુ છે. હવામાં ભેજનું પ્રમાણ ૭૨ ટકા અને હવાનું દબાણ ૧૦૦૯ મિલીબાર નોંધાયુ છે. શહેરમાં સવારથીજ દક્ષિણ-પશ્ચિમ દિશાથી કલાકના ૫ કિલોમીટરની સરેરાશથી પવન ફુંકાઇ રહ્યો છે. દરિયાઇ ભેજવાળો પવનના લીધે શહેરમાં ગરમીથી હંગામી રાહત અનુભવાઇ રહી છે.

નવસારી હવામાન વિભાગના સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર ગત રોજ અધિકતમ તાપમાન ૩૭.૭ ડિગ્રી નોંધાયુ છે. આજે સવારે ન્યુનતમ તાપમાન ૨૫.૨ ડિગ્રી નોંધાયુ છે. હવામાન વિભાગના સુત્રોએ વધુમાં જણાવ્યું છે કે આજે સવારથી દક્ષિણ ગુજરાતમાં પવનની દિશા બદલાઈ છે. દરિયાણ ભેજવાળા પવનના લીધે ગત રોજની સરખામણીએ આજે તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રી ઘટાડો થાય તેવી શકયતા છે.

સુરતમાં લિંબાયત, ઉધના સહીતના કુલ ૧૭ વિસ્તારો ક્લસ્ટર જાહેર



સુરત

લિંબાયત ઝોનમાં વધુ ૨.૪૭ લાખ લોકો અને ઉધનાના ભેસ્તાનના ૫૦૦ તથા વરાછા ઝોન-એના ૨૨૭૬ લોકો મળી વધુ ૨.૫૦ લાખ લોકોને ફરજિયાત ક્વોરન્ટીનમાં રહેવા પાલિકા કમિશનરે જાહેરનામુ પ્રસિદ્ધ કરી આદેશ ક્યો છે. તેથી શહેરમાં કુલ ૧૭ વિસ્તારો ક્લસ્ટર જાહેર થયાં છે.

વરાછા-એ ઝોનના ધરતીનગર સોસાયટી ફુલપાડાની આજુબાજુના વિસ્તારમાં આવેલી શક્તિનગર-૧ થી ૬૫, શિવનગર-૧ થી ૧૨૨ અને સોમનાથ સોસાયટી ૧ થી ૨૮માં આવેલા ૫૬૦ ઘરમાં રહેતાં ૨૨૭૬ લોકો છે. ઉધનાના ભેસ્તાન એચ-૧૫ આવાસના એ-૪૨ થી એ-૪૪ અને એ-૪૯ થી એ-૫૧ માં આવેલા ૯૬ ઘરમાં રહેતા ૫૦૦ લોકો. તથા લિંબાયત ઝોનના ડીંડોલી માં આવેલા ૨૫,૫૮૧ ઘરોમાં રહેતાં ૧,૨૪,૯૧૦ લોકો અને સાથેના ગોડાદરામાં આવેલા ૨૪,૮૭૯ ઘરમાં રહેતાં ૧,૨૨,૧૫૪ લોકોને ક્લસ્ટર તરીકે જાહેર કરી ફરજિયાત ક્વોરન્ટીન રહેવા આદેશ કરાયો છે.

દિલ્હી લોકડાઉનમાં ફસાયા એક વાલી સહીત ગુજરાતના ૧૦ વિદ્યાર્થીઓ, મદદની કરી અપીલ

કોરોનાથી બચી જઈશું તો ભૂખમરો મારી નાખશે: ફસાયેલા વિદ્યાર્થીની વ્યથા

સુરત

લોકડાઉનને લઈને ગુજરાતના ૧૦ વિદ્યાર્થી અને એક વાલી સહિત ૧૧ દિલ્હીમાં ફસાઈ ગયા છે. વિદ્યાર્થીઓને ખાવાની ખૂબ તકલીફ અને રૂપિયા પણ ખતમ થવા આવતા મદદની પુકાર લગાવી છે. વિદ્યાર્થીઓએ પીએમ મોદીને અપીલ કરી છે કે, દિલ્હીથી ગુજરાત જતી કોઈ પણ ટીમ સાથે અમને ગુજરાત મોકલી આપો અમે પરિવાર સાથે રહેવા માગીએ છીએ અમારી માનસિક સ્થિતિ પણ બગડી રહી હોય એમ લાગે છે. ઘરમાં બંધ રહીને કોરોના વાઈરસથી બચી જઈશું પણ ચોક્કસ મોંઘવારી સાથેનો ભૂખમારો અમને મારી નાખશે.

સુરતના વરાછા વિસ્તારમાં આવેલા મહારાણા પ્રતાપ ઉધિયાન સામે ગાર્ડન ગેટ એપાર્ટમેન્ટમાં રહેતા દીપમ રમેશભાઈ નકુમ (ઉ.વ.૨૩) રહે છે. છેલ્લા ૯ મહિનાથી દિલ્હીમાં યુપીએસસીનો અભ્યાસ કરી રહ્યો છે. લોકડાઉનના કારણે કરોલ બાગ લક્ષ્મીનગર ઈસ્ટ દિલ્હીમાં ફસાઈ ગયો છે. દીપમે વધુમાં ઉમેર્યું હતું કે, મારી સાથે નવસારીના ૨ વિદ્યાર્થીઓ છે. એક વિદ્યાર્થીના પિતા પણ દીકરી ને લેવા આવ્યા હતા અને લોકડાઉનમાં ફસાઈ ગયા છે. એટલું જ નહીં પણ જૂનાગઢ, ભાવનગર, અમદાવાદ સહિતના આખા ગુજરાતના વિદ્યાર્થીઓ દિલ્હીના જુદાજુદા વિસ્તારોમાં ફસાઈ ગયા છે.

વલસાડ પોલીસના પરિવારને વિવિધ સંસ્થાઓ દ્વારા અમુલ પ્રો પાવડરનું વિતરણ



વલસાડ

વાપીમાં કોરોના મહામારીના સમયે લોકડાઉનમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓ, પત્રકારો માટે વાપીમાં લઘુઉદ્યોગ ભારતી સંઘની સંસ્થા શ્રી ગુરૂજી સ્મૃતિ સેવાસમિતિ અને ઔદ્યોગિક એકમોની મદદથી ૨૫૦૦ અમુલ પ્રો વિટામિન પાવડરનું વિતરણ કરાયું હતું. સતત ફિલ્ડમાં રહેતા આ સાચા વોરિયર્સની અને તેમના પરિવારના સ્વાસ્થ્યની કામના કરી હતી. જિલ્લાના ૨૫૦૦ પોલીસ કર્મચારીઓ માટે આ પહેલા અન્ય ઔદ્યોગિક સંસ્થાઓ દ્વારા ૧.૭૫ લાખ જેટલી વિટામિનની ટેબલેટ પણ પૂરી પાડવામાં આવી છે.

આ પ્રસંગે લઘુ ઉદ્યોગ ભારતીના શરદ ઠક્કરે વિગતો આપી હતી કે, હાલમાં દેશમાં જે કોરોનાની મહામારી ચાલી રહી છે. તેમાં પોલીસ સ્ટાફે સતત શહેરોમાં વિવિધ સ્થળો પર પોતાની ફરજ બજાવવી પડે છે. આવા સમયે તેમનું સ્વાસ્થ્ય જળવાય રહે તે માટે વાપીના અન્ય ઉદ્યોગો પાસે સહાય માંગી હતી. જેમાં વાપીની વાઈટલ લેબોરેટરીઝ, ભગેરીયા ડાયકેમ, સંધ્યા ગ્રુપ, હેરંબા કેમિકલ, મેગાફાઈન ફાર્મા, મંગલમ ફાર્મા સહિતના એકમોના ઉદ્યોગપતિઓ આગળ આવ્યા અને તેમના સહયોગથી આ અમુલ પ્રો વિટામીન અને પ્રોટીન પાવડરનુ વિતરણ વલસાડ જિલ્લા પોલીસકર્મીઓ તથા પત્રકાર મિત્રો માટે કરવામાં આવ્યું છે. એક મહિનાથી અવિરત પડી રહેલી ગરમી વચ્ચે પણ કોરોના મહામારી અને લોકડાઉનની કપરી ફરજ પોલીસકર્મીઓ નિભાવી રહ્યા છે.

જેઓ માટે સમયનું કોઈ બંધન નથી અને પરિવારથી પણ દૂર રહી ફરજ નિભાવી રહ્યા છે.આવા સમયે વાપી જીઆઈડીસીના પોલીસ ઈન્સ્પેક્ટર એન. કે. કામળિયાએ જણાવ્યું હતું કે, અન્ય કેટલીક સંસ્થાઓ